gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ભાગ-૧૧




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

# ‘સન્ડે ઈ–મહેફીલ’

## ઈ–બુક

ભાગ–011

‘સ.મ.’ ક્રમાંક 251 થી 275

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરૂ થયેલી ‘સુ–વાચનયાત્રા’–‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ નામે ‘વાચનયાત્રા’ શરૂ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે ‘કલાપી’ અને પછીથી ‘વીજયા’ નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ ‘શ્રુતી’ આવતાં જ અમે તે વાપરવા શરૂ કર્યા. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ ‘સ.મ.’, આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : “તમારી આ ‘સ.મ.’, એ મારા ઘરનું ‘અખંડ આનંદ’ છે.” આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

‘સ.મ.’ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની ‘૧૫૫–એ’ની ‘વીદાય–સલામ’ નામક ‘સ.મ’માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની ‘કાવ્ય–ગઝલ’ની અત્યાર સુધીની બધી ‘સ.મ.’ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી ‘સ.મ.’નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. ‘સ.મ.’ પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે ‘સ.મ.’ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘વીદાય–સલામ’ 155-1 : 18-05-2008). આ ‘સ.મ.’ વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક ‘સ.મ.’માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘We salute your 'FEELINGS' for 'SeM'’ 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી ‘સ.મ.’ ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી 'સ.મ.'માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટેક્નૉલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર 'સ.મ.'ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો'કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી 'સ.મ.' મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર 'સ.મ.'ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ ની:સ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને 'લેક્સીકોન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી 'ઈ–બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો ‘ઈ–શબ્દસાગર’ સમો ‘ગુજરાતીલેક્સીકોન’ (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે ‘ઈ–બુક’ને આઈ–પેંડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જેક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટેક્નોલોજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધક્કો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013




# અનુક્રમણીકા

## ‘સન્ડે ઈ–મહેફીલ’ – 11



| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 251 | ધીરજકાકા | કનૈયાલાલ મુનશી | 26-08-2012 | 11 |
| 252 | મને અમેરીકા ગમે છે – કેમ ? | કાન્તી મેપાણી (અમેરીકા) | 09-09-2012 | 19 |
| 253 | ગઝલ | ગૌરાંગ ઠાકર | 23-09-2012 | 27 |
| 254 | અટૅક (વાર્તા) | દીનેશ પાંચાલ | 07-10-2012 | 36 |
| 255 | વીધુરની વેદના | ડૉ. કેશુભાઈ દેસાઈ | 21-10-2012 | 46 |
| 256 | ગઝલ | પ્રવીણ શાહ | 04-11-2012 | 54 |
| 257 | સમાજને સમરસ કરવા | જગદીશ શાહ | 18-11-2012 | 62 |
| 258 | સ્મીત (વાર્તા) | જનક નાયક | 02-12-2012 | 69 |
| 259 | ગઝલ | ભગવતીકુમાર શર્મા | 16-12-2012 | 79 |
| 260 | ન્યારું શીરામણ | અરુણા જાડેજા | 30-12-2012 | 89 |
| 261 | આવ ભાઈ હરખા (વાર્તા) | આશા વીરેન્દ્ર | 13-01-2013 | 97 |
| 262 | ગઝલ | મરીઝ | 27-01-2013 | 103 |
| 263 | ડોસાડોસી કે દાદાદાદી ? | ડૉ. ગુણવંત શાહ | 10-02-2013 | 115 |
| 264 | આપણે સમાજને શું આપ્યું? | ડૉ. શશીકાંત શાહ | 24-02-2013 | 122 |
| 265 | ગઝલ | કૃષ્ણ દવે | 10-03-2013 | 130 |

| | | | | |
|---|---|---|---|---|
| 266 | પુર્વ અને પશ્ચીમ | રેખા સીંધલ (અમેરીકા) | 24-03-2013 | 143 |
| 267 | વતનની માટી (વાર્તા) | આશા વીરેન્દ્ર | 07-04-2013 | 156 |
| 268 | ગઝલ | લક્ષ્મી ડોબરીયા | 21-04-2013 | 162 |
| 269 | ગુણુની બા (માતૃવંદના) | ડૉ. ગુણવંત શાહ | 05-05-2013 | 173 |
| 270 | શું મમ્મા, તમે પણ...! (વાર્તા) | વર્ષા અડાલજા | 19-05-2013 | 190 |
| 271 | ગઝલ | અશોક જાની 'આનંદ' | 02-06-2013 | 202 |
| 272 | જીવનસંધ્યાનું સ્વાગત | મીરાં ભટ્ટ | 16-06-2013 | 215 |
| 273 | ડૉક્ટરની ડાયરી | ડૉ શરદ ઠાકર | 30-06-2013 | 223 |
| 274 | ગઝલ | ડૉ. દીલીપ મોદી | 14-07-2013 | 233 |
| 275 | ચારુબાની ચીંતાનું નીવારણ | રઘુવીર ચૌધરી | 28-07-2013 | 243 |



વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના 'ક્રમાંક' પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે 'અનુક્રમણીકા' પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

251 : 26-08-2012

# ધીરજકાકા

–કનૈયાલાલ મુનશી

અનુક્રમણીકા

ધીરજરામ પુરાણી – ગુજરાત સમસ્તના ધીરજકાકા, દેશભક્ત છોટુભાઈ બાલકૃષ્ણ પુરાણીના કાકા. બાપાજીના પણ એ મીત્ર થાય. 'ધીરજકાકા' ઘરમાં આવે કે ઘર ઉંઘતું હોય ત્યાંથી જાગે.

"માકુભાઈ! એ રાવસાહેબ! આવું કે?" – એટલું ખડકીમાં પેસતાં બોલતા અને બાપાજી બારીએ નીકળે એટલે એ નવેણમાં પેસી જતા. "તાપીભાભી! આજે હું જમવાનો છું. અરે, પણ પેલો કનુભાઈ ક્યાં ગયો?" કહી મને ઉંચકે અને ભેટે. મને એ ગમે નહીં; એટલે વધારે જોરથી ભેટે. "જો દીકરા, કવીતા શીખવું : જે વાંચે ચોપડી તે ચોપડી ચોપડી ખાય – તારા બાપની માફક ને. 'જે ન વાંચે ચોપડી તે બેપડી કરમાં સહાય' – મારી માફક, સમજ્યો? ચોપડી ચોપડી ખાય એટલે – જો તાપીભાભી બનાવે તે, રોટલી અને બેપડી એટલે ઘંટી."

એટલે દાદર ઉપરથી બાપા બુમ પાડે :"ધીરજકાકા, જોજો, છોકરાને કંઈ નઠારું શીખવતા!" કાકાની જીભે બીભત્સ વાત જરાજરામાં આવતી.

“અરે માકુભાઈ! જીભને તે હાડકું હોય? જે આવે તે ખરું. ને હું નહીં તો કોઈ એને શીખવ્યા વગર રહેવાનું છે?”

“ધીરજકાકા! એવું શું બોલો છો?” મારી બા કહે.

એટલે એ વાત ફેરવે “ચાલ દોસ્ત, શીખવું, બોલ – ”

“સૌથી મોટાં અન્નપાણી, કહે છે ધીરજકાકા વાણી.”

જ્યારે એ આવે ત્યારે આવી કવીતાના બે બોલ શીખવીને જાય. એવી ઘણી ઘણી કવીતા એ કરતા અને મીત્રોને ગાઈ સંભળાવતા.

ધીરજકાકા જેવો મશ્કરો મેં ગુજરાતમાં જોયો નથી. એમની મશ્કરીઓ કોઈએ સંગ્રહી નથી એ અફસોસની વાત છે. એક–બે વાત મને યાદ રહી છે તે અહીં નોંધું.

• •
•

મારા જન્મ પહેલાં એ ભરુચના સુપરીન્ટેન્ડન્ટના કારકુન હતા. એક દહાડો ધીરજકાકાથી, આપણી જુની રીત પ્રમાણે પાટલીનો છેડો ઘુંટણ ઉપર લેવાઈ ગયો. સાહેબે શીખામણ દીધીઃ

‘ડેખો ઢીરજકાકા! ઐસે ઢોટી લેના બેશર્મ હય. હમારા લોગ ઉસકું નંગા કહેતા હય.”

“બોત ખુબ, સાહેબ!” ધીરજકાકાએ નીચા નમી કબુલાત આપી ને રજા લીધી.

બીજે દહાડે સવારે સાહેબ ડીસ્ટ્રીક્ટમાં જવાને તૈયાર થયા.

‘‘ઘોડા લાઓ.’’

‘‘જી હજુર.’’ ઘોડાવાળાએ કહ્યું; પણ ઘોડો આવ્યો નહીં. સાહેબ ઉકળ્યા : ‘‘અડે – ગધ્ધા – સુવર! ઘોડા લાઓ.’’

ઘોડાવાળો ધ્રુજતો આવ્યો : ‘હજુર, ધીરજકાકા ઉસકી માપણી કર રહે હૈ.’

‘માપણી? ક્યા બકતા હૈ?’ અધીરા સાહેબ દોડતા તબેલામાં ગયા. ધીરજકાકા અને બીજો એક માણસ ગજથી ઘોડાનાં અંગો માપી રહ્યા હતા.

‘‘ધીરજકાકા! યુ.......ક્યા કરટા હૈ? પાગલ હો ગયા?’’

‘‘અરે ના રે ખુદાવંદ! બરાબર કાળજું ઠેકાણે છે .’’

‘‘ ટો ક્યા કરટા હૈ?’’

‘‘આપનો હુકમ માથા પર ઉઠાવું છું.’’ ઠંડે કલેજે ધીરજકાકાએ કહ્યું.

‘‘હુકમ! ક્યા બકટા હૈ?’’

‘‘જી, હા, હજુર, આપે જ કહ્યું હતું કે ઘુંટણ દેખાય એ તો નાગો–બેશર્મ; સાહેબ, આ સા... નફ્ફટ, બેશર્મ ઘોડો ચારે ઘુંટણ ઉઘાડા રાખીને ઉભો રહે છે તેથી હું દરજીને બોલાવી લાવ્યો છું. એને માટે પાટલુન કરાવવું છે.’’

સાહેબે પછી શું કર્યું તે કોઈ કહેતું નહીં.

• • •

બીજી મજાકની વાત પણ મેં સાંભળી છે. ધીરજકાકાની ઓફીસમાં એક કારકુન હતો; છબીલ કહીશું તો ચાલશે. છબીલના કાકાનો કાજગરો છોકરો મગન કાચી વયે મરી ગયો તેથી તેને અમદાવાદ કાણે જવાનું થયું. પણ તેને ન આવડે કાણે જતાં કે ન આવડે આશ્વાસન દેતાં; એટલે ધીરજકાકાની મદદ માગી.

ધીરજકાકા તૈયાર હતા; પણ કંઈ એમ ને એમ જાય? ‘‘બે રુપીયા આપે તો તારી સાથે આવું ને તારી કાણ પાર ઉતારું.’’ એમણે કહ્યું.

છબીલ ગભરાટીયો હતો; બે રુપીયા આપી ધીરજકાકાને સાથે લઈ ગયો.

પરોઢીયે ચાર વાગ્યે ગાડી અમદાવાદ પહોંચી અને જ્યારે બન્ને જ્યાં જવાનું હતું ત્યાં પહોંચ્યા ત્યારે ચારે પાસનાં ફળીયાં ધીરજકાકાના બુલંદ અવાજથી ગાજી રહ્યાં. : ‘‘ઓ મારા મગન રે, ઓ મારા મગનીયા રે!’’

લોકો આંખો ચોળતા ઉઠ્યા : કોણ આવ્યું? મગનના બાપભાઈઓ વહેલા વહેલા ધોતીયાં ઓઢી ઓટલે આવ્યા. ઘરની ને પડોશની સ્ત્રીઓ જેમતેમ એકઠી મળી છેડો વાળવા બેઠી.

છબીલ અને ધીરજકાકા પાસે આવ્યા : ‘‘ઓ મારા મગન રે!

બાપભાઈઓએ પ્રતીશબ્દ કર્યો : ‘‘ઓ મારા મગનીયા રે.’’

બૈરાંઓએ સુર પુર્યો : ‘‘અરે ભાઈ! તને મરવા નહોતો ધાર્યો હું હું હું હું..’’

પછી છબીલ અને ધીરજકાકા બાપભાઈઓ પાસે બેઠા અને રડવા લાગ્યા. શીષ્ટાચાર પ્રમાણે નવા આવનાર પહેલાં પોતે છાના રહે અને બાપભાઈઓને છાના રાખે; પછી અંદરનાં બૈરાં રડતાં રહે. પણ ધીરજકાકાને બે રુપીયાની કીમ્મતનો મગનવીરહનો આઘાત લાગેલો એટલે હૃદયભેદક અવાજે આંસુ ને ધ્રુસકાં સાથે ‘ઓ મારા મગનીયા રે’ની પરમ્પરા તેમણે પોકાર્યે રાખી. પાંચ મીનીટની દસ મીનીટ થઈ, પંદર થઈ; ન ધીરજકાકા છાના રહે, ન બાપભાઈઓથી છાના રહેવાય, ન બૈરાંઓથી રહેવાય. ધીરજકાકા તો માથું પકડી છાતીફાટ રડ્યે જ જાય ; ‘‘ઓ મારા આ આ મગનીયા આ–આ રે એ એ..’’

આખરે બાપભાઈઓ રડીરડીને થાક્યા ને છબીલને ધીમેથી કહ્યું, ‘‘અરે પેલાને કહે કે છાના રહે.’’

છબીલે બે પોક વચ્ચે કાકાના કાનમાં કહ્યું, ‘‘હવે છાના રહો.’’

ધીરજકાકાને છાતીફાટ રડવાનો જુસ્સો આવ્યો : ‘‘ઓ મારા મગનીયા રે…’’

ફરી બાપે કહ્યું : ફરી છબીલે કહ્યું, આખરે ધીરજકાકાએ ગગનભેદી ‘ઓ મારા મગન રે’ અને વચ્ચે છબીલને રડવાને જ રાગે ‘રડવાના પૈસા આલ્યા છે; છાના રહેવાના નહીં’, એટલું ધીમેથી કહ્યું ને પછી મોટેથી ફરી આગળ ચાલુ રાખ્યું : ‘‘ઓ મારા મગન રે!’’

આખરે નાછુટકે છબીલે સોદો કર્યો; છાનામાના બે રુપીયા લુગડાની સોડમાંથી ધીરજકાકાને આપ્યા, છાના રહેવાની ફી! ત્યારે ધીરજકાકાનો આઘાત શમ્યો. આંસુ સુકાયાં, ‘મગનીયા’ની પોક અટકી અને કાણ વીખરાઈ.

• • •

… ત્રણ મીત્રો ડાકોરમાં ભેગા થયા. સરકાર, કૃષ્ણમુખરામકાકા અને ધીરજકાકા. અમે પણ હતા.

‘‘અધુભાઈ, રોજ બપોરે સુઈ શાના જાઓ છો? કૃષ્ણમુખરામકાકાએ કહ્યું.

‘‘મને બપોરે સુતા વીના નહીં ચાલે.’’ અધુભાઈકાકાએ કહ્યું.

‘‘વારુ, ભાઈ! અમારાથી ના કહેવાય? સુઓ સુઓ સુઓ, અધુભાઈ સરકાર નહીં સુશે તો બીજું કોણ સુશે?’’ ધીરજકાકાએ જવાબ આપ્યો.

અધુભાઈકાકા સુઈ ગયા, નીરાંતે. અડધો કલાક થયો ને છાપરાનું નળીયું ખસ્યું અને પાણીની ધારા મચ્છરદાની પર થઈ ઉંઘતા સરકારનો અભીષેક કરી રહી.

તે જાગ્યા : “કોદર! મોરાર! કોણ સ... છાપરા પર છે? પકડો, પકડો!” અને પાણીથી તરબોળ સરકાર ફલંગ મારતા બહાર દોડી આવ્યા.

છાપરા પર મુકેલી નીસરણી પરથી બે પ્રતીષ્ઠીત વૃદ્ધોને કછોટો મારી, હાથમાં ખાલી ઘડો લઈ ઉતરી આવતા મેં જોયા. ધીરજકાકા કહેતા હતા, “સુઓ અધુભાઈ, સુઓ! અમારાથી ના કહેવાય? સરકાર નહીં સુશે તો કોણ સુશે?”

અધુભાઈકાકા ક્રોધમાં કાંપતા હતા અને એમના મીત્રો ખડખડ હસતા હતા. આ પ્રસંગે મને ઘણી મોજ પડી હતી, એવું ઝાંખુ સ્મરણ છે.

• • •

ધીરજકાકાને મન જીવન એક મોટી મજાક હતી; એમાંથી તોફાન ને હાસ્યના અનેક રંગો એ કાઢતા ને બધાને તેનો પાસ લગાડતા. ન્યાતીલા નહીં છતાં એ ટેકરાનું અંગ હતા. અને એમનું નીખાલસ દીલ, આનંદી સ્વભાવ અને રમુજી ટુચકા વીના ક્યાંય સુધી ટેકરાનું વાતાવરણ સુનું સુનું લાગતું.

–ક. મા. મુનશી

ક. મા. મુનશીની આત્મકથા 'અડધે રસ્તે'માંથી સાભાર..

ભરુચમાં તા. ૩૦/૧૨/૧૯૮૭ના દીને જન્મેલા અને તા. ૮/૨/૧૯૭૧ના દીને અવસાન પામેલા કનૈયાલાલ માણેકલાલ મુનશી એક સફળ રાજપુરુષ તો ખરા જ; પણ તેમની યાદ તો ગુજરાતી ભાષાના એક સીમાસ્થંભરુપ સાહીત્ય સ્વામી તરીકે ગુજરાતીઓનાં દીલમાં અમર છે. એમણે ત્રણ ભાગમાં પોતાની સંસ્મરણાત્મક આત્મકથા આપી છે :

'અડધે રસ્તે', 'સીધાં ચઢાણ' અને 'સ્વપ્નસીદ્ધીની શોધમાં'

@@@

252 : 09-09-2012

# મને અમેરીકા ગમે છે – કેમ?

–કાન્તી મેપાણી

અનુક્રમણીકા

આપણે આપણાથી સાવ બીજે છેડે, ઉલટી બાજુએ આવેલા અમેરીકા જઈએ છીએ. અમેરીકામાં ઈન્ડીયનોની વધી રહેલી વસતીના આંકડા જોઈને એમ લાગે છે કે આપણને અમેરીકાનું ઘેલું લાગ્યું છે. ત્યાનું અર્થતંત્ર ખાડે ગયું છે, ત્યાંના નાગરીકો નોકરી ગુમાવતા જાય છે. બેકારીનો આંક રોજ રોજ ઉંચો જઈ રહ્યો છે એનાથી ગભરાઈને પણ કોઈ અમેરીકા જવાનું માંડી વાળવા તૈયાર નથી. અને આ હકીકત અમેરીકા આવવા ઈચ્છતા યુરોપીયનો, એશીયનો, આરબો અને આફ્રીકનોને પણ લાગુ પડે છે.

અમેરીકાનું આટલું બધું આકર્ષણ શા માટે? શું ત્યાં છે જે અહીં નથી?

ત્યાં ચોખ્ખાઈ છે, વ્યવસ્થા છે, વસતી ઓછી–આછી છે. પાણીને વીજળીનો પુરતો પુરવઠો છે. સહુને પોસાય એ ભાવે ખાવાપીવાની ચીજો મળી રહે છે. રોટી, કપડાં અને મકાન જેવી જીવનની પ્રાથમીક જરુરીયાતોથી કોઈ કરતાં કોઈ ત્યાં વંચીત રહેતું નથી.

રોજેરોજનાં કામકાજ પાર પાડવામાં સામાન્ય નાગરીકને જે હાલાકીઓ ભારતમાં વેઠવી પડે છે એનું કારણ શું છે?

આપણા ભણેલા–ગણેલાને સારી અને ઉંચા પગારની નોકરી મળે છે એની ના નહીં; પણ કેટલા જણને?

આપણાં શહેર, જીલ્લા, તાલુકાનાં મથકો વસતીથી અને ગંદકીથી ખદબદે છે. શા માટે એનો કોઈ ઈલાજ કરતું નથી? બધાય એકબીજા પર દોષનો ટોપલો ઢોળવામાં પડ્યા છે.

આજે(૨૦૧૦માં) ડૉલરનો ભાવ સુડતાળીસ (૨૦૧૨માં પંચાવન)રુપીયાની આસપાસ રહે છે, એ રળવા માટે ઈન્ડીયનો અમેરીકા જાય છે? અને એક વખત ત્યાં જાય છે તો કાયમને માટે ત્યાં રહી જાય છે! કેમ એનાં કારણો કોઈ શોધતું નથી? શા માટે આપણે આપણા દેશમાં એવી પરીસ્થીતી સર્જી શક્યા નથી કે જેને લીધે લોકો પોતાનું વતન છોડીને અમેરીકા જઈને રહેવાનું પસંદ જ ન કરે?

આપણાં શહેરો જેવાં શહેરો અને આપણાં ગામડાં જેવાં ગામડાં ત્યાં પણ છે. શહેર હો કે ગામડું એની સુઘડતા કે વ્યવસ્થા જ એવાં કે તે કોઈનું પણ આકર્ષણ બની રહે છે. શહેરમાં રહેનારની જેમ જ ગામડામાં રહેનારની પણ પ્રાથમીક જરુરીયાતો, સવલતોની બરાબર કાળજી રખાય છે.

આપણી આરોગ્યસેવાઓ ખુબ જ સારી હતી. પણ પશ્ચીમનું અનુકરણ કરવા જતાં એ સેવાઓ કથળી છે અને એ પણ એટલી હદે કથળી છે કે પૈસા બનાવવાનો એ વ્યવસાય થઈ ગયો છે.

ધર્મની બાબતમાં અમેરીકાની નીતી નીરપેક્ષ વલણની છે. દરેક નાગરીક કે વસાહતી પોતાને ગમે તે ધર્મ પાળી શકે છે. આપણે આપણું મન્દીર, મસ્જીદ ત્યાં ઉભાં કરી શકીએ છીએ, કરીએ છીએ. કથાવાર્તા, પુજા–પાઠનું મોટા પાયે ત્યાં આયોજન થાય છે.

સમાજ–જીવનની બાબતમાં પણ આપણે અહીંનાં જ ધોરણો ત્યાં લઈ ગયા છીએ અને એ ચોકઠામાં ગોઠવાઈને જીવીએ છીએ. મામુલી ફેરફારો બાદ કરતાં, આપણાં દીકરા–દીકરીનાં લગ્ન માટે અહીં જેમ નાના પાયે બાંધછોડ કરીએ છીએ, તેમ ત્યાં પણ કરીએ છીએ; પણ ત્યાં આ બાંધછોડ થોડીક વધારે છે.

ત્યાં લગ્નજીવન સ્થીર નથી. અહીં પણ એની થોડી અસર વર્તાવા માંડી છે. અહીં જે વ્યક્તીસ્વાતંત્ર્ય આવ્યું છે એ ત્યાંની અસર છે. એ સારું થયું છે કે ખરાબ એનું તારણ અત્યારે કાઢવું એ વહેલું છે; પણ જે થઈ રહ્યું છે એ સ્વીકાર્યા વીના છુટકો નથી. અમેરીકામાં દૈનીક જીવનમાં જે હીંસા જોવા મળે છે, બાળ–અપરાધોની સંખ્યા વધી રહી છે, ડ્રગ્સનો વપરાશ

વધી રહ્યો છે એના માટે લગ્નજીવનની અસ્થીરતા, પતી–પત્નીનો કલહ અને ભાંગેલાં પરીવારને જવાબદાર ગણવામાં આવે છે. અમેરીકનો પોતાની નબળાઈથી પુરેપુરા વાકેફ છે; પણ એ એનું નીવારણ કરી શકતા નથી એટલી એમની લાચારી છે.

અમેરીકામાં દરેક પરીવારમાં પતી અને પત્ની બન્ને કામ કરતાં હોય છે. એમની દીનચર્યા એ પ્રમાણે ગોઠવાયેલી હોય છે. સન્તાનને બેબીસીટર પાસે કે પરીવારના વડીલ પાસે મુકીને કામ પર જવાનું હોય છે. ભારતમાં પણ મોટાં શહેરોમાં આમ થવા માંડ્યું છે. વધેલી જરુરીયાતો અને મોંઘવારીને કારણે આમ થયું છે. આવાં પરીવારોમાં મહેમાન થઈને જનારાઓની આગતા–સ્વાગતા બરાબર ન થાય એ સ્વાભાવીક છે.

અઠવાડીયાના પાંચ દીવસો કામના દીવસો છે. એ દીવસોમાં કોઈ ઈતર પ્રવૃત્તી કરવાનો કોઈ અવકાશ જ રહેતો નથી. કૌટુમ્બીક પ્રસંગો જેવા કે જન્મદીવસ, વીવાહ, લગ્ન અને ધાર્મીક પ્રસંગો જેવા કે કથાપુજા બધુંય શની–રવીના દીવસોમાં જ ગોઠવાય છે. જન્માષ્ટમી, મહાવીર જયન્તી જેવા તહેવારો પંચાંગે નીર્ધારેલા દીવસોએ ઉજવવાને બદલે એ દીવસોની આગળ– પાછળ આવતા શની–રવીમાં જ ઉજવાય છે.

આપણાં સન્તાનો અમેરીકામાં અમેરીકન બાળકોનું જ અનુકરણ–અનુસરણ કરે – જેને PEER PRESSUREના નામે અમેરીકામાં ઓળખવામાં આવે છે એ સામાન્ય ઘટના છે. માતાપીતાના દબાણ હેઠળ બાળકો ઘરમાં માતૃભાષામાં વહેવાર ભલે કરે; પણ એ દબાણ એમનાંમાં માતૃભાષા માટે પ્રેમ જન્માવી શકતો નથી. પહેરવેશ અને ખાનપાનની બાબતમાં તો દેશ તેવો વેશ BE ROMAN IN ROME–વાળી વાત છે. એમાં સુગાળવાપણું ત્યાં જન્મેલી, ઉછરેલી પેઢી સ્વીકારવા તૈયાર નથી.

મુક્ત જાતીય જીવન માટે પશ્ચીમના દેશો જાણીતા છે, મુક્ત જાતીય જીવન માણવું છે; પણ એનાં પરીણામે પેદા થતાં સન્તાનો નથી જોઈતાં એટલે જ ગર્ભનીરોધનાં સાધનો અને સાવચેતીઓ પશ્ચીમના દેશોએ વીકસાવ્યાં છે. એ તો આપણે પણ અપનાવ્યાં છે.

પરીવારમાં વૃદ્ધોને સાચવવા માટે પશ્ચીમના દેશોએ SENIOR CITIZENS HOME નામની સંસ્થા ઉભી કરી છે. અમેરીકામાં આ સંસ્થા ખુબ જ સારું કામ કરે છે. પોતાના વૃદ્ધ થયેલા વડીલો સન્તાનોને બોજા રુપ લાગે છે એને માટે આ વ્યસ્થા સારો ઉકેલ છે.

અને અમેરીકાની એક ખાસીયત આટલાં વર્ષોમાં મને જોવા મળી છે તે એ છે કે પોતાને જોઈએ તેના કરતાં વધારે

વસ્તુઓ ખરીદી ઘર ભરવામાં એ લોકોને જરાયે રસ નથી. એટલે ત્યાં કોઈ પણ ચીજની ક્યારેય અછત વર્તાતી નથી.

અમેરીકામાં જ્ઞાનપ્રાપ્તીનાં સાધનો પુષ્કળ છે. વ્યક્તીના વીકાસની તકોયે પુષ્કળ છે. સખત પરીશ્રમ કરીને આગળ વધનારને કોઈ અવરોધ ત્યાં નડતો નથી. ભારતમાં જોવા મળતી ટાંટીયાખેંચ ત્યાં જોવા મળતી નથી.

ગુજરાતી ભાષા અને સાહીત્યની સેવા માટે 'ગુજરાતી લીટરરી અકાદમી ઓફ નોર્થ અમેરીકા' સારું કામ કરી રહી છે. 'ગુર્જરી ડાયજેસ્ટ' અને 'ગુંજન' જેવાં સામયીકો દ્વારા અનુક્રમે ન્યુ જર્સી સ્થીત શ્રી કીશોર દેસાઈ (kdesai1938@gmail.com) અને કેલીફોર્નીયા સ્થીત શ્રી. આનંદરાવ લીંગાયત (gunjan_gujarati@yahoo.com) હજી પણ પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે.

ટેકનોલૉજીના ક્ષેત્રે જગતમાં જે પ્રગતી થઈ રહી છે એનો પુરેપુરો લાભ અમેરીકાએ લીધો છે – એનો ગેરલાભ બીજા દેશો પર જવા દઈને. આ હકીકતની બહુ ઓછા લોકોને ખબર છે.

અત્યાર સુધીમાં દુનીયામાં થયેલાં યુદ્ધોમાંથી એક પણ યુદ્ધ અમેરીકાની ભુમી પર ખેલાયું નથી એટલું એ સાવધ છે. ઈ.સ. ૨૦૦૧ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે ન્યુ યૉર્ક પરના વર્ડ ટ્રેડ સેન્ટર પરના હુમલાને બાદ કરતાં અમેરીકા પર હુમલો

કરવાની દુનીયાના કોઈ દેશે હીમ્મત દાખવી નથી.. આ છે અમેરીકાની વીદેશનીતીની સફળતા.

લગભગ દરેક ચીજની કારમી અને કાયમી અછત માટે ભારત પંકાયેલું છે. અને એ એવું જ પંકાયેલું છે લાંચરુશવતની બદી માટે. અહીં કોઈ પણ કામ લાંચરુશવત વગર થાય જ નહીં. પહેલાં આ બદી સરકારી ખાતાં પુરતી મર્યાદીત હતી. અત્યારે એ કબીરવડની જેમ બધે જ ફેલાઈ ગઈ છે. ખાનગી કંપનીમાં નોકરી મેળવવાની હોય કે શાળા–કૉલેજોમાં એડમીશન લેવાનું હોય કે પરીક્ષામાં પાસ થવાનું હોય, ચાંલ્લો આપો તો તમારું કામ થાય, નહીંતર ભયો ભયો!

મને અમેરીકા ગમે છે – કેમ?

–કાન્તી મેપાણી–

લેખક સમ્પર્ક :

B-9/37 – Khiranagar, S. V. Road, Santacruz (w), Mumbai- 400 054

Phone : 022-2661 8628 Mobile- 96197 52212 eMail : mkantilal@aol.com

ભારતીય વીદ્યાભવનના પ્રતીષ્ઠીત માસીક ‘નવનીત–સમર્પણ’ના નવેમ્બર, ૨૦૧૦ના દીપોત્સવી અંક ‘દેશ–પરદેશ’ના પાન ૮૯ પરથી સાભાર... (ભારતીય વીદ્યાભવના આ પ્રસીદ્ધ ગુજરાતી માસીક વીશેની અને તેના લવાજમના દર વીશેની સઘળી માહીતી સંસ્થા http://www.bhavans.info/periodical/samarpan.asp પરથી મળી રહેશે) ...ઉત્તમ ગજ્જર...

@@@

253 : 23-09-2012

# ‘કોયલનો ટહુકો’

–ગૌરાંગ ઠાકર

અનુક્રમણીકા

.1.

ઓ સાંકડા હૃદય, તને સૌ ઓળખી જશે,
માબાપને જો ગામડાની બસ મળી જશે.

ભીંતોની વાતચીત અહીં આ મુજબ હતી,
માણસ વગર આ મ્હેલની ઈંટો ખરી જશે.

અવતાર જળનો છે જ તો વહેવામાં સાર છે,
આકારના અભરખા તને છેતરી જશે.

રોકી શકે તો રોક રખેવાળ બાગના,
ફુલોની ખુશ્બો લઈને પવન નીકળી જશે.

મોટું હશે હૃદય તો પહોળું થશે નહીં,
અડધા હૃદયના રોગ તો આમ જ મટી જશે.

.2.

તમે વ્હાલ ઘરની દીવાલમાં, અમે બારસાખનાં તોરણો,

ચલો આંગણામાં મનાવીએ, હવે હેત હુંફના અવસરો.

હું તો માત્ર શ્વેત લકીર ને તમે સાત રંગનો સાથીયો,
હું ભળી શકું બધા રંગમાં, મને બેઉ હાથે મીલાવજો.

ભલે જાય સુર્ય કીરણ લઈ, તમે બાગથી ન જશો પ્રીયે,
હું તો રાતરાણીનું ફુલ છું, તમે બસ સવાર સુધી રહો.

મને કોયલો એ કહી ગઈ, અમે રોજ આવી ટહુકશું,
તમે આસપાસ કમાડની, જરા ઝાડ જીવતું રાખજો.

હતું મુલ્ય સ્વપ્નનું એટલું, અમે પાઈ પાઈ ચુકાવી છે,
અમે આંખ આંસુથી ધોઈ છે, કીધો બંધ આંખે ઉજાગરો.

.3.

તું જીત વગરનો થા, ને હાર વગરનો થા,
તું એમ કરી થોડો, સંસાર વગરનો થા.

એકાંત મળે ખુદથી, અન્યોથી તો એકલતા,
ક્યારેક અહીં તું પણ, બે–ચાર વગરનો થા.

ઝાકળની અહીં પરવા, આ ફુલ નથી કરતું,
તું દેહ ઉપરના આ, શણગાર વગરનો થા.

બારીમાં ઉભા રહીને, સુરજનાં કીરણ બોલ્યાં,
અમને જ તું વાંચી લે, અખબાર વગરનો થા.

સંદેહ નથી એમાં, આ યુદ્ધ શમી જાશે,
પહેલાં તો અહીંયાં તું, હથીયાર વગરનો થા.

આ ફુંક જીવાડે છે, ને ફુંક બુઝાવે છે,
તું દેહના દીવા પર, અધીકાર વગરનો થા.

.4.

આપણે મન જે જુવાની હોય છે,
એ ઘણાની આમદાની હોય છે.

ફુલના તેઓ શીકારી હોય છે,
ઘરમાં જેના ફુલદાની હોય છે.

તારે તો વંટોળીયાની વારતા,
ઝાડ માટે જાનહાની હોય છે.

રુપથી ફરીયાદ પણ ના થાય કે,
આયનાની છેડખાની હોય છે.

ફુલને સ્પર્શે છતાં ચુંટે નહીં,
એ હવાની ખાનદાની હોય છે.

જે ઘડી હું મારી સાથે હોઉં છું,
ત્યારે સન્નાટો રુહાની હોય છે.

જો કલમથી થાય ના અજવાળું તો,
કાવ્યની એ માનહાની હોય છે.

.5.

મ્હેલમાં જેમને વન લાગે છે,
એમની વાતમાં મન લાગે છે.

ખીણ પર્વતનું પતન લાગે છે,
ને ઝરણ એનું રુદન લાગે છે.

ભાર જીવનમાં બીજો છે જ નહીં,
હળવા પાકીટનું વજન લાગે છે.

આંખમાં આંસુ છે હૈયામાં આગ,
જાણે પાણીમાં હવન લાગે છે.

બાગમાં ફુલ અને ઝાકળનું,
અમને તો હસ્તધુનન લાગે છે.

તું કશું બોલે નહીં ત્યારે બસ,
મૌન શબ્દોનું કફન લાગે છે.

આ તને ચાહવાનું છે પરીણામ,
વીશ્વ આખું જ સ્વજન લાગે છે.

.6.

જગતને એકલા જોવું પડ્યું, બાકી બરાબર છે,
તમારા થઈ જવું બાકી રહ્યું, બાકી બરાબર છે.

હવા ને હાલ કહેતાં ડાળને ડુમો ભરાયો છે,
હતું જે પાંદ પ્યારું એ ખર્યું, બાકી બરાબર છે.

નવાજુની નગરની ખાસ ન્હોતી, પણ અહીં એક જણ,
વધુ પડતાં ઉમળકાથી મર્યું, બાકી બરાબર છે.

જે હંગામી હતો સંગાથ એનું દુખ રહ્યું કાયમ,
મને કોઈ ભુલવું ભુલી ગયું, બાકી બરાબર છે.

ગયો ટુકાં હું રસ્તે ને સફળતા ઘેર પણ આવી,
પછી વળગણ એ રસ્તાનું નડ્યું, બાકી બરાબર છે.

વસંતે દ્વાર ખખડાવ્યાં હતાં એ વાત સાચી, પણ
મને ઘર ખોલતાં મોડું થયું, બાકી બરાબર છે.

.7.

તું ઈશ્વર ઉપર કેમ શંકા કરે છે?

સુરજ આથમી રોજ ઉગ્યા કરે છે.

હું મારામાં ભાળું તો લાગ્યા કરે છે,
મને કોઈ અંદરથી જોયા કરે છે.

તું એના જ ઘરમાં ઉતારા કરે છે,
જીવનને ઉતારો જે માન્યા કરે છે.

આ માટીના પગ છે ને જળની સડક છે,
બધા જાણે છે તોય દોડ્યા કરે છે.

હશે ભીતરે કૈંક તો જોવા જેવું,
હવા આવ–જા કેમ કીધા કરે છે?

પ્રથમ એ જ જળતત્ત્વ દઈ મોકલે છે,
પછી આપણું પાણી માપ્યા કરે છે.

.8.

વસંત આવી ધમાલ થઈ ગઈ,
બધા બગીચે બબાલ થઈ ગઈ.
બધા જ લોકોએ મ્હેંક માંગી,
હવા પછી તો હમાલ થઈ ગઈ.

સૂરજ ગયો છે ગુલાલ છાંટી,

આ સાંજ તેથી જ લાલ થઈ ગઈ.

તમારી ઝળહળ સવાર માટે,
લ્યો, રાત આખી હલાલ થઈ ગઈ.

બધું જ વાંચી શકાય એવી,
પ્રણયમાં આંખો ટપાલ થઈ ગઈ.

તમે હતાંથી.. તમે ગયાં.. તે,
પળોની વચમાં કમાલ થઈ ગઈ!

તમે જ મારી ગઝલ બનો ને,
કલમ હવે તો મશાલ થઈ ગઈ!

.9.

રોજ મારાથી મને વાંધો પડે,
એટલે મારે મને જોવો પડે.

આ ઝરણ એમ જ નદી બનતાં નથી,
દોસ્ત, પાણીનેય પરસેવો પડે!

કૈંક તો સારું બધામાં હોય છે,
લીમડાનો છાંયો ના કડવો પડે.

તું દીવસ જીતી ગયાંનો વ્હેમ છોડ,
સાંજે પડછાયો ઘણો મોટો પડે.

સુર્ય સાથે ચંદ્રને જોશો નહીં,
એક સાથે બેઉનો મોભો પડે.

તું અડે ને એમ લાગે છે મને,
જાણે સુકા ઘાસ પર તણખો પડે.

તું હવે સરનામું પાકું આપ બસ,
રોજ મંદીરનો મને ધક્કો પડે.

.10.

જે ગમે તે બધું કરાય નહીં,
ઢાળ પર જળનું ઘર ચણાય નહીં.

આંગણે આવી ચકલી પુછે છે :
'બારણું પાછું ઝાડ થાય નહીં?'

દોસ્ત, વીસ્મય વીષય તો અઘરો છે,
કોઈ બાળક વગર ભણાય નહીં.

એ જ દુર્ભાગ્ય સૌથી મોટું છે,
કોઈના પણ કદી થવાય નહીં!

સાંજ પડતાં તો સાવ ખાલી થાઉં,
ઘેર પડછાયો પણ લવાય નહીં!

મા નથી ઘરમાં, બાપ ઘરડો છે,
પણ નદીથી પીયર જવાય નહીં.

આ ફકીરોની બાદશાહી જુઓ,
આપણી જેમ હાય હાય નહીં!

–ગૌરાંગ ઠાકર–

સર્જન: પ્રથમ ગઝલસંગ્રહ: 'મારા હીસ્સાનો સુરજ' પ્રકાશક અને વીક્રેતા: પોતે (સરનામુ: નીચે મુજબ), પ્રથમ આવૃત્તી: 2006, પૃષ્ઠ: 68, કીંમત: 50 રુપીયા

બીજો ગઝલસંગ્રહ: 'વહાલ વાવી જોઈએ' પ્રકાશક અને વીક્રેતા: 'સાહીત્ય સંગમ', બાવા સીદી, પંચોલી વાડી સામે, ગોપીપરા, સુરત:395 001, Phone: 0261-259 7882, 0261-259 2563, પ્રથમ આવૃત્તી: 2010, પૃષ્ઠ: 80, કીંમત: 60 રુપીયા

કવીસંપર્ક: બી–103, શુકન એપાર્ટમેન્ટ, સહજધામ રો હાઉસ સામે, અડાજણ, સુરત: 395 009 ફોન: 0261-273 5534, મોબાઈલ: 98257 99847

ઈ–મેઈલ : gaurang_charu@yahoo.com

@@@

254 : 07-10-2012

# અટૅક

– દીનેશ પાંચાલ

અનુક્રમણીકા

ગુણવંતભાઈએ સતત ત્રીસ વરસ સુધી સરકારી નોકરી કરેલી. નોકરીમાંથી એ બે વાર સસ્પેન્ડ પણ થયેલા. દીકરો એમને કહેતો, ‘પીતાજી, તમે છાસવારે અનીતી સામે યુદ્ધે ચઢો છો. પણ કેટલીક વાતો ચલાવી લેવી પડે. તમે કળીયુગમાં હરીશ્ચન્દ્ર બનવાની કોશીશ કરો છો તેથી અમે મુશ્કેલીમાં મુકાઈએ છીએ!’ ગુણવંતભાઈને ગુસ્સો આવ્યો, ‘મારે કારણે તમારે માથે શી મુશ્કેલી આવી?’ દીકરો જવાબ આપવા જતો હતો ત્યાં ગંગાબાઈએ ઉંચા સાદે કહ્યું, ‘તું તારી રુમમાં જા. આપણે કોઈ ચર્ચા નથી કરવી!’ પણ દીકરો જતાં જતાં સંભળાવતો ગયો – ‘પીતાજી, ઘણી વાર તમે નાના છોકરા જેવો બફાટ કરી બેસો છો. કોઈ મોં પર કહેતું નથી; પણ મહોલ્લામાં બધા તમને ‘ગુણવંત ગાંડો’ કહે છે. સાંભળીએ ત્યારે દુ:ખ થાય છે. ગુણવંતભાઈએ કહ્યું, ‘દુ:ખ લગાડવાની શી જરુર છે, હું છું જ ગાંડો!’

●♦●

ગુણવંતભાઈ ગંગાબાને ઘણી વાર કહેતાં – 'ગંગા, બહુ જીવાઈ ગયું. મને નેવ્યાંશી થયાં. તું પંચ્યાશીની થઈ. હવે તેડું આવે તો સંસાર સમેટી લઈએ. હવે જેટલું વધારે જીવીશું તેટલાં દુ:ખી થઈશું! મારો સ્વભાવ હું બદલી શકતો નથી. મારાથી ખોટું સહન થતું નથી અને સત્ય છુપાવાતું નથી!'

'પણ ચુપ તો રહી શકાયને?' ગંગાબા વચ્ચે જ ઉકળી ઉઠતાં. વર્ષોથી ભેગો થયેલો રોષ એમના અવાજમાં ધસી આવતો. જો કે મોટા ઝઘડા ખાસ થતા નહીં. ગંગાબાએ ગુણંવતભાઈને તેમની તમામ કમજોરીઓ સહીત સ્વીકારી લીધા હતા. ગરીબ ગુણવંતનું ઘર માંડવામાં ગંગાબાને બહુ તકલીફ પડી હતી. ગુણંવતભાઈમાં વ્યવહારુતા, સમજદારી, દુનીયાદારી – જે કહો તે, પહેલેથી જ ઓછાં. દીલમાં જે ઉગે તે મોઢામોઢ કહી દે. એક ઘા ને બે કટકા કરી નાખે. જીવનની મુળ ગરીબીમાં એ બધાંનો ઉમેરો થતો એટલે સરવાળો મોટો થતો. એક દીવસ ગુવતંભાઈનો કોઈ જુનો મીત્ર ઘર પુછતો આવી ચઢ્યો. આવતાં જ એણે કહ્યું, 'અલ્યા, તું આટલા વર્ષથી ગામમાં રહે છે. તને કોઈ ઓળખતું નથી? મેં કેટલાય જણને પુછ્યું – 'ગુણવંતલાલનું ઘર કયું? પણ કોઈને ઝટ ખ્યાલ ન આવ્યો!'

'તેં ખોટું પુછ્યું. 'ગુણવંત ગાંડાનું ઘર કયું' એમ પુછ્યું હોત તો તરત બતાવી દીધું હોત. અહીં બધા મને ગુણવંત ગાંડાના નામથી ઓળખે છે!' શબ્દો સાંભળી એ માણસ ચમકીને

જોઈ રહ્યો. એને સમજાયું નહી કે ગુણવંતભાઈ ગંભીરપણે કહે છે કે મજાક કરે છે? દીકરો એ સંવાદ સાંભળી ગયો. પેલા મીત્રના ગયા પછી ગુણવંતભાઈને તેણે ઝાટક્યા – 'પીતાજી, એવું બોલાય? તમારી નહીં તો અમારી ઈજ્જતનો તો ખ્યાલ કરો!'

એક દીવસ દીકરાનો કૉલેજકાળનો જુનો મીત્ર પધાર્યો. રાત્રે એ બન્ને ઉપલી અગાસીના હીંચકે બેસીને વાતો કરતા હતા. દીકરાએ મીત્ર આગળ હૈયાવરાળ ઠાલવી – 'યાર, બધું સુખ છે, પણ પીતાજી બહુ પ્રોબ્લેમ ઉભા કરે છે!' મીત્રે કહ્યું – 'નહીં યાર, તારા ફાધર ખરેખર ઈમાનદાર માણસ છે. આજે સમાજમાં હળહળતાં જુઠાણાં અને તરેહ તરેહની બેઈમાની ચાલે છે ત્યારે આવા પ્રામાણીક માણસોને તો સમાજે એવૉર્ડ આપવો જોઈએ!'

'તું શો બકવાસ કરે છે યાર? બેવકુફીઓ માટે તો વળી ઍવૉર્ડ અપાતો હશે? તને એક તાજો કીસ્સો કહું. સાંભળ. બે દીવસની વાત છે. એ બજારમાં જવા નીકળ્યા. બસ ચુકી ગયા એટલે કોક છોકરાના સ્કુટર પર બેસીને બજારમાં આવ્યા. સ્કુટર પરથી ઉતરીને એમણે છોકરાને પુછ્યું – 'તારી ઉંમર બહુ નાની લાગે છે. તારું લાઈસન્સ ખરું કે?' પેલાએ ભોળાભાવે કહ્યું – 'ઉંમર ઓછી છે એથી હજી લાઈસન્સ કઢાવ્યું નથી.' બસ થઈ રહ્યું! પીતાજીએ તેને પંદર મીનીટ ભાષણ આપ્યું. પછી ઘસડીને નજીક ઉભેલા ટ્રાફીક પોલીસ પાસે લઈ ગયા અને છોકરા વતી

પોતે દંડની રકમ પોલીસને આપતાં કહ્યું – ‘આ છોકરા પાસે લાઈસન્સ નથી. એનો કાયદેસર જે દંડ થતો હોત તે લઈ લો!’ આવતાં આવતાં ટ્રાફીક પોલીસને પણ કહેતા આવ્યા – ‘તમે ડ્યુટી પર છો; છતાં બેલ્ટ, યુનીફોર્મ, બીલ્લો વગેરે કંઈ જ પહેર્યું નથી એ ખોટું કહેવાય!’ ટ્રાફીક પોલીસ મને ઓળખતો હતો એથી પપ્પાને જવા દીધા. નહીંતર ચોકીમાં બેસાડી દીધા હોત!

‘હજી આગળ સાંભળ. એક દીવસ રેશનકાર્ડ માટે સરકારી ઑફીસમાં ગયા. ત્યાં બધાં જોડે લડી આવ્યા, ‘તમે રીસેસમાં જાઓ છો ત્યારે બધી લાઈટો ચાલુ રાખીને જાઓ છો. તમારા ઘરની લાઈટ આમ ચાલુ રાખો છો? તમારી નીષ્કાળજીને કારણે સરકારે લાઈટનો ખોટો ખર્ચ વેઠવો પડે છે!’ એ ઑફીસમાં મહોલ્લાનો એક માણસ સર્વીસ કરે છે. તેણે બાજી સંભાળી લીધી. આવું સતત થયા કરે છે. પીતાજી બહાર નીકળે અને ઘરમાં સૌના જીવ ઉંચા થઈ જાય છે. ગઈકાલે નગરપાલીકાના પ્રમુખને રુબરુ મળીને ખખડાવી આવ્યા. કહે – ‘ઘણી વાર તમારા માણસો સ્ટ્રીટલાઈટ બંધ કરવાનું ભુલી જાય છે. દસ–અગીયાર વાગ્યા સુધી લાઈટો બળતી રહે છે. તમારી લાપરવાહીને કારણે શહેરના લોકેને માથે ખોટો ખર્ચ ચઢે છે.’

‘અરે! એક વાર તો પોલીસચોકીમાં જઈને ઈન્સ્પેક્ટરને મોઢામોઢ કહી આવેલા – ‘ફલાણા પીઠામાં જઈને તમારા પોલીસો દારુ પીએ છે અને હપતા પણ ઉઘરાવે છે. તેની સામે

તમે કેમ કોઈ પગલાં ભરતાં નથી?' લે સાંભળ, હવે કંઈ કહેવું છે તારે? તું ઍવૉર્ડ આપવાની વાત કરે છે; પણ ઍવૉર્ડ તો અમને આપવો જોઈએ – સહનશક્તીનો ઍવૉર્ડ! દર ત્રીજે દીવસે એ કોઈ તોફાન ઉભું કરે છે. એમની ઈમાનદારીનો દંડ અમારે ભોગવવો પડે છે!'

મીત્ર શું બોલે...? એ પણ સાંભળીને ચુપ થઈ ગયો.

●♦●

મૈયતમાં જે કોઈ આવતું તેના મુખેથી એક જ પ્રશ્ન નીકળતો હતો – 'ગુણવતંભાઈને શું થયું હતું? બીલકુલ સાજાનરવા હતા. ગઈકાલે તો એમની જોડે કલાક વાત કરી. એકાએક શું થઈ ગયું...?' દીકરો કહેતો હતો – 'પીતાજીને રોગ તો કોઈ જ ન હતો, પણ ઉંમરને કારણે થોડા ઢીલા થઈ ગયા હતા. બે દીવસ પર અમે નવા બંગલામાં જવાની તૈયારી કરતા હતા ત્યારે એમણે કહેલું – 'અમને તમે અહીં જ રહેવા દો...' પણ મેં એમની ૯૦મી વર્ષગાંઠ નીમીત્તે એ ચાળીસ લાખનો બંગલો એમને ભેટ આપ્યો હતો. પીતાજીએ બહુ ગરીબી વેઠી હતી. અમે ગામડાના ઘરમાં મોટા થયા હતા. પીતાજી આ સુખનો અટૅક ન જીરવી શક્યા!' ગંગાબા સ્ત્રીઓના ટોળા વચ્ચે કહેતાં હતાં – 'બહેન, કોણ અમરપટો લખાવીને આવ્યું છે?

તબીયત તો છેલ્લે સુધી સારી હતી, પણ વર્ષો પહેલાં એક જ્યોતીષીએ કહેલું તે સાચું પડ્યું. નેવું પરાં થઈને એકાણુમું બેસશે એટલે તમે...' ગંગાબાની આંખમાંથી આંસુઓ ટપકતાં હતાં, પણ કોણ જાણે કેમ, એમનાં શબ્દોનો આંસુ સાથે મેળ ખાતો નહોતો. એ બોલતાં કંઈક જુદું હતાં અને રડતાં કંઈક જુદું હતાં.

એકાદ મહીનાથી ઘરમાં ઝઘડો ચાલતો હતો. દીકરાએ કડકાઈપુર્વક કહી દીધું હતું – 'આખી જીંદગી તમારી બેવકુફી સહન કરીને દુ:ખી થતા રહ્યા. હવે આ મામલામાં હું તમારી કોઈ વાત સાંભળવાનો નથી. બા, તું સમજાવ બાપુજીને.'

થયેલું એવું કે જગમોહન અમેરીકા ગયો અને બીજા અઠવાડીયે જ ત્યાં એક એક્સીડન્ટમાં માર્યો ગયો. ગુણંવતભાઈ ભાંગી પડ્યા, પણ ખરી મુશ્કેલી તો જગમોહનના મર્યા પછી ઉભી થઈ. એ અમેરીકા ગયો તેન થોડાક દીવસો પહેલાં ગુણવંતભાઈ અને જગમોહન બન્ને મીત્રો ખરીદી કરવા નીકળ્યા હતા. જગમોહનની નજર લોટરીના સ્ટોલ પર પડી. એણે એક ટીકીટ ખરીદીને ગુણવંતને આપતાં કહ્યું, 'ગુણવંત, મારી આ ટીકીટ તું સાચવજે અને ઈનામ લાગે તો મને જાણ કરજે. હું લેવા આવીશ. એ બહાને આપણે મળીશું. તું પણ એકાદ ટીકીટ લઈ લે... મને તો આમેય અમેરીકાની લોટરી લાગી છે. કદાચ તારું પણ કીસ્મત ચમકી જાય...!'

ગુણવંતભાઈએ પણ એક ટીકીટ ખરીદી. ગુણવંતભાઈના સ્વભાવમાં પહેલેથી જ ચીવટાઈ હતી. એમણે ટીકીટને તીજોરીમાં મુકતાં પહેલાં જગમોહનની ટીકીટ પર તેનું નામ લખી દીધું હતું, જેથી ઈનામ લાગે તો કોને ઈનામ મળ્યું છે તેનો ખ્યાલ આવી શકે. લોટરીનો ડ્રો થયો. જગમોહનની ટીકીટ પર ૫૦ લાખનું ઈનામ લાગ્યું. ગુણવંતભાઈનું કહેવું હતું કે કાયદેસર એ પૈસા જગમોહનના જ કહેવાય. આપણો એના પર કોઈ હક નથી...!' દીકરો કહેતો હતો – 'જગમોહનકાકાને ભગવાને બેસુમાર દોલત આપી છે. આ પચાસ લાખ ભગવાને આપણને આપ્યા છે. વળી હવે તો જગમોજનકાકા હયાત પણ નથી. તેમના દીકરાઓ અમેરીકામાં અબજોપતી બનીને બેઠા છે. પીતાજી, લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે ત્યારે તમે ઈમાનદારીની આડમાં કોઈ મુર્ખામી ના કરશો...!'

દીકરા આગળ ગુણવંતભાઈનું ન ચાલ્યું. ગંગાબા પણ દીકરાની તરફેણમાં રહ્યાં. ગુણવંતભાઈએ દીકરા જોડે બોલવાનું છોડી દીધું હતું, પણ એમનો આત્મા કકળતો હતો. જાણે એ દીકરાને કરગરીને કહેતા હતાં – 'મરેલા બાપનું દેવુ દીકરાએ ચુકવવું પડે એવી કાયદામાં જોગવાઈ છે. એ ન્યાયે મરેલા બાપને ઈનામ મળ્યું હોત તેનો હક પણ દીકરાનો જ ગણાય. એ પચાસ લાખની એકેએક પાઈ જગમોહનના દીકરાની જ ગણાય... આપણી નહીં...!'

દીકરાએ નવા બંગલામાં પુજા કરાવી ત્યારે ગુણવંતભાઈ માંદા પડી ગયા હતા એથી જઈ ના શક્યા, પણ છેલ્લે-છેલ્લે એમણે ગંગાબાને ભીની આંખે વીનંતી કરી હતી – 'ગંગા, આપણે એ બંગલામાં નથી જવું. આપણે આ ઘરમાં જીંદગી વીતાવી છે. અહીં જ મારી આંખ મીંચાય એમ હું ઈચ્છું છું!' ગંગાબાએ એમને સમજાવ્યું – 'તમે જીંદગીભર તમારા મનનું કરતાં રહ્યાં. દીકરાએ સુંદર બંગલો બનાવ્યો છે તો એનું મન રાખવા થોડા દીવસ ત્યાં રહીએ. પછી પાછાં આવતાં રહીશું. હું દીકરાને સમજાવીશ...!'

દીકરાએ ગુણવંતભાઈ માટે મોંઘી કફની ખરીદી હતી. દીકરાવહુએ સ્વહસ્તે એ કફની તેમણે પહેરાવી. વહુએ મજાક કરી – 'બાપુજી તમે આ કફનીમાં વરરાજા જેવા લાગો છો...!' દીકરો હરખથી બોલ્યો – 'પીતાજી મારા તરફથી આ બંગલો તમને ભેટમાં આપું છું...!'

ગુણવંતભાઈ કારમાંથી ઉતર્યા અને બંગલામાં પહેલે પગથીયે પગ મુક્યો ન મુક્યો ને ઢળી પડ્યા.

●♦●

સ્મશાને એક જ વાત ચર્ચાતી હતી. ગુણવંતભાઈ ભગવાનના માણસ હતા. એમની જીવનભરની પ્રામાણીકતા રંગ

લાવી. દીકરાને ભગવાને એવી બરકત આપી કે તેણે બાપને ચાળીસ લાખનો બંગલો ભેટમાં આપ્યો. જો કે સૌને એક વાતનું આશ્ચર્ય થયું હતું. એમને નખમાંય રોગ નહોતો. અચાનક આ અટૅક કેમ આવ્યો? ગંગાબાના દીલમાં જ્યોતીષીના શબ્દો ઘુમરાઈ રહ્યા હતા : 'અંતે તમે કોઈ અસાધ્ય રોગમાં અટૅકથી મરશો!' ઈમાનદારી ગુણવંતભાઈનો અસાધ્ય રોગ હતો. ગંગાબા સીવાય મહોલ્લાના કોઈ માણસને જાણ થઈ ન શકી કે ગુણવંતભાઈને 'હૃદયરોગ'નો નહીં; 'ઈમાનદારીનો અટૅક' આવ્યો હતો...!

–દીનેશ પાંચાલ

(કેવળ વાર્તાઓ (લેખો, કવીતા, ગઝલો કશું નહીં)ને જ સ્થાન આપનારા, ગયે વરસે જ શરુ થયેલા, 'આવતીકાલના વાર્તાકારનું આજનું માસીક', 'મમતા' (સમ્પાદક : મધુ રાય (અમેરીકા)– madhuthaker@yahoo.com , તંત્રી, મુદ્રક, પ્રકાશક : એ.વી. ઠાકર – ભારતમાં વાર્ષીક લવાજમ : રુપીયા–200, અમેરીકામાં વાર્ષીક લવાજમ : $ –30, સરનામું: 'મમતા' કાર્યાલય, 977/2 –સેક્ટર 7–સી, ગાંધીનગર–382 007, ફોન – 079-2323 3601 મોબાઈલ– 97127 50565 ઈ–મેલ : mamatamonthly@hotmail.com)ના એપ્રીલ 2012ના છઠ્ઠા

અંકમાંથી લેખકશ્રીની અને સમ્પાદકશ્રીની પરવાનગીથી સાભાર...)

લેખક–સમ્પર્ક :

શ્રી. દીનેશ પાંચાલ, સી-12, મજુર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-396 445 ફોન: 02637 242 098 સેલફોન: 94281 60508

@@@

255 : 21-10-2012

# ગૃહસ્થ માટે વૈધુર્યથી મોટો કોઈ શાપ ન હોઈ શકે..

- કેશુભાઈ દેસાઈ

અનુક્રમણીકા

વીધુર તો ખુદ રામ પણ થયા છે. સીતાએ અગ્નીપરીક્ષામાંથી હેમખેમ પાર ઉતર્યા પછી પણ રાજભવનના વૈભવ ત્યજી ધરતીના ખોળે સમાઈ જવું પસંદ કર્યું. રામ તો રાજા હતા. રાજધર્મ નીભાવવા માટે એમણે નીર્દોષ પત્નીને પણ દુઃખી દુઃખી કરી મુકી. પંચવટીમાં સીતાના વીરહમાં આંસુ સારતા રામ વનવાસ પુરો કરી અયોધ્યા પાછા ફરે છે; લંકાવીજયનો હરખ છે; પરંતુ એ આનંદ લાંબો ટકતો નથી. પ્રજાજનો પોતાની રાજરાણી વીશે ઘસાતું બોલે, એ એમનાથી જીરવાતું નથી. સીતાની અગ્નીપરીક્ષા પછી પણ એનો ત્યાગ કરવો પડે તે કેવી વીડંબના છે! ‘રાજા’ રામચંદ્રજીએ સામે ચાલીને વીધુરાવસ્થા વહોરી લીધી છે. એકલતાની પીડાનો અંજામ પણ કેવો દુઃખદ! ઈશ્વરનો અવતાર બનીને આવેલા એકવચની, એક બાણથી ધાર્યું નીશાન વીંધનારા અને એક પત્નીવ્રત પાળનારા ‘મર્યાદા પુરુષોત્તમ’ રામ અંતે સરયુમાં જળ સમાધી

લઈ લે છે. વીધુરાવસ્થાથી મોટો શાપ હોઈ શકે ખરો? ગૃહસ્થજીવનના કેંદ્રમાં પત્ની હોય છે. ઘર આખું એની આસપાસ ફેરકુદરડી ફરતું રહે છે. ગૃહીણી એ જ ઘર છે - ગૃહીણી ગૃહમુચ્યતે. ગૃહીણી વગરનું ઘર ઘર નથી રહેતું - એ અખાડો બની જાય છે, પછી ભલે ને એ રાજાનું જ ઘર કેમ ન હોય! આપણા સદાબહાર સાક્ષર-નાટ્યાચાર્ય ચંદ્રવદન ચીમનલાલ મહેતા વીધુર નહોતા; છતાં એ એકલા રહેતા હતા. પત્ની મીત્રના પ્રેમમાં છે એવું જાણતાંવેંત, એમણે બે ‘મળેલા જીવો’ને ભેગા કરી આપ્યા. પરંતુ એમના એકલવાસ દરમીયાન એમનું ઘર સાવ જ લઘરવઘર બની ગયેલું. લખનારે એની મુલાકાત લીધી ત્યારે એ નરી ‘પુરુષની ગંધ ઓકતા ઉકરડા’ જેવું લાગેલું.

વીધુરની માનસીકતા વીશે મહાનીબંધ લખી શકાય. ગમે તેવો પ્રેમાળ પરીવાર હોય - જનારાં એમની પાછળ લીલી વાડી મુકીને ગયાં હોય તો પણ; ‘બેકલાં’માંથી ‘એકલા’ બની ગયેલા પુરુષજીવ માટે દુનીયા ફીક્કી બની જતી હોય છે. સ્ત્રી વીધવા બન્યા પછી પણ; એના કુટુંબમાં ભળી જઈ શકે છે - કદાચ એનામાં રહેલું માતૃવાત્સલ્ય એને પતીનો વીયોગ સહન કરી લેવામાં મદદરુપ થતો હશે. એને મન આમેય ‘ઘરવાળા’ કરતાં ‘ઘર’ જ વધારે પ્રાયોરીટી

ધરાવતું હોય છે. માતા બન્યા પછી એનો પત્ની તરીકેનો રોલ ગૌણ બની જાય છે! આથી ઉલટું, પુરુષ માટે આજીવન પ્રાયોરીટી એની પત્ની અથવા વીકલ્પે પ્રેમીકા જ ભોગવતી હોય છે. બાળકો એની ક્ષતીપુર્તી કરી શકતાં નથી. પુત્ર ભલે ‘પુ’ નામના નરકમાંથી તારનારો લેખાયો હોય પણ મહદંશે એ પ્રતીસ્પર્ધી જ બની રહે છે. આ મનોવૈજ્ઞાનીક સ્પર્ધાનો ભોગ બનનારો પીતા આખરે હાર સ્વીકારી લે છે. શાસ્ત્ર પણ એ જ ઈચ્છે છે - પુત્રાત્ શિષ્યાત્ ઈચ્છેત્ પરાભવમ્! પુત્રનો વીજય ઈચ્છવો, પોતા કરતાં એ સવાયો સાબીત થાય, એની આગવી ઓળખ ઉભી કરે; બલકે ખુદ માતા-પીતા પુત્રના નામે ઓળખાતાં થાય - ત્યાં સુધીની શુભેચ્છાઓ કબુલ; પરંતુ પેલી શરણાગતીવાળી સલાહ ઉંમરે પહોંચેલા વડીલોને ન જચે - ન પચે એ પણ સ્વાભાવીક છે. આગળ વર્ણવેલ એનઆરઆઈ કાળી મજુરી કરીને પેટીયું રળી લેશે; પણ પુત્રમ્ શરણમ્ વાળી સુફીયાણી સલાહ સ્વીકારશે નહીં; પુત્રનો વાંક પણ નહીં કાઢે. વટના માર્યા આવા વડીલો દોષનો ટોપલો તો પરંપરાની રુએ બીચારી પુત્રવધુના શીરે જ ઢોળતા રહેશે! મેં આવી સલાહ ક્યારેક ખુદ મારા જ પરીવારના એક આદરણીય મુરબ્બીને આપી હતી. એમણે ગૃહત્યાગ જેવો અઘરો અને આકરો વીકલ્પ સ્વીકાર્યો; પણ પુત્રનું શરણું ન સ્વીકાર્યું તે ન જ સ્વીકાર્યું. વીધુર વડીલો

માટે મન મુકવાનું ઠેકાણું હોય તો એ કદાચ દીકરી છે; દીકરો નહીં જ. એથી બદલાયેલા સામાજીક સંજોગોમાં હું દીકરીના બાપને વધારે ભાગ્યશાળી ગણું છું. અગાઉના જમાનામાં દીકરીના ઘરે પાણી પીવામાં પણ પાપ મનાતું. ડાકોરમાં આવો એક આદર્શ વૃદ્ધાશ્રમ છે, જ્યાં આ લખનારને કેટલાંક એવા વડીલોનો સંપર્ક થયો જે દીકરીના ઘરે ન રહેવું પડે એટલા ખાતર વૃદ્ધાશ્રમમાં રહેવા આવી ગયાં છે. પ્રશ્ન તો એકનો એક જ રહે છે : પુત્ર સાથે રહેવું ગમે; પણ આપણે પુત્રવધુને ન ગમીએ. એનાં બાળકોને નવી નવી વાનગીઓ ખવરાવે, આપણને વાસી, ચાવ્યું ચવાઈ ન શકે એવું સુકુંપાકું એંઠું-જુઠું પીરસીને અપમાનીત કરે. જાણે ભીખારીને ખાવાનું આપતી હોય એમ અવળે મોઢે લુખ્ખું સુકું થાળીમાં ધરબી ચાલતી થઈ જાય... આ ઉંમરે આવી ઓશીયાળ તે શેં સહન થાય? કશું કહેવા જઈએ તો આખા ગામ વચ્ચે ફજેત ફજેત કરી મુકે... હવે આ જ બધું દીકરીના ઘરે રહેનાર વડીલને પણ સહન કરવું પડે. દીકરી બીચારી દુઃખી દુઃખી થઈ જાય. આંસુ સારે. એને તો વૃદ્ધ માબાપને ઘણાંય સાચવવાં હોય; પણ સાસરીયાંને એ ખંટાય ખરાં? રોજેરોજ મેણાંટોણાં સાંભળવા પડે. નાછુટકે દીકરી જ એક દીવસ છાતી પર પથ્થર મુકીને હાથ જોડી દે : બાપુ, તમારું અપમાન મારાથી નથી વેઠાતું... આવાં ‘સુખ’ તો આકરાં પડે! એવું નથી કે બધા

પુત્રો વહુઘેલા જ હોય. કેટલાક જમાઈ પેટના જણ્યા કરતાં સવાયા નીકળે, એ પણ બનવાજોગ. પરંતુ બદલાયેલા સંજોગોમાં આવી કુટુંબભાવના બહુ ઓછી જોવા મળે છે. સંયુક્ત કુટુંબ એ ચલણમાંથી બાકાત થઈ ગયેલો સીક્કો છે. એને પશ્ચીમની અસર કહીને આપણે બચવાનો ડોળ જરુર કરી શકીએ; પણ છાતી ઉપર હાથ રાખી સાચું કહેવાનું હોય તો સંયુક્ત કુટુંબમાં પડી રહેવાનું મને કે તમને - કોઈને પણ ગમતું નથી, એ હકીકત છે - કઠોર સત્ય છે!

આવા સંજોગોમાં ‘વીધુરવીવાહ’ની ઝુંબેશ જ ઉપાડવી પડે કે બીજું કંઈ? ક્યારેક સુધારકોએ વીધવા–વીવાહ માટે ઝુંબેશ ઉપાડી હતી. એ વખતે ‘વીધુરવીવાહ’ તો બહુ જોરમાં હતા. સાઠ-પાંસઠ વરસનો વૃદ્ધ વીધુર પંદર-સોળ વરસની કાચી કુંવારી કન્યા પરણી લાવતો. આવા પુનર્લગ્ન કરનારા વીધુરો પાછા સમાજમાં પ્રતીષ્ઠીત લેખાતા! એમને કોઈ હોંશીલી બાળાનું જીવતર રગદોળ્યાનો લેશ પણ વસવસો ન રહેતો. હીંદીના મહાન નવલકથાકાર મુનશી પ્રેમચંદની નવલકથા ‘નીર્મલા’ આવી જ થીમ પર લખાયેલી અત્યંત લોકપ્રીય કૃતી છે. મારી શરુઆતની આંચલીક નવલ એકમાં વનબા નામની ક્ષત્રીય વીધવાની વ્યથાકથા આલેખાઈ છે. ખોટા ખાનદાનીના ખ્યાલોમાં એવી તો અસંખ્ય વનબાઓ

વધેરાઈ ગઈ છે. ઓગણીસમી સદીના પુર્વાર્ધમાં ભારતીય સ્ત્રી વીશે વીવીધ સ્તરે ચીંતન શરુ થયું. રાજા રામમોહન રાય જેવા ક્રાંતીકારી વીચારકોની પહેલથી સતી પ્રથા પર નીયંત્રણ આવ્યું અને વીધવાવીવાહની ઝુંબેશ આરંભાઈ. ભદ્રલોકમાં વીધુર પુરુષ તો સ્મશાનમાં પત્નીની ચેહ પણ ઠરી ન હોય ત્યાં નવી પરણેતર લાવવાનાં સપનાં જોવા લાગતો. ઝવેરચંદ મેઘાણીની નવલીકા ‘વહુઘોડો’ આવી નૃશંસ પ્રણાલીનું હૃદયવીદારક ચીત્ર રજુ કરે છે. ન વાંચી હોય તો જરુર વાંચજો. લખનારની ‘જોબનવન’ નવલકથા પણ વાંચવા વીનંતી છે! પરંતુ હવે તો સમય બદલાતાં વીધવાવીવાહ લગભગ સર્વસ્વીકૃત પ્રથા બની ગઈ છે. બલકે યુવાન વયની વીધવા પુત્રવધુને ખુદ સાસરીયાં પોતાને ઘેર માંડવો રોપી પરણાવતાં થયાં છે. સમાજમાં આવેલા આ પરીવર્તનને આપણે આવકારીએ છીએ તો પછી એક ડગલું આગળ વધી ઉંમરલાયક વડીલોને એમની હુલતી જીન્દગીમાં કોઈનો હુંફાળો સહચાર સાંપડે એવું કેમ ન વીચારીએ? જે વડીલોને બદલાયેલા સંજોગો અને આધુનીક જીવનશૈલીને અપનાવ્યા પછી આપણે સરખી રીતે સાચવી શકતાં નથી, એમને તુટેલી જીવનદોરીમાં ગાંઠ લગાવી નવી જીન્દગી શરુ કરવા માટે પ્રોત્સાહીત કેમ ન કરીએ? હું તો આવા ઉમદા કૃત્યને અડસઠ તીરથની જાત્રા કરતાં વીશેષ પુણ્યવંતુ ગણું. ખુદ ગાંધીજીએ

એક તબક્કે સરલાદેવી સાથે લગ્ન કરી દઈ નવું જીવન શરુ કરવાનું વીચારેલું. એ જમાનો જુદો હતોઃ યુવાનવયે વીધુર થયેલા નહેરુને કે વીધવા ઈંદીરાને પુનર્લગ્નની છુટ નહોતી!

મનુષ્ય માત્રને સહચાર ખપે છે, સહવાસ ગમે છે. એકલતા જેવી અઘરી કોઈ સજા ન હોઈ શકે. વીધુર પુરુષ સમાજમાં એકલોઅટુલો પડી જતો હોય છે. એને એનું ઘર પણ સંઘરતું નથી. એને એના જોગી 'કંપની' મળી જાય તો નરક બની ગયેલું એનું ઘડપણ 'ગળપણ'માં ફેરવાઈ જશે. શરુ શરુમાં એ કદાચ થોડી આનાકાની પણ કરે; સંકોચ અનુભવે. 'હવે આ ઉંમરે આ શા વરઝોળા! ઘરડી ઘોડીને લાલ લગામ શોભે ખરી?' - જેવી પ્રતીક્રીયાઓ પણ સાંપડશે. પરંતુ એક વાર શરુઆત થશે, પછી આવાં વ્યવધાનો આપમેળે શમી જશે. 'વિધવા વિવાહ'ના પુરસ્કર્તાઓને પણ ઓછું સહન નથી કરવું પડ્યું. વયસ્ક વીધુર-વીવાહની આ નવી ઝુંબેશમાં વયસ્ક વીધવાઓએ પણ હિંમતભેર સામેલ થવું રહ્યું. 'સેક્સ' તરફ સુગાળવી નજરે જોતા આપણા જુનવાણી સમાજને આ પ્રકારના કાર્યક્રમોમાં રસ લેતો કરવો એ લોઢાના ચણા ચાવવા જેવું અઘરું કામ છે. અલબત્ત, એ જ સમાજની ત્રીજી પેઢી એનાં દાદા-દાદીને હોંશે હોંશે 'સેટ' કરવા જરુર આગળ આવશે. આપણે આજે જે મુદ્દે શરમ-સંકોચ રહે છે, તે આવનારાં વર્ષોમાં રોજબરોજનો જીવન-વહેવાર બની

રહેવાનો છે; જરૂર છે તો એક સલામત 'ટેક ઑફ'ની. વયસ્ક વીધુરોને સેક્સ કરતાં વધારે જરૂર સહચારની છે, એ કહેવાની જરૂર ખરી?

- કેશુભાઈ દેસાઈ

'મુમ્બઈ સમાચાર' દૈનીકમાં વર્ષોથી ચાલતી ડૉ. કેશુભાઈ દેસાઈની 'ઘમ્મર વલોણું' કૉલમમાંથી સાભાર...

સર્જક–સમ્પર્ક : ડૉ. કેશુભાઈ દેસાઈ, 13, ઐશ્વર્ય–1, પ્લોટ નં. 132, સેક્ટર–19, ગાંધીનગર–382 021 ફોન : 079-2323 1188, મોબાઈલ : 98745 43132

Website : http://www.keshubhaidesai.com/

સોર્સ :

http://www.bombaysamachar.com/frmStoryShow.aspx?sNo=51256

256 : 04-11-2012

# ગઝલ

- પ્રવીણ શાહ

અનુક્રમણીકા

.1.

એક સરખી સૌ કહાણી હોય છે,
એક રાજા એક રાણી હોય છે.

શાંત છે તો ક્યાંક ધસમસતાં મળે,
સ્થાન જુદાં, એ જ પાણી હોય છે.

પંખી સૌ જંપ્યાં હશે માળા મહીં,
એ જ વૃક્ષોની કમાણી હોય છે.

એમની ઈર્ષ્યા કરે સૌ, જેમણે
જીન્દગી ભરપુર માણી હોય છે.

છંદ, લય ને પ્રાસ, મત્લા, મીસરા;
શબ્દને મન અહીં ઉજાણી હોય છે.

શબ્દ એના શ્વાસ ને ધડકન ગઝલ,
એ જ શાયરની કહાણી હોય છે.

.2.

કોણ હળવેથી મને પોકારતું?
કોણ તારી યાદ લઈને આવતું?

એક વત્તા એક સરવાળો કરી,
કોણ મીઠી ઝંખના મન બાંધતું?

ખુશનુમા આબોહવા આલંબીને,
કોણ વ્હાલપથી મને બોલાવતું?

જ્યાં નજર નાખું મને દેખાય તું,
કોણ દીલને આટલું તરસાવતું?

ચાંદનીની પાંપણો પર બેસીને,
કોણ આવી સ્વપ્નને શણગારતું?

કોડીયે ઝબકાર અદબદ આંજતું,
કોણ આ અખીલાઈને અજવાળતું?

.3.

કૈંક એવી વાત જળમાં છે,
દીવ્યતા તેથી કમળમાં છે.

આપણા કરમાં કશું ક્યાં છે?
છે બધો આધાર પળમાં છે.

કેટલા કંઈ ભેદ જીવનના,
બારણે વાસેલ કળમાં છે.

મન સદા એવું મુંઝાતું રહે,
જાણે કે કોઈ વમળમાં છે.

આમ સઘળું શાંત લાગે પણ;
છે હજી તોફાન તળમાં છે.

પ્હાડ, સાગર, સુર્ય, તારકગણ,
ભવ્યતા સૃષ્ટી સકળમાં છે.

.4.

આ જગત આખું સફરમાં છે
સૌ, સમયની કંઈ અસરમાં છે.

મનની નીર્મળતા ઉજાગર હો,
રાત આ છેલ્લા પ્રહરમાં છે.

સર્વથા લીલાશથી શોભે
વીશ્વ ટહુકાનું જીગરમાં છે.

ભીંત વીનાનું છે મન મારું,
આયના જેવી નજરમાં છે.

શ્રાવણી ઝરમર નીરંતર અહીં.
લાગણી નામે નગરમાં છે.

‘ગાલગાગા’ના નશામાં છું,
ને ગઝલ એની ફીકરમાં છે.

.5.

કામ જેવું કામ ક્યાં છે તોય પણ,
બે ઘડી નવરાશ ક્યાં છે તોય પણ!

સાંજ પડતાં આ જગત જંપી જશે,
રાતને વીશ્રામ ક્યાં છે તોય પણ!

આયના ચારે તરફ છે સાબદા,
ખાસ કૈં પહેચાન ક્યાં છે તોય પણ!

કેટલી વીહ્વળ બની આ ચાંદની!
સ્વપ્નનો ઉપચાર ક્યાં છે તોય પણ!

જે મળ્યું, જ્યારે મળ્યું, સાપેક્ષ છે,
આગવું કો’ સ્થાન ક્યાં છે તોય પણ!

અસ્ત નક્કી છે ઉદય જેનો થશે,
કોઈને વીશ્વાસ ક્યાં છે તોય પણ!

.6.

જીન્દગી કંઈ રમત નથી,
લાગણીમાં શરત નથી.

કંઈક તો મુલ્ય હોય છે,
ચીજ એકે મફત નથી.

સૌ સમય પર થયા કરે,
અહીં કશુંયે તરત નથી.

યત્ન કરતા રહો સતત,
હાર કંઈ હરવખત નથી.

રંક છે, કોઈ રાય છે,
સૌને માટે તખત નથી.

જડ કે ચેતન, અહીં-તહીં,
રામ કહો ક્યાં પ્રગટ નથી.

.7.

સાંજ સલોની નમતી માગી,
રાત અમે ઝળહળતી માગી.

સુર-સરીતા સરતી માગી,
રેત સમયની ખરતી માગી.

શાંત કીનારા રાસ ન આવ્યા,
અમે ઓટ ને ભરતી માગી.

ગમતી ખુશ્બુ મનભર માણી,
ડાળ ડાળ મઘમઘતી માગી.

ગ્રીષ્મ-વર્ષા કે હેમંત-શીશીર,
હર મોસમ રસઝરતી માગી.

.8.

આ માયાના પડછાયા છે,
મૃગજળ પીવા લલચાયા છે.

ફુરસદ મળશે ક્યાંથી અમને,
રસ્તા અહીંના રઘવાયા છે.

ક્યાંય કશે ના મંજીલ દીઠી,
સપનાં આંખે અટવાયાં છે.
ખાલી ઘરને ખુણે ખુણે,
કંઈ એકાન્તો સચવાયાં છે.

માણસ ઘડવો બહુ અઘરો છે,
પથ્થર ક્ષણમાં ટંકાયા છે.

ક્યાં છે અલ્લા? ક્યાં છે ઈશ્વર?
ઉત્તર કોને સમજાયા છે!

.9.

તું હવે બસ, એટલી સમજાય છે,
તું નથી તો રાત આ લંબાય છે.

એક પંખી જેવું બેસે ડાળ પર,
વૃક્ષ એકાએક લીલું થાય છે.

સુર્યને સત્કારવાના મોહમાં,
રાતની કાયમ ઉપેક્ષા થાય છે.

મૃગજળી માયા જ એવી દોસ્તો,
સૌ સમયની જાળમાં સપડાય છે.

કૈં થવાનો છે અભરખો એટલો,
એક માણસ રોજ તુટી જાય છે.

.10.

નીત ખુશીમાં ડોલવાની ટેવ છે,
યાદ જુની ખોલવાની ટેવ છે.

મૌન ભારોભાર એવું અવતર્યું,
કે સ્વયંને તોલવાની ટેવ છે.

દોરડા પર ચાલવા જેવી જ છે,
શબ્દ તોલી બોલવાની ટેવ છે.

આ પવન જેવું જીવું છું એટલે,
ખુશ્બુ કાયમ ખોળવાની ટેવ છે.

કૈં વીદુષક જેવું જીવન સાંપડ્યું,
પ્રહસનોમાં ફોળવાની ટેવ છે.

* પ્રવીણ શાહ *

કવી સંપર્ક:
પ્રવીણ શાહ –29, ગીરીવન સોસાયટી, જુના પાદરા રોડ,
ટાગોર નગર પાસે, વડોદરા – 390 007
ફોન- 0265 – 235 4516 મોબાઈલ– 94287 61846
shahpravin46@gmail.com
Blog: http://aasvad.wordpress.com/

257 : 18-11-2012

# સમાજને સમરસ કરવા…

–જગદીશ શાહ

અનુક્રમણીકા

આજથી ૫૦–૬૦ વરસ અગાઉ અને કદાચ હજીયે ક્યાંક ઉંડાણનાં ગામડાંઓમાં રુઢીચુસ્ત અને પોતાને ધાર્મીક માનનારા લોકો પોતાની જ્ઞાતી સીવાય રોટી–વ્યવહાર રાખતા નથી. પણ તેવી અલ્પ સંખ્યાને બાદ કરીએ તો, આજે ગામડાં અને તેની સાથે જોડાયેલી એવી રુઢીગત માન્યતાઓ તુટી રહી છે. આજે શહેરો ફાલી રહ્યાં છે. શહેરોમાં મીશ્ર વસતી હોય છે. અમુક જ્ઞાતીની જ પોળો, શેરીઓ અને સોસાયટીઓ હવે ઘટતી જાય છે. એક જ વીસ્તારમાં વીવીધ જ્ઞાતીઓના લોકો હળી–મળીને રહે છે. બ્રાહ્મણ–રજપુત–વાણીયા–પટેલ–દલીત વર્ગ બધા સાથે મળીને રહે છે. જમવામાં હૉટેલો–લારીઓ–ખુમચાવાળાઓ ને મોટી રેસ્ટોરાંમાં કોણે રાંધ્યું તેવી જાતની પુછપરછ હવે કોઈ કરતું નથી. આડોશ–પાડોશમાંયે વાટકી–વ્યવહાર ચાલે છે. તેમાંયે નાતજાતનો છોછ નીકળી ગયો છે.

જેમ રોટી–વ્યવહારમાં લોકો ઉદાર થયા છે તેમ બેટી–વ્યવહારમાં ઉદારતા અપનાવવાની જરુર છે. હજી લગ્ન માટે લોકો પોતાની જ્ઞાતી શોધે છે. એક જમાનામાં વ્યવસાયોની એકતાથી જ્ઞાતીઓ બંધાઈ હતી. જ્ઞાતીના લોકોની આવક, રહેણીકરણીની બાબતમાં સરખાપણું હોય તો લગ્નજીવન સુચારુ ચાલે. પણ હવે બ્રાહ્મણ જ ભણે–ભણાવે, તેવું રહ્યું નથી આજે તો બધી જ્ઞાતીના લોકો શીક્ષક તરીકે બ્રાહ્મણકાર્ય કરે છે. પોલીસ અને સેનામાં માત્ર ક્ષત્રીયો જ હોય તેવું બનતું નથી. વેપાર પણ  વાણીયા જ કરે તેવું હોતું નથી અને નોકરી (શુદ્રકાર્ય!) અમુક જ જ્ઞાતી કરે તેવું નથી રહ્યું. તમામ જ્ઞાતીના લોકો તમામ નોકરીઓમાં જોવા મળે છે.

આ પરીસ્થીતીમાં નોકરી પ્રમાણે આવક અને રહેણીકરણીની સમાનતા દેખાય છે. આ સંજોગોમાં વર–વધુની પસંદગી માટે જુની જ્ઞાતીપ્રથાને વળગી રહેવામાં ડહાપણ નથી. બે–ત્રણ પેઢીથી શીક્ષણકાર્ય કરનાર બ્રાહ્મણ હોય કે દલીત, તેમની વચ્ચે લગ્નવ્યવહારનો બાધ ન હોવો જોઈએ. લુહાર ( પંચાલ–મીસ્ત્રી), સુથાર વગેરે વ્યવસાયી ગણાતી જાતીઓના લોકો આજે શીક્ષણમાં, વ્યાપારમાં, નોકરીઓમાં રોકાયેલા હોય છે. આવે વખતે અટક–જાતી ન જોતાં વ્યવસાય, આવક અને રહેણીકરણીની સમાનતા જોઈને લગ્નસમ્બન્ધો થવા જોઈએ. આજે વાણીયા–બ્રાહ્મણની પેટા

જ્ઞાતીઓનાં બંધનો તુટી ગયાં છે. સમસ્ત બ્રાહ્મણ સમાજ કે સમસ્ત વણીક સમાજ ( જૈન સુધ્ધાં) વચ્ચે લગ્નમેળાઓ યોજાય છે. સમાજ થોડો આગળ વધ્યો છે; પણ હજી વધારે આગળ વધવાની જરુર છે. સમસ્ત હીન્દુ જાતીના લગ્ન–મેળાવડા થવા જોઈએ.

અત્યારે એક જ જ્ઞાતીમાં લગ્ન કર્યા પછી પતી–પત્ની વચ્ચે વીચાર અને સમજનો ફેર હોય તો કુંડળી જોયા પછી, ચોઘડીયાં અને મુહુર્તો જોઈને જન્માક્ષર મેળવ્યા પછીયે કાયમ એકમેક માટે અસંતોષ, ખટરાગ જણાય છે. તેમાંથી એકની વીચારસરણી પ્રગતીશીલ હોય. આદર્શવાદી હોય અને બીજા પાત્રને પદ–પૈસામાં જ રસ હોય, સંસાર–વ્યવહારમાં જ રસ હોય તો જીન્દગી ઝેર જેવી બની જતી જણાય છે. વીચારમાં ભેદ તો હોય; પણ સાથે સામાના વીચારને સાંભળવા–સમજવાની તૈયારી હોય તોયે ગનીમત છે. પણ (કોઈ એક પાત્ર)વગર સમજ્યે વીરોધ જ કર્યા કરતું હોય તો પસ્તાવાનો પાર રહેતો નથી. સામાજીક દબાણને કારણે છુટાછેડા લેતાં ડરે છે; પણ જીવતાં દોઝખમાં સબડે છે. તેના કરતાં છુટાં થઈ જતાં હોય તો સુખી થાય. પણ બે–ચાર બાળકો થઈ ગયાં હોય તો પછી જીન્દગી વેંઢાર્યે જ છુટકો થાય છે ને જન્મારો એળે જાય છે.

વીવીધ ધર્મો વચ્ચેય આજે લગ્નસમ્બન્ધો વધી રહ્યા છે. હીંદુ અને જૈન વચ્ચે તો કોઈ ભેદ નથી રહ્યો. દલીતોમાં હીંદુ–બૌદ્ધ–ખ્રીસ્તીના ભેદો ભુંસાતા જાય છે. તેમની વચ્ચે લગ્નસંબંધો થઈ રહ્યા છે. આ આવકારદાયક પરીવર્તન છે.

આગળ જતાં હીંદુ, મુસ્લીમ, યહુદી વચ્ચેય સંબંધો વધશે એવી અપેક્ષા રાખી ચીત્તને વીશાળ કરવું જોઈએ. એક વ્યવસાયમાં હોય તેવાં કુટુમ્બો નાત–જાત–ધર્મને કોરાણે મુકી સમાન સંસ્કાર, સમાન રહેણીકરણી, સમાન ખાણી–પીણી જોઈને લગ્નસંબંધોથી જોડાય તેમાં દેશની અને માનવજાતીની એકતાનું દર્શન કરવા જેટલા ઉદાર રહેવું જોઈએ.

આ પરીવર્તનમાં પહેલ કરનારને પ્રારંભમાં થોડો સામાજીક વીરોધ સહન કરવો પડે તેમ બને; પણ જે ગતીથી સમાજ વીકાસ કરી રહ્યો છે તે જોતાં આ ફેરફાર થઈને જ રહેવાનો છે. આજે અપવાદ સ્વરુપ થોડાક કીસ્સા બને છે; તેથી રુઢીચુસ્ત સમાજમાં ખળભળાટ થાય છે. પણ આગળ જતાં આ ફેરફાર સર્વમાન્ય થઈને જ રહેશે.

●♦●

જન્મ અને મૃત્યુનું સ્થાન અને સમયપત્રક માણસના હાથમાં નથી. માણસના હાથમાં સોળ સંસ્કારો છે, તે પૈકી યજ્ઞોપવીત–વીવાહ–લગ્ન–વાસ્તુ વગેરેમાં લોકો મુહુર્ત અને

ચોઘડીયાં જુએ છે. જન્મ કાળી ચૌદસે અને અમાસે તથા મરણ તહેવારને દીવસે લાભ–શુભ–અમૃત ચોઘડીયામાં પણ થાય છે! આ અંગે ઉંડો વીચાર કરતા લાગે છે કે, આ મુહુર્ત, ચોઘડીયાં, વ્યતીપાત, કુંડળી વગેરે જોવા–મેળવવાની પ્રથા તજવા જેવી છે. લગ્ન અને બેસણાં જેવા પ્રસંગોમાં આવનારાની અનુકુળતા જોઈ સ્થળ, દીવસ, સમય નક્કી કરવાં જોઈએ. અલબત્ત, બેસણાની ચીલાચાલુ રીત પણ વીચારણા માગી લે છે. ખરખરો કરનારે સફેદ કપડામાં આવીને, મળીને, થોડી વાર બેસીને જવાનો રીવાજ બદલવા જેવો છે. સૌ મૃત વ્યક્તી વીશે પોતાની ભાવના પ્રગટ કરી શકે તે માટે શ્રદ્ધાંજલીસભામાં પ્રવચનો તેમ જ લેખન દ્વારા પોતાની ભાવના વ્યક્ત કરવાનો ફેરફાર કરવા જેવો છે. વળી મરનારના શોખ મુજબ પહોંચતા લોકો, ખાણી–પીણી, સંગીત વગેરેનું પણ આયોજન કરે તો પ્રસંગને અને મૃત વ્યક્તીને અનુરુપ સાચી શ્રદ્ધાંજલી બને. ( લેખકે એક ‘નમુનેદાર બેસણા’નો અદ્ભુત પ્રસંગ આલેખ્યો છે. તે વાંચી એમ થાય કે બેસણાં આવાં થતાં હોય તો કેવું સારું! તે વાંચવા નીચેની લીંક પર ક્લીક કરી ૯૪મી ‘સ.મ.’ની પીડીએફ ડાઉનલોડ કરવા વીનંતી..ઉ.મ..)

http://gujaratilexicon.com/magazine/sundayemahefil/

| 94 | Namunedar Besnu | Jagdish Shah | 25-03-2007 |
|---|---|---|---|

લગ્નોમાં ફટાકડા, બેંડ–વાજાં, લાઉડસ્પીકર, ડી.જે. વગેરેને કારણે અન્ય લોકોને ખલેલ પડે, પર્યાવરણ દુષીત થાય તેવી પ્રવૃત્તીઓ ટાળે તે જ સુધારક અને સમાજ–હીતેચ્છુ છે તેવું ગણાવું જોઈએ. લેવડ–દેવડ, પૈઠણ, દહેજ વગેરે રીવાજો પછાતપણામાં ગણાવા જોઈએ.

–જગદીશ શાહ

(તાજેતરમાં પ્રગટ થયેલી લેખકની આત્મકથા ‘શ્રેયાર્થીની સંઘર્ષકથા’ (પ્રકાશક : વડોદરા જીલ્લા સર્વોદય મંડળ, વીનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા–390 021 : પ્રથમ આવૃત્તી : જુન 2012, મુલ્ય : 50 રુપીયા, પાન સંખ્યા : 152, આર્ટ પેપર સંખ્યા : 16)માંથી લેખકના સૌજન્યથી સાભાર..ઉત્તમ ગજ્જર..)

લેખકસમ્પર્ક:

જગદીશ શાહ, વીનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા–390 021 ફોન : 0265-237 0489 મોબાઈલ : 98243 26037 ઈ–-મેઈલ : jashah1934@gmail.com

258 : 02-12-2012

# સ્મીત

–જનક નાયક

અનુક્રમણીકા

સાવીત્રીબહેને ઠાકોરજી સામે જોયું. કેવું અદ્ભુત સ્મીત છે એમના ચહેરા પર! તે સાથે જ વીચાર આવ્યો, ગઈકાલ સાંજથી સારું લાગતું નથી. મનમાં ન સમજાય તેવો અજંપો ફેલાયેલો છે. સાવીત્રીબહેને ઠાકોરજીને હાથમાં લીધા. પછી આંખ પાસે લાવીને સ્પર્શ કર્યો. હૃદય પાસે ઠાકોરજીને મુક્યા. સહેજ દબાવ્યા. હુંફ અનુભવાઈ. ત્યાં જ સોફા પાસે પડેલા કાગળના ડુચા પર એમની નજર પડી. અંજલી આવશે તો એને કહીશ. કાગળનો ડુચો ઉઠાવી ડસ્ટબીનમાં નાખી દે. હજી તો સવારના છ જ થયા છે. અંલી ક્યાં વહેલી ઉઠે છે! સુર્યવંશી! હું તો કહી કહીને થાકી. એનાં માબાપ પણ ક્યાં એને કશું કહી શકે છે! ઠાકોરજીને જમણા હાથે પકડ્યા, પીત્તળના જળપાત્રમાં પાણી હતું. મંત્ર બોલતાં બોલતાં એમાં કંકુ અને ચોખાના બેચાર દાણા નાખીને પાત્ર ઉંચક્યું. જળ પવીત્ર થઈ ગયું. પછી મનોમન બોલ્યાં, મારા વહાલા લાલ! બરાબર નહાજો. એમની ઉપર એમની પર ધીમે ધીમે ધાર

સ્વરુપે જળ નાખવા માંડ્યું. પાણી બહુ ઠંડું છે. હાથ વધુ ધ્રુજ્યા. ઠાકોરજીને ઠંડી લાગતી હશે નહીં! ચીંતા મુખ પર ઉપસી આવી. થયું, ઉઠીને રસોડામાં જઈને ગેસ પેટાવીને ઠાકોરજીના નહાવા માટે સહેજ હુંફાળું પાણી કરી લાવું. પણ હવે ઘુંટણ ક્યાં ચાલતાં હતાં! બેઠા પછી ઉભા થવામાં ખાસ્સી તકલીફ. બાજુમાં વૉકીંગ સ્ટીક ખરી. ઉભા થતી વખતે ઘુંટણમાં સખત દુ:ખે. ચાલવાની પણ થોડી તકલીફ. ભારે શરીરે રસોડા સુધી જવામાં તો થાકી જવાય. આમેય આજકાલ બહુ સારું લાગતું નહોતું. તોરણે કહ્યું પણ હતું, ‘મમ્મી! તમે કાલે વહેલા ઉઠશો નહીં. હું પુજા કરી લઈશ.’ તોરણ સાત વાગ્યા પહેલાં તો ઉઠે જ ક્યાં છે? સુર્યોદય પછી ઠાકોરજી લાંબો સમય અપુજ રહે એ સાવીત્રીબહેનને ફાવે તેમ નહોતું. એની ચીંતામાં સરખી ઉંઘ પણ આવી નહીં. પ્રાત:કાળે એમની આંખ ઉઘડી ગઈ. સાવીત્રીબહેનને ઘણી વખત થતું. તોરણ, અંજલી, સમીર એ બધાં સવારે ઉઠવા માટે ઘડીયાળ કે મોબાઈલમાં એલાર્મ મુકે છે અને છતાંય તેઓ સમયસર જાગી શકતાં નથી. પંચ્યાસી વર્ષની જીન્દગીમાં એમને ક્યારેય એલાર્મની જરુર પડી નહોતી. પોણા પાંચ વાગે ને ચીત્તમાં ઘંટારવ સમ્ભળાવા માંડે. ઠાકોરજી આવીને ‘સાવીત્રી, ચાલ ઉઠ.’ કહેતા હોય એવી અનુભુતી થાય. સાવીત્રીબહેન ઠાકોરજીનો હાથ પકડવા

ઝડપથી ઉઠી જાય. આંખ ઉઘડી જાય. અંધારુ જ હોય. જો કે સાવીત્રીબહેનને હમ્મેશ લાગે કે પ્રકાશનો એક નાનકડો પુંજ ઉઘાડી બારીમાંથી બહાર નીકળી ગયો છે.

એક બીજું કામ નોંધાયું મનમાં. તોરણને કહીશ કે કાલથી સુતા પછી પાણી ગરમ કરી થરમોસમાં ભરી રાખે. ઠાકોરજી ઠંડીમાં ઠુંઠવાય એ મને નહીં પાલવે. જળપાત્ર ખાલી થઈ ગયું હતું. તાંબાના કળશમાંથી ફરી એમાં પાણી ભર્યું. વીચારમાં ને વીચારમાં ઠાકોરજીને બરાબર સ્નાન નથી કરાવાયું એવું થયું. ફરી પાણીની ધાર એમણે ઠાકોરજી પર રેડવા માંડી. ઠાકોરજીને હાથની આંગળીઓથી ઘસી ઘસીને નવડાવ્યા. ઠાકોરજી જાણે ચકચકીત. પછી સ્વસ્થ કપડાથી લુછ્યા. અચાનક આંખ સમક્ષ નાનકડો સમીર આવી ગયો. સમીરને ત્યારે સાવીત્રીબહેન ઘણી વખત ઠાકોરજી કહીને જ સંબોધતા. ભોળો, ઠાકોરજી જેવો જ. આંખ ઠાકોરજી જેવી જ. ચહેરા પર રમતું હાસ્ય ઠાકોરજી જેવું જ. ‘મમ્મી તને કેટલી વખત કહ્યું? તું રસોડામાં માથું ન માર. તોરણ છે. હવે એને જવાબદારી સોંપી દે.’ વર્ષો વીત્યાં છતાં ઠાકોરજી ન બદલાયા; પણ સમીર ધીમે ધીમે બદલાતો ગયો. સાવીત્રીબહેને ફરી ઠાકોરજી તરફ એકીટસે જોયું. મારા વહાલા ઠાકોરજી!’ બોલાઈ ગયું. ‘ તમે એવા જ રહેજો. કદી ન બદલાશો.’ ટીપોય પર ગઈકાલ રાતનો કપ પડ્યો છે.

સાવીત્રીબહેનની નજર ગઈ. અંજલી પણ એવી જ છે. રાતે જ એ કપ ઉપાડી લેવાનો હોય. એ ઉઠે એટલે કહેવું પડશે. કપ રસોડામાં મુકી દે. ચીત્તમાં ત્રીજું કામ નોંધાયું.

અચાનક એમની દૃષ્ટી મંદીર પર પડી. ધુળ બાઝી ગઈ હોય એવું એમને લાગ્યું. આ તોરણ પણ એવી જ છે. આખો દીવસ ઘરમાં જ રહે છે; તોય એનાથી આ મંદીર જોવાતું નથી! પછી સહેજ મોટેથી અને ખીજાઈને બોલાઈ ગયું, ‘તોરણ, પ્લીઝ! સ્વચ્છ રહીને જ મંદીર પાસે આવવું. ટાઈમમાં હોય ત્યારે મારા મંદીરને હાથ ન લગાડવો.’

‘મમ્મી, તમેય શું! આ એકવીસમી સદીમાં?’ તોરણ ત્યારે મોટેથી બોલી હતી. સાવીત્રીબહેનને તોરણનો મોટો અવાજ પસંદ પડ્યો ન હતો.

‘સદીઓ બદલાશે તોય ધર્મ ક્યારેય બદલાતો નથી.’

જોકે ત્યારે તોરણને ખોટું લાગી ગયું હતું. સમીરે ત્યારે મોટો ઝઘડો કર્યો હતો. એ પછી તોરણે મંદીર પાસે પગ મુક્યો નહોતો. એમ તો ગઈ કાલે જાણે દયા આવતી હોય તેમ એ બોલી પણ હતી, ‘મમ્મી તમારી તબીયત સારી નથી. ચાલો, હું પુજા કરી લઈશ.’ દીકરો નજદીક હોય ત્યારે સારું જ બોલવાનું એ કોઈ વહુ તોરણ પાસે શીખે.

પણ ના. તોરણ ઠાકોરજીની સેવા કઈ રીતે કરી શકે? મારી કેટલીય વસ્તુ એ ભુલી જાય છે. સવારની ચા ઘણી વખત જાતે બનાવવી પડે છે. ભોજનમાં ચાર રોટલી નીયમીત ખાઉં. ઘણી વખત એ મને ત્રણ જ રોટલી આપે. થાળી પરથી ઉઠી ગયા પછી હું ક્યારેક કહું, ‘તોરણ તે મને ત્રણ જ રોટલી આપેલી.’

એ કહે મમ્મી, ‘તમારે માગી લેવી જોઈએ ને?’

મને ગુસ્સો આવે. તમને લોકોને મેં કાયમ આપ્યું છે; તો હવે રોટલીય મારે તારી પાસે માગવાની? મમ્મીને શું જોઈએ છે? કેટલું જોઈએ છે? કેવી રીતે જોઈએ છે? તેનું ધ્યાન તમારે નહીં રાખવાનું? ફરીયાદની ચીસ ઉઠે; પણ કશું બોલવાનું નહીં. સાવીત્રીબહેને સામેના દાદર તરફ નજર કરી. અંજલી, તોરણ કે સમીર ત્રણેયમાંથી કોઈના નીચે આવવાના અણસાર વરતાતા નહોતા. ઠાકોરજીના કપાળ પર ચંદન લગાવ્યા પછી બન્ને હાથની એમની હથેળીમાં પણ ઘસ્યું. પગના તળીયામાં પણ ચંદનનું ટપકું કર્યું. સાવીત્રીબહેન જાણે ચંદનમય થઈ ગયા. સુગંધીત. પછી કપાળ પર કંકુથી ચાંદલો કર્યો. ચોખાના બે–ત્રણ દાણા પણ લગાડ્યા. સમીરને કહેવાનું છે કે આજે અમારી સીનીયર સીટીઝન્સની મીટીંગ છે. તો ગાડી મોકલજે. ઘણી વખત બન્યું છે એમ, સમીર કહેશે કે, મમ્મી, આજે મારે બહુ કામ છે. તું રીક્ષામાં ચાલી જજે.

દર વખતની જેમ આજે સમીર જ્યારે એવું બોલશે ત્યારે દુ:ખી થઈ જવાશે. પણ અંતે તો એણે રીક્ષામાં જ જવું પડશે. ધારે તો તોરણ એમને એક્ટીવા પર મુકી દઈ શકે. જો કે એવો કોઈ પ્રસ્તાવ પોતે મુકે તે પહેલાં જ તોરણ કહી દેવાની કે મમ્મી તમને એક્ટીવા પર બેસતા નથી આવડતું. તોરણના જવાબ સ્પષ્ટ હોય. વાગે એવા પણ હોય. જો કે આમ પણ એક્ટીવા પર બેસવાનું સાવીત્રીબહેનને ફાવ્યું નથી. એક પછી એક કામો યાદ આવતાં હતાં. સાવીત્રીબહેન એ કામો ચીત્તમાં યાદ રાખવાની કોશીશ કરતાં હતાં. ઠાકોરજી, વહાલા ઠાકોરજી, હવે જીવવાની મઝા નથી આવતી. બોલાવી લે તારી પાસે. એવો ચીત્તમાંથી ધીમા સાદે અવાજ આવ્યો. સાવીત્રીબહેનની અકળામણ વધી ગઈ. પછી ધારદાર નજરે ઠાકોરજી તરફ જોયું. ઠાકોરજીના ચહેરા પર એ જ મધુરું સ્મીત. સાવીત્રીબહેન ખડખડાટ હસી પડ્યા.

‘મમ્મી, સવારની પુજા ધીમા અવાજે કરવાની. ઘંટડીના અવાજો અને તારા કર્કશ શબ્દોનો ઘોંઘાટ અમને ઉંઘવા નથી દેતો.’ ફરી સમીરનો અવાજ સંભળાયો.

ખડખડાટ હસવું જાણે ત્વરીત મુરઝાઈ ગયું. મારા જ ઘરમાં મારે હસવાનું પણ નહીં. બોલવાનું પણ નહીં.

'તમે મને છોડીને કેમ ચાલ્યા ગયા?' પ્રશ્ન થયો. પછી અચાનક થયું કે આ પ્રશ્ન ઠાકોરજીને પુછાયો હતો કે એમના 'એ' ને?'

ઠાકોરજી તરફ જોયું. એ જ સ્મીત. સાવીત્રીબહેનના ચહેરા પર ફરી હાસ્ય આવી ગયું. સમીર નાનો હતો ત્યારે વહાલથી એને કપડાં પહેરાવતાં એમ પીળું અબોટીયું ઠાકોરજીના આખા શરીરે વીંટી દીધું. હવે ઠંડી નથી લાગતી ને? આછી મુસ્કાન સાથે પુછાયું.

તરત સમીર એમના ચીત્તમાં આવી ગયો અને બોલ્યો, ' ના, મમ્મી, ના! તારી હુંફ હોય પછી ઠંડી કેવી!' ઠાકોરજી એવું કશુંક બોલતા હોય એવું અનુભવાયું. આજે ક્યાં સમીર એની પાસે છે? સમીર તો અત્યારે તોરણની બાજુમાં – વીચારને પરાણે અટકાવ્યો. પછી ઠાકોરજી તરફ જોયું. આંખ ભીની થઈ ગઈ. બોલાયું, 'તમે જ મારા અને હું જ તમારી.' ગોપીભાવ જાણે એમના આખા શરીરમાં ફેલાઈ ગયો. સારું લાગ્યું. એક ખાંસી આવી. મોટેથી ખાંસી ન ખવાય એની સાવીત્રીબહેને કાળજી રાખી. સમીરને ઉંઘમાં ખલેલ શા માટે પહોંચાડવી?

અંદર કશુંક ઉછળતું હોય એવું એમને લાગ્યું. આખા શરીરમાં જાણે થાક ફેલાઈ ગયો. હવે વધુ વખત બેસાશે નહીં એવું એમને થયું. ઠાકોરજીને ઝડપથી એમના મંદીરમાં મુકી

દઉં. પછી હું મારા કમરામાં જઈને ભરાઈ જાઉં. આજે ઠીક નથી લાગતું. એકાએક સાવીત્રીબહેનને યાદ આવ્યું. ઓહ! આજે તો 'એમનો' નીર્વાણદીન. કઈ રીતે ભુલી જવાયું? ઠાકોરજી, તમે પણ યાદ ન કરાવ્યું? આજે, આજ તારીખે ને લગભગ આ જ સમયે, હું જ્યારે તમારી આરતી ગાતી હતી ને તેઓ રુમમાં મારા નામનો સાદ પાડી રહ્યા હતા. મને સંભળાયું નહીં અથવા હું તમારામાં એટલી મગ્ન હતી ઠાકોરજી, કે મને એમનો ખ્યાલ જ ન આવ્યો. પુજા કરીને હું જ્યારે એમના રુમમાં પ્રવેશું છું ત્યારે તેઓ તો રુમમાં ચત્તાપાટ પડ્યા હતા! આંખના ડોળા બહાર આવી ગયા હતા. હું ચીસાડા પાડતી દોડી હતી એમની પાસે. પણ ત્યારે એમનામાં પ્રાણ જ ક્યાં હતા!

ઠાકોરજી, તમને ખ્યાલ હોય તો મેં પછી દીવસો સુધી તમારી પુજા નહોતી કરી. તમારે લીધે જ અન્તીમ સમયે હું એમની સાથે રહી શકી નહોતી. જો કે પછી મન મનાવ્યું હતું. સમયે સમયે બધું બનતું જ હોય છે. તમારા વીના મારું છે કોણ? ઠાકોરજી, મારા મનનો અજંપો દુર કરો. આ ઉચાટ મારા આખા શરીરે દાઝી ગયા પછીના ફફોલા પાડી રહ્યો છે. સાવીત્રીબહેને ફરી ઠાકોરજીની આંખમાં જોયું.

ઠાકોરજી મરક મરક હસી રહ્યા હતા. ઠાકોરજીને વહાલથી સાવીત્રીબહેને છાતીસરસા ચાંપી દીધા. ભલે બધાં

છોડી જાય મને. તમે મને ત્યજશો નહીં એવું ફરી મનોમન બોલાયું. શ્વાસ ઝડપથી ચાલવા માંડ્યો. સાવીત્રીબહેને ચાર–પાંચ ઉંડા શ્વાસ લીધા. એમને લાગ્યું કે શ્વાસ પુરો લેવાતો નથી. અડધેથી છોડી દેવો પડે છે. એમણે ચોપાસ દૃષ્ટી કરી. બધું જ સુમસામ. બધા રુમ બંધ હતા. એમને થયું કે તોરણને બુમ પાડી બોલાવે. પણ પ્રયાસ કરવા છતાં મોંમાંથી અવાજ જ નીકળ્યો નહીં. શ્વાસ વધુ ઝડપથી ચાલવા માંડ્યા. ઠાકોરજી એમની છાતી સાથે ભીંસાયેલા હતા. છાતી તેજ ગતીથી ઉંચીનીચી થતી હતી. શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. આંખે અંધારા આવવા જેવું થયું. હાથ ધ્રુજી રહ્યો છે કે શું? પગમાં ખાલી ચડી ગઈ હતી કે શું? પ્રશ્ન થયા. સમીરને બુમ પાડવી જોઈએ એવું થયું પણ એનો અમલ ન થઈ શક્યો. શરીરમાંથી ચેતન જઈ રહ્યું હોય એમ અનુભવ્યું. ત્યાં જ ભીતરથી કશુંક ઉછળ્યું. કશું બહાર ન નીકળે એના મરણતોલ પ્રયાસ કર્યા. ઝડપથી ઉભા થવાની મથામણ કરી. એનો પ્રત્યાઘાત પડ્યો હોય તેમ બીજી જ ક્ષણે તેઓ ફર્શ પર ઢળી પડ્યાં. ઠાકોરજી હજુય છાતી પાસે જ હતા.

સૌ પ્રથમ તોરણ આવી. જોયું તો સાસુમાં પડ્યા હતા. ભયથી ચીસ પાડતી એ દોડી. સૌ હાંફળાંફાંફળાં દોડીને ભેગા થઈ ગયા.

♦

થોડાક સમયમાં સાવીત્રીબહેન રાખ થઈ ગયાં.

♦

બે–ત્રણ વખત મોબાઈલમાં રીંગ વાગી. એલાર્મ સંભળાયો. તોરલ ઉઠી. ઝડપથી તૈયાર થઈને મંદીર પાસે બેઠી. ઠાકોરજીને હાથમાં લીધા. જોતી રહી. કેવું અદ્ભુત સ્મીત છે ઠાકોરજીના ચહેરા પર!

ત્યાં જ વીચાર આવ્યો. મમ્મી ગયાં ત્યારે એમના ચહેરા પર પણ સ્મીત હતું, બરાબર ઠાકોરજીના જેવું જ.

તોરણ ધ્રુસકે ધ્રુસકે રડી પડી....

–જનક નાયક

લેખકસંપર્ક :

‘સાહીત્ય સંગમ’, બાવા સીદી, પંચોલીની વાડી સામે, ગોપીપરા, સુરત – 395 001

ફોન : 0261-259 7882/259 2563

મોબાઈલ – 98251 12481

eMail : janaknaik54@gmail.com

Website : www.sahityasangam.net

259 : 16-12-2012

## ગઝલ

–ભગવતીકુમાર શર્મા

અનુક્રમણીકા

.1.

માણસમાં એક ચપટીયે સચ્ચાઈ જોઈએ,
વૈભવની વચ્ચે થોડી ફકીરાઈ જોઈએ.

છબછબીયાં શું કરો છો ઓ કાંઠા–નીવાસીઓ!
ડુબી જવું જો હોય તો ગહેરાઈ જોઈએ.

એકાદ વાર મોતને પણ છેતરી શકું,
મારે ન કોઈ એવી ચતુરાઈ જોઈએ.

ઉંડા જખમની વેદના વેઠી લીધી ઘણી,
પાંપણની સૌમ્ય ધારે ઉઝરડાઈ જોઈએ.

મારામાં સદ્–અસદ્ની ઘણી ભીડ થઈ ગઈ,
મારે જ મારી કરવી હરીફાઈ જોઈએ.

.2.

આ પાર જવું છે કે હજી પાર જવું છે,
નક્કી જ કરી લઈએ કે મઝધાર જવું છે.

છે વીજકડાકા અને ઘનઘોર ઘટાઓ;
કીન્તુ જો જવું છે તો ધુંવાધાર જવું છે.

કુર્નીશ ન બજાવી, કદી સજદોય ન કીધો;
ચાદરને લઈ સાથ કો દરબાર જવું છે.

આકાશના સુરજ તને નવ ગજના નમસ્કાર;
અંધારથી આવ્યો છુ ને અંધાર જવું છે.

રુંધાય છે શ્વાસો અને ભીંસાય છે છાતી;
દરવાજો ઉઘાડો કે જરા બ્હાર જવું છે.

બીજું તો કશું મારી ન મુઠ્ઠીમાં સમાશે;
સ્વપ્નાંઓના ટુકડા લઈ બેચાર જવું છે.

વહાલાને જો મળવું છે તો લઘરા નથી રહેવું;
નખશીખ લઈ ઝળહળ થતાં શણગાર જવું છે.

.3.

સુનકારથી સાદ ન આવ્યો;
મને મોર પણ યાદ ન આવ્યો.

મેલીને મરજાદ ન આવ્યો;
આંખોમાં વરસાદ ન આવ્યો.

પરદો તો વેળાસર ઉઘડ્યો;
યાદ મને સંવાદ ન આવ્યો.

કાસદ થઈ આવ્યાં પારેવાં;
પણ અક્ષર એકાદ ન આવ્યો.

સળંગ સુત્રતા શી જળવાઈ!
દુ:ખોમાં અપવાદ ન આવ્યો.

કુરુક્ષેત્ર, સ્વજનો, સ્નેહીઓ;
કેમ મને અવસાદ ન આવ્યો!

કંઠ શુષ્કને કાન ન સરવા;
એક અનાહત નાદ ન આવ્યો.

.4.

હું વારસ નથી કે હું પુર્વજ નથી;
હું માણસ છું બસ, કોઈ દીગ્ગજ નથી.

હતી એવી પાછી લઈ જાઉં છું;
આ ચાદર છે મારો વીજયધ્વજ નથી.

મને કંકુ–થાપામાં રુંધો નહીં;
હું ગોત્રજ નથી કે હું પુર્વજ નથી.

હું જીવી ગયો છું એ પર્યાપ્ત છે;
આ શબ્દો જ છે, મારું કારજ નથી.

કરો સ્હેજ ‘હાઉક‘ કે ચૂંટી ખણો;
ત્વચા મેં ગુમાવી છે, અચરજ નથી.

હૃદયમાં મને સ્થાન આપી શકો;
છું પ્રેમી; તમારી ચરણરજ નથી.

.5.

જેને ઉગવાની ઉતાવળ હોય છે;
તે ઘણે ભાગે તો બાવળ હોય છે.

આજીવન કેદી છું પડછાયાનો હું;
એ સતત આગળ કે પાછળ હોય છે.

માછલી બે આંખમાં તરતી રહે;
ખારાં તોયે તેમાં મૃગજળ હોય છે.

જીવ ક્યાં કૈં હોય છે બંધાયલો?
શ્વાસ કેવળ કર્ણ–કુંડળ હોય છે.

મોટે ભાગે ક્યાંથી એ સાચી પડે?
ધારણાઓ મારી અટકળ હોય છે.

કાળજું રેડાયું છે એમાં કહો!
કાવ્ય નહીંતર માત્ર પીંગળ હોય છે.

જ્યાંથી આવ્યો ત્યાં જ પાછો જઈશ હું;
એ જ રસ્તો, એ જ એ સ્થળ હોય છે.

.6.

હું મારાથી જાણે વીખુટો પડ્યો,
મેં મુકેલો વીશ્વાસ ટાંચો પડ્યો.

ફકત ચાંચ ચકલીએ મારી હતી;
દીવાલેથી તુટીને ફોટો પડ્યો.

મળ્યો તો મને ગ્રંથ દળદાર પણ;
ફકત એક ફકરો જ ઓછો પડ્યો.

દીવાલો અચાનક કડડભુસ થઈ;
ચલો, ઠીક છે; એક રસ્તો પડ્યો.

હવે પુર આવી શકે આંખમાં;
તમારો આ વર્તારો સાચો પડ્યો!

જવાનો વખત તો થયો, જાઉં છું;
છે મનમાં કે નાહકનો ધક્કો પડ્યો.

.7.

હ્રદયનાં ઉર્મીનગરમાં પ્રચંડ ધાડ પડે;
ધસે છે શબ્દ, કવીતામાં રમ્ય ત્રાડ પડે.

ટકોરા થાકી ગયા ને જમીનદોસ્ત થયા;
સહાનુભુતીથી કંપી જઈ કમાડ પડે.

ધરા, ગગન ને નદી સર્વ એકરુપ થયાં;
બગાસું ખાવ જરા સુર્યનો ઉઘાડ પડે.

અડગ મનુષ્ય છે; ભેખડ ઢચુપચુ નીકળી;
હવે જો વાયરો વીંઝાય તો કરાડ પડે.

ખરી પડ્યાં છે બધાં પર્ણ, ડાળીઓ ભોંયે;
કોઈ ન નોંધ એ લેશે હવે જો ઝા

.8.

પડછાયો કેવો મારો મને છેતરી ગયો,
હું જ્યાંનો ત્યાં રહ્યો અને એ ગુમ થઈ ગયો.

લટકાવી ત્યાં નહોતી કદી મારી મેં છબી,
દીવાલનો એ ભાગ તો ઝાંખો પડી ગયો.

આંસુની ધાર લઈને નદી નીકળી હતી,
એનો પ્રવાહ જોઈને પર્વત ખસી ગયો.

મૃત્યુનો દુત દેહ લઈ ચાલતો થયો,
જોઈ અડગતા આતમાની એ ડરી ગયો.

www.gujaratilexicon.com

કાગળ, કલમ ને અક્ષરો સાહેદી પુરશે,
પાગલ હતો એ આદમી, થોડું લખી ગયો.

થોડું ઘણુંયે તેજ પ્રસારી લીધું હતું,
જો કે એ સુર્ય વહેલો ઘણો આથમી ગયો.

.9.

મેં મારા મનને આકરી શીક્ષા કરી હતી;
કારણ કે એણે મોક્ષની ઈચ્છા કરી હતી.

આવો ન આવો આપ, ફરક કંઈ નહીં પડે;
હું પણ ન જાણું તેમ પ્રતીક્ષા કરી હતી.

બોલાયું'તું તો માત્ર તમારું જ નામ ત્યાં;
લોકોએ મારા નામની ચર્ચા કરી હતી.

અપરાધ જો ગણો તો ફક્ત એટલો જ કે;
સંભવ નહોતો ત્યાં મેં અપેક્ષા કરી હતી.

ખુશ્બુ તમારા શ્વાસની ફેલાઈ'તી સભર;
ફુલોએ માત્ર મ્હોરીને શોભા કરી હતી.

તો પણ મળ્યો નકારમાં ઉત્તર તો શું કરું?
ઠેકાણું જોઈને જ મેં પૃચ્છા કરી હતી.

દર્શન ન દો તમે તો હું આગ્રહ નહીં કરું;
મેં તો તમારી પ્રાણપ્રતીષ્ઠા કરી હતી.

.10.

સમુહ આ માણસનો બહુ ડંખીલો છે;
એની પાસે ઈસુ-સમયનો ખીલો છે.

ફુલોની ખુશ્બુનુંયે વીશ્લેષણ કરશે;
માણસ છે તો નરવો, પણ ગંધીલો છે.

વાડ ઉપરનું પંખી તો વીંધાઈ ગયું;
ટહુકા જેવો ટહુકો પણ થોરીલો છે.

પડછાયાની પાછળ પાછળ મીથ્યા દોડે;
માણસ ખુદને માટે પણ વહેમીલો છે.

મૃત્યુ પાસે એ શાનો નમતું જોખે?
સ્મરણોનો સુબો એનો બહુ લીલો છે.

કાળનો કાળો નાગ હવે ઘેરાયો ચોગમ,

કીડી-કાફલો ક્ષણનો બહુ સંપીલો છે.

*ભગવતીકુમાર શર્મા*

કવી સંપર્ક:

ભગવતીકુમાર શર્મા, 32–B પવીત્રા રો હાઉસ, ગેટ નં–2,

આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત–395 009

ફોન – 0261 2743967

@@@

260 : 30-12-2012

# ન્યારું શીરામણ

(ખવૈયાગીરી પર લ/ખવૈયાગીરી)

–અરુણા જાડેજા

અનુક્રમણીકા

(મરાઠી વાચકો માટે લેખીકાએ મુળ મરાઠીમાં લખેલો અને તેમના દ્વારા જ અનુવાદીત આ લેખ)

પ્રીય મરાઠી વાચકો, અમારે ત્યાં ગુજરાતીમાં એક કહેવત છે કે : ‘ કાશીનું મરણ ને સુરતનું જમણ.’ કાશીનું મરણ તો દુર્લભ; પણ સુરતનું જમણ હું ચોક્કસ લાભી છું. કારણ, મારો જન્મ સુરતમાં. જન્મે મરાઠી; પણ નાનેથી મોટી તો ગુજરાતમાં જ થઈ. સ્વાભાવીક જ છે કે રસીકડા(નર્મદવાળા) ગુજરાતીઓની એવી જ રસીલી વાનગીઓથી હું ટેવાયેલી–હેવાયેલી હોઉં. જન્મ અને મરણના બે છેડા વચ્ચેનું એક મંગળબીન્દુ એ લગ્ન. એ પણ ગુજરાતી સાથે જ. આમ, ભણી–ગણી–પરણી બધું ગુજરાતીમાં જ. એટલે ગુજરાતી રસોઈ મારે સાવ હૈયાવગી.

આપણી ‘ન્યાહારી’ જેવો જ અમારો અસલ તળપદી શબ્દ ‘શીરામણ’. પહેલાંના વખતમાં શીરોબીરો કરતા હશે ને તેથી કદાચ આ શબ્દ આવ્યો હશે. ત્યારે તો ઘી–દુધની

રેલમછેલ. સવારથી સાંજ વાડી–ખેતરમાં જોડાવાનું. એટલે કૉલેસ્ટરૉલ તો કીસ બલા કા નામ હૈ!

બ્રેકફાસ્ટમાં બેસે એવા અને પાછું જેના પર ગુજરાતી વીશીષ્ટ છાપ હોય એવા અમારા ખાસ–ખાસ નાસ્તા જોઈએ.

અમારા કચ્છ–કાઠીયાવાડમાં આજેય શીરામણમાં હોય બાજરાનો રોટલો. સાથે હોય તેવડ પ્રમાણે દુધ કે છાશ, શહેરોમાં ઉછરેલાં અમારાં સંતાનો પણ ગામડે આવે ત્યારે એમનો ગમતો ને ભાવતો નાસ્તો (જમણ ને વાળુ પણ) આ જ. ઘરની ગાય–ભેંસનાં શેઢકડાં દુધ, તકતકતાં ને લસલસતાં ઘી–માખણ.

ગુજરાતનો નાસ્તો કહો એટલે આંખ સામે એમની તળેલી વાનગીઓ આવીને ઉભી રહી જાય. પણ એવું નથી. એમની રોજીન્દી ખાદ્યશૈલી કંઈ એવી તૈલી નથી.

ગામડાના રોટલાની જેમ શહેરમાં ઘરેઘરે સવારના નાસ્તામાં થેપલાં જોવા મળે. આ થેપલાંનું કુળ પરોઠાનું. તોયે એનો એક ખાસ સ્વાદ છે જે ગુજરાતીઓને એકદમ જીભવગો. ફક્ત સવારે જ નહીં; પણ ગમે ત્યારે થઈ શકે એવો આ નાસ્તો. અમારા ગુજરાતીઓનો પ્રવાસ થેપલાં વીના શક્ય જ નથી. એમાંયે કેટકેટલી વીવીધતા! આમ તો મોટે ભાગે ઘઉંના લોટમાં જુવાર કે ચણાનો લોટ પડે. કચ્છ–કાઠીયાવાડમાં બાજરીનો લોટ આગળ પડતો હોય. થેપલાંના

રાજ ઉપર આ બેઉની – વીદુષી એવા ભરાવદાર દુધીબાઈ તેમ જ ઝીણકી, પણ અનેરી મેથીબાઈની – જ આણ વર્તે.

આ થેપલાંનો ગુરુમંત્ર એ કે લોટમાં શાકભાજી નહીં; પણ શાકભાજીમાં સમાય તેટલો જ લોટ પડે. આવા ઢીલાઢીલા લોટનાં થેપલાં વણવાનું કામ કોઈ ઢીલાપોચાનું નહીં. વણવામાં થોડી કુનેહ જરુરી. પણ આવાં નરમ–ગરમ થેપલાં ખાઈને–હરખાઈને વડેરાં–ઘરડેરાં શી વાતે આશીષ આપશે!

મુઠીયાં એ થેપલાંનો ભાઈબંધ. ખોળીયાં જુદાં એટલું જ, બાકી આત્મા તો એક જ. મુઠ્ઠીમાં વાળીને નાનાંનાનાં કે મોટા વાટા જેવાં વાળીને પણ થઈ શકે. બાફીને થાય, ઉછાળી(વઘારી)ને થાય, તળીને પણ થાય. પણ આપણે તબીયત સાચવવાની હોવાથી પહેલી પસંદગી બાફેલાંને આપીશું ને?

આ મુઠીયાંને દેખાવડાં કરવા માટે એનાં લંબગોળ(માછલી) આકારના વાટા વાળીને બાફી લેવાં. ત્યાર બાદ લૉફ–બ્રેડ પર હોય છે તેવા ત્રાંસા કાપા કરવા. તલ–રાઈ–હીંગનો રુડો વઘાર ચમચીથી થોડોથોડો રેડવો. લીલાંલીલાં મુઠીયાં ને એના પર ચમકતાં સફેદ તલ. તમને એમ જ લાગશે કે આંગણામાંની એકાદી વેલી પરથી સીધાં જ ઉતાર્યાં છે કે શું?

થેપલાંની જેમ આ મુઠીયાંની પણ એક ગુરુચાવી(બીઝનેસ ટ્રીક) છે. હવે થાય શું કે દુધી–પાલક તો જલદી ચડી જાય અને લોટને લાગે વાર. ત્યાં સુધીમાં તો રાહ જોઈને થાકેલાં બીચારાં શાકભાજી લીલામાંથી ખાખી રંગનાં થઈ જાય. તેથી મુઠીયાંમાં પડતો ઘઉંનો જાડો કે હાંડવાનો કરકરો લોટ શેકી લેવો. હવે લોટ પણ ચડેલો હોવાથી એ રેસમાં ભાજી અને લોટ બન્ને સાથે જ ફીનીશીંગ લાઈન પર પહોંચે છે. દુધીનો લીલેરો અને ભાજીનો લીલોછમ્મ રંગ સચવાઈ જાય છે. વધારામાં મુઠીયાંમાં આથો ન હોવાથી ઍસીડીટી આ બાજુ ફરકે જ શાની?

ભ’ઈ ખરી, એ ભાખરી ખરી! ઘઉંના જાડા લોટમાંથી બનેલી, સાવ ધીમા તાપે શેકાયેલી ( મા’રાજનું કામ નહીં) ભાખરીની કકરાટી તો બીસ્કીટથી કમ નહીં. પૌષ્ટીકતામાં તો થેપલાંથીયે ચડે. હા, વાતની જેમ આમાંયે મોણ માપસરનું જ નાખવાનું. નહીં તો પાછું ઉલમાંથી ચુલમાં પડવાનું થાય! રાતના જમણમાં દુધ–ભાખરી અગ્રીમ ક્રમે.

ખા ખરા (ફરસા) ખાખરા. (ફરસા)ખાખરા ખરા(સાચા) હશે તો જ આજે એનાં આટલાં બધાં ગુણગાન ગવાતાં(મોટે ભાગે તો પરાણે જ) હશે ને? વધેલી રોટલીને સાફ–સુથરા કટકાથી હળવેકથી દબાવી–દબાવીને આછા ગુલાબી રંગનાં

શેકીને થતા આ ખાખરા. હાથના આ કસબમાં પણ ગુજરાતીનું જ કામ ને ગુજરાતનું જ નામ.

રોજના નાસ્તા પછી હવે વાર–તહેવાર–રવીવારના નાસ્તા જોઈએ.

ગુજરાતનો ઝંડો ફરકાવનારાં તો ખમણ–ઢોકળાં–ઈદડાં. એમાં પણ ગુજરાતી મોનૉપોલી. ઢોકળાં એ ખમણના મસીયાઈ થાય ને ઈદડાં એ ઈડલીનાં સગાં માજણ્યાં. કેરીગાળે રસની મહેફીલમાં ઈદડાંની સંગત તો અચુક.

નર્યાં પીળા–ધમ્મક ખમણ, મરચું ભભરાવેલાં આછેરાં પીળાં ઢોકળાં, મરી છાંટેલાં ધોળાં ફુલ જેવાં ઈદડાં – એ બધાં પર લીલાં મરચાં ને રાઈનો વઘાર તો શો સોહે! ઉપર પાછી ગૃહીણીની ખાસમખાસ સખી, રુપરુપના અંબાર સમી કોથમીર બીરાજતી હોય, પછી તો આ કામણગારા પદાર્થોનું પુછવું જ શું?

(વઘારમાં છાશનું પાણી રેડવું જેથી મરચાંના ટુકડા બળી ન જાય અને મુઠીયાં–ઢોકળાં–ખમણ–ઈદડાં બીજે દીવસે પણ ગળે ઉતારતાં તકલીફ ન પડે.)

અત્યાર સુધી તમે જોયું હશે અને હવે પછી પણ જોશો તો સમજાશે કે આ બધા જ નાસ્તા ઘઉં–જુવાર–બાજરી–ચણાનો લોટ કે જુદી જુદી દાળ અને શાકભાજીમાંથી બનેલા છે, તેથી સ્વાસ્થ્ય માટે લાભકારક અને પૌષ્ટીક છે.

બાફેલા–સાંતળેલા નાસ્તા પછી હવે આપણે બે–ચાર તળેલા એવા નાસ્તા જોઈએ કે જેના પર પણ મહોર તો ગુજરાતની જ છે.

થેપલાંનું બૉન્સાઈરુપ એટલે બાજરીનાં વડાં. ગોળમટોળ. હાથ વડે થેપી–દબાવીને થતાં નાનાં નાનાં ચપટાં વડાં. તલનો ઉજાસ અને મેથીની લાલાશ ભળતાં બાજરીના ભુખરાપણાને હામ આવે.

ભજીયાં તો ઠેર ઠેર જોવા મળે; પણ ગોટા અને તેમાંયે ડાકોરના ગોટાનો જડે ન જોટો. આ યાત્રાધામના ભગવાન શ્રી રણછોડરાયજીની જેમ અમારા ગુજરાતીઓને ત્યાંની પરસાદી સમા આ ગોટા માટે પણ એટલો જ ભક્તીભાવ. ભજીયાંની જેમ ગોટાનેય ‘ચાહ’ બીના નહીં રાહ એમાંનું. ને મરચાં તો તેમની હાજીહા કરનાર હજુરીયાં!

શ્રીમંત ઘરાણાનું ફરસાણ એટલે તુવેર(લીલવા)ના ઘુઘરા. ઉત્તર ભારતથી આવેલાં સમોસાંએ ભલે ઉત્તર ભારતમાં પગદંડો જમાવ્યો હોય; પણ અમારી લીલવાની કચોરી સામે એનો કોઈ ક્લાસ નહીં. ક્લાસીક. સમોસાં અને કચોરીને મુલવવાં એટલે અનુક્રમે ફીલ્મફેર એવૉર્ડ ને નેશનલ એવૉર્ડ જેવું. ક્રીટીક્સ ચૉઈસ. જો બાત તુવરમેં હૈ વો મટરમાં કહાં? ઘઉંના લોટનાં, ગુલાબી ઝાંયવાળાં ફરસા પડમાં છુપાયો છે લીલોતરીનો ખજાનો – લીલવા, ભારોભાર લીલું

લસણ, લીલું કોપરું અને લીલા ધાણા. લીલવાની કચોરી; ન થાયે એની બરોબરી.

ધુઘરાના જ ગોત્રનાં એક બહેનબા એટલે સુરતી પેટીસ(બફવડાં). રઈસી ખાનદાન. આમ તો બારે માસ મળતા બટાકાની થાય; પણ શીવરાત્રી પર મળતા રાજાશાહી બટાકામાંથી થતી પેટીસ તો લાજવાબ. બાફેલા બટાકાના સોનેરી પડમાં ભર્યું હોય લીલાં કોપરાંનું રુપેરી પુરણ.

આપણા મહારાષ્ટ્રની જેમ અહીં પણ તીખી પુરી ચા સાથે બહુ ઉપડે. બાકીના બીજા નાસ્તા બટાકા પૌંઆ, ઉપમા, ખાંડવી વગેરે બીજે પણ–રંગેરુપે થોડા ફેરફાર સાથે જોવા મળે જ છે. એમ તો ગુજરાતનો પર્યાય ફરસાણ પણ ગણાય છે. પણ એ કાંઈ બધાંના બ્રેકફાસ્ટમાં રોજ બેસતું નથી. આવાં તૈયાર ફરસાણને 'તું ચીજ બડી હૈ મસ્ત' કહેનારો 'જીભ–એ–મસ્ત' નામનો એવોયે એક વર્ગ છે ખરો કે જેમની સવાર આવા ફાફડા–ગાંઠીયા–જલેબી વગર પડતી નથી.

સવારમાં નાસ્તામાં મીષ્ટાન્નમાં શીરો, સક્કરપારા, મગસ એ બીજે પણ જોવા મળે છે; પણ સુખડી એ ફક્ત ગુજરાતની જ પૅટન્ટ. સરખા ઘીમાં, સરખો શેકાયેલો ઘઉંનો લોટ, એમાં ઉમેરાય દેશી ગોળનો ભુકો(પેલો કૅમીકલવાળો–ધોળો ફટાક ગોળ નહીં!) ફટાફટ હલાવીને તુરત જ થાળીમાં ઠારવામાં આવે. કુશળતાથી અણીશુદ્ધ ટુકડા થાય. ઘઉં–

ગોળની સોડમદાર ચોસલેદાર સુખડી મોઢામાં મુકતાં જ ઓગળી જાય છે. પેટમાં પડતાં જ બધું ઝળાંહળાં થઈ જાય એવી અમીરાતભરી ને મીઠી–મધુરી. દાદીનો વારસો જોઈતો હોય તો શેકાયેલા એ લોટમાં થોડું દુધ છાંટો. પોચીપોચી આ સુખડી એ બોખલા જીવની આંતરડી ઠારશે. એય ખુશ ને આપણેય ખુશ.

આવી છે અમારી ખુશખુશાલ સવાર. જેની સવાર સારી એનું બધું સારું!

(મહારાષ્ટ્રના એક દૈનીકની પુર્તીમાં છપાયેલો આ લેખ, લેખીકાની કલમે જ ગુજરાતીમાં અવતર્યો અને ‘કુમાર’ – ૨૦૦૯ના એક અંકમાં પ્રકાશીત થયો.)

–અરુણા જાડેજા

લેખીકાના પુસ્તક ‘લ/ખવૈયાગીરી’(પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ –380 001 Email – goorjar@yahoo.com પહેલી આવૃત્તી : 2012, પૃષ્ઠ : 96, મુલ્ય રુપીયા : 55)માંથી સાભાર....

લેખીકાસમ્પર્ક :

એ–1, સરગમ ફ્લેટ્સ, ઈશ્વરભુવન રોડ, નવરંગપુરા, અમદાવાદ –380 014 ફોન : 079-2644 9691

ઈ–મેઈલ : arunaj50@yahoo.com

261 : 13-01-2013

# આવ ભાઈ હરખા!

–આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ભીડભાડથી ભરેલું રેલવે સ્ટેશન. આખા દીવસમાં કેટલીય ટ્રેનો આવે ને જાય. કીડીયારાની જેમ ઉભરાતા લોકો પરસેવાથી રેબઝેબ અને સામાન ઉંચકીને થાકીને ઠુસ થઈ ગયેલા. પ્લૅટફૉર્મ પર ચા- કૉફીના, ખાણી–પીણીના, છાપાં–મેગેઝીનના કેટલાય સ્ટોલ હતા; પણ બધામાં ફાસ્ટફુડના સ્ટૉલનો તો રુઆબ જ જુદો. બહાર પીત્ઝા, બર્ગર, પૉટેટો ચીપ્સ અને પેસ્ટ્રી તથા કેકનાં એવાં મોટાં મોટાં રંગીન ચીત્રો મુકેલાં કે જોઈને જ મોઢામાં પાણી આવી જાય. ન ખાવું હોય એનેય ખાવાનું મન થઈ જાય.

સ્ટૉલવાળાને વળી રમણ નામનો એવો એક ચાલાક છોકરો મળી ગયો હતો, જે આવતાં–જતાં લોકોને ‘આવો સાહેબ, આવો મૅડમ’ એમ લળી લળીને કહેતો અને એમને ફાસ્ટફુડ સેન્ટરમાં આવ્યે જ છુટકો કરતો. સ્ટૉલના માલીક પણ ક્યારેક કદરદાનીરુપે રમણને વધ્યાં–ઘટ્યાં બર્ગર કે ચીપ્સ પકડાવી દેતા. પણ એનો આધાર એમની મહેરબાની

પર રહેતો. ક્યારેય કશું ન મળે તો રમણે પોતે જ ખાવાનો વેંત કરવો પડતો.

આજે શી ખબર ક્યાંથી બે ટાબરીયાં સ્ટૉલ આગળ આવીને ઉભાં રહી ગયાં. મેલાં–ઘેલાં કપડાં અને પગમાં તુટેલી સ્લીપર. બંને સ્ટૉલ પાસે ઉભાં રહીને રાડો પાડવા લાગ્યાં :

‘પુરી–ભાજી લેવી છે, પુરી–ભાજી? દસ રુપીયામાં પુરી–ભાજી.’

નાનો છોકરો વળી વધુ ચબરાક હતો,

‘ટેસ્ટફુલ ને વળી તાજી, એવી છે અમારી પુરી–ભાજી. સાહેબ, ખાઈને પૈસા આપજો.’

રમણે જોયું ન જોયું કર્યું. છોને વેચતા પોતાનો માલ, એમ કરીને છોકરાઓની દયા પણ ખાધી. જેને ફાસ્ટ ફુડનું મોંઘુંદાટ ફુડ પરવડે એમ નહોતું એવાં લોકો આવી આવીને પુરી – ભાજી ખરીદવા લાગ્યાં. સ્ટૉલના માલીકે પોતાના કાઉન્ટર પરથી જોયું કે આ છોકરાઓને લીધે એની ઘરાકી તુટતી હતી. વળી, ભુખડીબારસ જેવા છોકરાઓને જોઈને થોડા શ્રીમંત ગ્રાહકો દરવાજામાંથી જ પાછા વળી જતા હતા. તરત એણે રમણને બોલાવીને ખખડાવવા માંડ્યો,

‘કેમ સાલા, તને અહીં નોકરીએ શેને માટે રાખ્યો છે? ભજન કરવા?’

‘શું થયું સાહેબ. મારી કંઈ ભુલ થઈ?’

‘ના, ના, તારી તે કંઈ ભુલ થતી હશે? આ સ્ટૉલ મારો ને આ આલતુ–ફાલતુ છોકરાઓ અહીં આવીને પોતાનો ધંધો કરે એમાં ભુલ તારી કે મારી?’

‘પણ સાહેબ, એ તો... એ તો...’

‘એ તો ને બે તો; હું કાંઈ ન જાણું. ખદેડી કાઢ એ બેયને અહીંથી. સારા સારા ઘરાકો પાછા જતા રહે છે. ભાન પડે છે કંઈ?’

‘હમણાં બેઉને કાઢું છું સાહેબ, ચીંતા ન કરો.’

સાહેબ પાસે નરમઘેંસ બની ગયેલો રમણ શુરવીર બનીને બહાર નીકળ્યો, ‘ચાલો, ભાગો જોઉં બેઉ અહીંથી! કોને પુછીને અહીં ઉભા છો? મારા માલીકની ઘરાકી બગાડો છો તે!’

બેઉ છોકરાઓ સીયાવીયા થઈ ગયા.

‘આટલી પુરી–ભાજી વેચાઈ જાય એટલે હાલ્યા જઈશું, ભઈ! ઘડીક ઉભા રે’વા દ્યો તો મે’રબાની!’

‘ભઈ, અમારી મા માંદી છે. જેમ તેમ આટલી પુરી–ભાજી બનાઈ આલી છે’. નાનકાએ કહ્યું.

‘હવે જાવ છો કે મારા શેઠને બોલાવું? શેઠ આવીને એવી ધોલાઈ કરશે કે...’ બેઉ છોકરાઓ ગભરાઈને ભાગ્યા.

રમણ છાતી ફુલાવતો શેઠ પાસે ગયો અને પોતાની પરાક્રમગાથા વર્ણવતાં બોલ્યો,

'શેઠ ખદેડી મુક્યા બંનેને. તમારું નામ દીધુંને એટલે ઉભી પુંછડીએ ભાગ્યા.' શેઠે ખભો થાબડીને શાબાશી આપી એટલે રમણને થયું કે, આજે શેઠ વધુ મહેરબાન થશે. પછી તો આખો દીવસ એવો દોડધામમાં નીકળી ગયો કે કંઈ વીચારવાનીય ફુરસદ ન મળી. ગ્રાહકોને આવકારવાનાં, ટેબલ સુધી દોરી જવાનાં, ટેબલ સાફ કરવાનાં, પાણીના ગ્લાસ આપવાના – આ બધાંમાંથી કોઈ પણ કામ માટે રમણના નામની બુમ પડે ને રમણ દોડીને હાજર થઈ જાય!

જેમ જેમ રાત પડતી ગઈ તેમ તેમ અવરજવર ઘટવા લાગી, ઘરાકી ઓછી થતી ગઈ. અગીયાર–સાડા અગીયાર થયા ને સ્ટૉલનો સંકેલો કરવાનો સમય થઈ ગયો. બધું પતાવીને નીકળ્યો ત્યારે રમણ થાકીને લોથપોથ થઈ ગયો હતો. ભુખથી બેવડ વળી જવાતું હતું. છેક સુધી કંઈક તો મળશે, એવી આશા હતી; પણ જ્યારે શેઠ સ્ટૉલ બંધ કરીને ચાવીનો ઝુમખો લઈને ચાલવા લાગ્યા ત્યારે એ સમજી ગયો કે, હવે પેટનો ખાડો પુરવા પોતે જ કંઈક કરવું પડશે.

પાંઉ – વડાના સ્ટૉલ પર જઈ એણે ચાચાને પુછ્યું, 'ચાચા, કંઈ ખાવાનું છે?'

‘કંઈ નથી દીકરા. આ છેલ્લી ટ્રેન ગઈ એમાં બધો માલ વેચાઈ ગયો.’

‘ચાચા, બપોરે બે છોકરાઓ અમારા સ્ટૉલ આગળ ઉભા હતા એને જોયા?’ ચાચાએ ‘ના’માં ડોકું ધુણાવ્યું. રમણ નીરાશ થઈ ગયો. પેટમાં જાણે અગન બળતી હતી. બાજુમાં જ પેપર વેચતા અસલમને, પાણીની બૉટલ અને પાઉચવાળા મનીયાને બધાને પુછી વળ્યો; પણ કોઈએ છોકરાઓને જોયા નહોતા.

થાક્યાપાક્યા રમણે પ્લૅટફૉર્મ પર દુર સુધી નજર દોડાવી. એકદમ છેવાડે પાણીના નળ પાસે બન્ને છોકરાઓ દેખાયા ને એના જીવમાં જીવ આવ્યો. દોડીને એ એમની પાસે પહોંચ્યો ત્યારે બન્ને ભાઈઓ છાપાંના કટકામાં પુરી–ભાજી મુકીને ખાતા હતા.

‘થોડી પુરી–ભાજી છે?’ બપોરે એમને ધમકાવ્યા હતા એ યાદ આવતાં રમણે કંઈક સંકોચથી પુછ્યું. પછી હાથમાંનો પાંચ રુપીયાનો સીક્કો બતાવતાં કહ્યું, ‘મારી પાસે દસ રુપીયા નથી. અડધી પ્લેટ હોય તો આપોને! બહુ ભુખ લાગી છે.’ મોટા છોકરાએ એનો હાથ પકડીને બાજુમાં બેસાડતાં કહ્યું, ‘મને ખબર છે, આખો દીવસ કામ કરીને આપણને બધાને કેવી ભુખ લાગે છે! જે છે તે ત્રણે ભેળા મળીને ખાઈ લઈશું. પૈસા રહેવા દે તારી પાસે.’

(જ્ઞાનદેવ મુકેશની હીંદી લઘુકથાને આધારે)

તા. 16/02/2012ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લે પાનેથી સાભાર...

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

બી–401, દેવદર્શન, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

262 : 27-01-2013

# મહેફીલ

–મરીઝ

અનુક્રમણીકા

.1.

હું ક્યાં કહું છું આપની ‘હા’ હોવી જોઈએ ;
પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઈએ.

પુરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા,
મરજી મુજબની થોડી મજા હોવી જોઈએ.

એવી તો બેદીલીથી મને માફ ના કરો,
હું ખુદ કહી ઉઠું કે સજા હોવી જોઈએ.

આ તારું દર્દ હો જો બીજાને તો ના ગમે,
હમણાં ભલે કહું છું દવા હોવી જોઈએ.

મેં એનો પ્રેમ ચાહ્યો બહુ સાદી રીતથી,
નહોતી ખબર કે એમાં કલા હોવી જોઈએ.

ઝાહેદ આ કેમ જાય છે મસ્જીદમાં રોજ રોજ,
એમાં જરાક જેવી મજા હોવી જોઈએ.

પૃથ્વીની આ વીશાળતા અમથી નથી 'મરીઝ',
એના મીલનની ક્યાંક જગા હોવી જોઈએ.

.2.

તુજ બેવફાઈમાં છે વ્યથા કોણ માનશે!
જે જોઈ છે મેં તારી દશા કોણ માનશે?

મારા ગુનાહો જોઈ, મને બેશરમ ન માન,
સાથે જ ભોગવું છું સજા કોણ માનશે?

દીલ મારું, પ્રેમ મારો અને એમની શરત!
મેં ખુદ કહી છે કેટલી 'ના' કોણ માનશે?

વરસો થયાં હું જેમની મહેફીલથી દુર છું,
ત્યાં પણ હજી છે મારી જગા કોણ માનશે?

છે ખુશનસીબ વ્યક્ત કરે જે ઉદારતા,
દીલમાં રહી ગઈ તે દયા કોણ માનશે?

જે વાત પર બધાએ શીખામણ દીધી 'મરીઝ',
સંમત હતો હું એમાં ભલા કોણ માનશે?

.3.

કુદરતના ખેલ હાથમાં આવી નહીં શકે,
કળીઓને ગલીપચીથી હસાવી નહીં શકે.

મારા કવનનું આટલું ઉંડું મનન ન કર,
કંઈ યાદ થઈ જશે તો ભુલાવી નહીં શકે.

ના માંગ એની પાસે ગજાથી વધુ જીવન,
એક પળ એ એવી દેશે વીતાવી નહીં શકે.

અંતીમ દર્દ હોય તો આવે છે સ્તબ્ધતા,
સાચો વીરહ છે એ જે રડાવી નહીં શકે.

તે વેળા માન તારી મહત્તા બધી ગઈ,
જ્યારે તને કશુંય સતાવી નહીં શકે.

એવા કોઈ સમયને હું ઝંખું છું રાતદીન,
તું આવવાને ચાહે, ને આવી નહીં શકે.

એક જ સલામતી છે કે પડખામાં દીલ રહે,
એ બહાર જો જશે તો બચાવી નહીં શકે.

.4.

લેવા ગયો જો પ્રેમ તો વહેવાર પણ ગયો,
દર્શનની ઝંખના હતી, અણસાર પણ ગયો.

એની બહુ નજીક જવાની સજા છે એ,
મળતો હતો જે દુરથી સહકાર પણ ગયો.

રહેતો હતો કદી કદી ઝુલ્ફોની છાંયમાં,
મારા નસીબમાંથી એ અંધકાર પણ ગયો.

સંગતમાં જેની સ્વર્ગનો આભાસ હો ખુદા,
દોઝખમાં કોઈ એવો ગુનેગાર પણ ગયો.

એ ખુશનસીબ પ્રેમીને મારી સલામ હો,
જેનો સમયની સાથે હૃદયભાર પણ ગયો.

એ પણ છે સત્ય એની ઉપર હક નથી હવે,
એવુંય કંઈ નથી કે અધીકાર પણ ગયો.

સાકી છે સ્તબ્ધ જોઈ નશાની અગાઢ ઉંઘ,
પીનારા સાથે કામથી પાનાર પણ ગયો.

કેવી મજાની પ્રેમની દીવાનગી હશે!
કે જ્યાં 'મરીઝ' જેવો સમજદાર પણ ગયો

.5.

મેં તજી તારી તમન્ના તેનો આ અંજામ છે,
કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે.

છે સ્ખલન બે ત્રણ પ્રસંગોમાં મને પણ છે કબુલ,
કોણ જાણે કેમ આખી જીન્દગી બદનામ છે.

એક વીતેલો પ્રસંગ પાછો ઉજવવો છે ખુદા!
એક પળ માટે વીતેલી જીન્દગીનું કામ છે.

આપની સામે ભલે સોદો મફતમાં થઈ ગયો,
આમ જો પુછો બહુ મોઘાં અમારાં દામ છે.

જીન્દગીના રસને પીવામાં જલ્દી કરો 'મરીઝ',
એક તો ઓછી મદીરા છે, ને ગળતું જામ છે.

.6.

મને શ્રદ્ધા ભલે ને હોય કે ઈશ્વર બધાનો છે,
દુઆ એવી કરું છું જાણે મારો એકલાનો છે.

હવે કોઈ સુચન આપો કે ક્યાં નીકળી જવું મારે,
કે એ પોતે જ છે દુઃખમાં જે મારા મહેરબાનો છે.

સમયની લાજ રાખી ને ઘડીભર તો તમે આવો,
કે પળભરના ભરોસા પર અહીં આખો જમાનો છે.

કોઈ આ ભેદ ના કહેજો, ખુદા ખાતર સમંદરને,
ખુદા કરતાં વધુ વીશ્વાસ મુજને નાખુદાનો છે.

હવે એવી દુઆ છે કે કોઈ જોવા નહીં આવે,
હવે જોવા સમો નકશો અમારી દુર્દશાનો છે.

મરણ સુધરી ગયું મારું 'મરીઝ' આ એના શબ્દોથી,
કે એના બંધ આ હોઠોમાં, 'મારી દાસ્તાનો' છે.....

.7.

જ્યારે કલા, કલા નહીં, જીવન બની જશે,
મારું કવન જગતનું નીવેદન બની જશે .

શબ્દોથી પર જો દીલનું નીવેદન બની જશે,
તું પોતે તારા દર્દનું વર્ણન બની જશે .

જે કંઈ હું મેળવીશ હમેશાં નહીં રહે ,
જે કંઈ તું આપશે તે સનાતન બની જશે.

મીઠા તમારા પ્રેમના પત્રો સમય જતાં,
ન્હોતી ખબર કે દર્દનું વાચન બની જશે.

તારો સમય કે નામ છે જેનું ફકત સમય,
એને જો હું વીતાવું તો જીવન બની જશે .

તારું છે એવું કોણ કે માગે સ્વતંત્રતા!
મારું છે એવુ કોણ જે બંધન બની જશે?

આંખો મીંચીને ચાલશું અંધકારમાં 'મરીઝ'
શંકા વધી જશે તો સમર્થન બની જશે .

.8.

જ્યાં છે એ નક્કી વાત કે કોઈ અમર નથી,
અમૃત મળે તો શું કરું? એમાં અસર નથી.

ખામી તમારા રુપમાં દેખાય છે હવે,
પહેલાં હતી જે, એવી અમારી નજર નથી.

ગઈકાલે શું થયું ભલા એનું તો ભાન ક્યાં?
આજે શું થઈ રહ્યું છે મને કંઈ ખબર નથી!

પાગલપણું આ પ્રેમનું હદથી વધી ગયું,
તે શેરીમાં ફરું છું કે જ્યાં તારું ઘર નથી.

આ છુટવાની રીત કે મીત્રોએ કહી દીધું,
શું થઈ શકે કે જ્યાં તને તારી કદર નથી!

આવાગમન છે બન્ને જગતમાં સતત ‘મરીઝ’,
પુરી જે થાય એવી જીવનની સફર નથી.

.9.

જીન્દગીને જીવવાની ફીલસુફી સમજી લીધી,
જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.

આટલાં વર્ષોની મહેનતનું પરીણામ આટલું!
તારા દીલની આછી આછી લાગણી સમજી લીધી.

દુ:ખ તો એનું એ છે કે દુનીયાના થઈને રહી ગયા,
જેના ખાતર મારી દુનીયા મેં જુદી સમજી લીધી.

દાદનો આભાર, કીન્તુ એક શીકાયત છે મને,
મારા દીલની વાતને તેં શાયરી સમજી લીધી.

કંઈક વેળા કંઈક મુદ્દતને કશી માની નથી,
કોઈ વેળા એક પળને જીન્દગી સમજી લીધી.

કોણ જાણે કઈ દીશામાં જઈ રહી છે જીન્દગી,
રાહની સૌ ચીજને મેં પારકી સમજી લીધી.

એ હવે રહી રહીને માંગે છે પરીવર્તન 'મરીઝ',
મારી બરબાદીને મેં જેની ખુશી સમજી લીધી.

.10.

બસ, એટલી સમજ મને પરવરદીગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વીચાર દે.

માની લીધું કે પ્રેમની કોઈ દવા નથી,
જીવનના દર્દની તો કોઈ સારવાર દે!

ચાહ્યું બીજું બધું તે ખુદાએ મને દીધું,
એ શું કે તારા માટે ફક્ત ઈન્તઝાર દે.

આવીને આંગળીમાં ટકોરા રહી ગયા,
સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર દે.

પીઠામાં મારું માન સતત હાજરીથી છે,
મસ્જીદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે!

તે બાદ માંગ મારી બધીયે સ્વતંત્રતા,
પહેલાં જરાક તારી ઉપર ઈખ્તીયાર દે.

આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન,
દે એક મહાન દર્દ અને પારાવાર દે.

સૌ પથ્થરોના બોજ તો ઉંચકી લીધા અમે,
અમને નમાવવા હો તો ફુલોનો ભાર દે.

દુનીયામા કંઈકનો હું કરજદાર છું ‘મરીઝ’,
ચુકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.

# મુક્તકો

પ્રસ્વેદમાં પૈસાની ચમક શોધે છે,
હર ચીજમાં એક લાભની તક શોધે છે;
આ દુષ્ટ જમાનાનું રુદન શું કરીએ,
આંસુમાં ગરીબોનાં નમક શોધે છે!

*

જણસ અમુલી અમસ્તી બનાવી નાખી છે,
પરાયા શહેરમાં વસતી બનાવી નાખી છે;
જગતના લોકમાં જ્યારે ગજુ ન જોયું 'મરીઝ',
મેં મારી જાતને સસ્તી બનાવી નાખી છે.

*

આ મહોબ્બત છે કે છે એની દયા, કહેતા નથી,
એક મુદ્દત થઈ કે તેઓ 'હા' કે 'ના' કહેતા નથી;
બે જણા દીલથી મળે તો એક મજલીસ છે 'મરીઝ'
દીલ વીના લાખો મળે એને સભા કહેતા નથી.

*

પાણીમાં હરીફોની હરીફાઈ ગઈ,
શક્તી ન હતી, અલ્પતા દેખાઈ ગઈ;

દરીયાનું માપ કાઢવા, નાદાન નદી,

ગજ એનો લઈ નીકળી, ખોવાઈ ગઈ!

*

શ્રદ્ધાથી બધો ધર્મ વખોડું છું હું,

હાથે કરી તકદીરને તોડું છું હું;

માંગું છું દુઆ એ તો ફક્ત છે દેખાવ,

તુજથી ઓ ખુદા, હાથ આ જોડું છું હું.

*

## વાસી અબ્બાસ અબ્દુલઅલી, 'મરીઝ'

@@@@@@@@@

263 : 10-02-2013

ડોસાડોસી થવું છે કે દાદી?

# ઘડપણનો સૌથી પ્રીય શબ્દ : પૅન્શન

–ડૉ. ગુણવંત શાહ

અનુક્રમણીકા

ઘડપણનું સૌથી મોટું શુળ એક વાક્યમાં સમાઈ જાય છે. માણસને જ્યારે પ્રેમની સૌથી વધારે જરુર હોય ત્યારે જ એનો દુકાળ સર્જાય ત્યારે કોઈ વૃદ્ધ આદમીનું અંતર વલોવાઈ જાય છે. નીવૃત્ત થતાં પહેલાં કર્મચારી સમક્ષ બે વીકલ્પો ધરવામાં આવે છે : પ્રોવીડન્ટ ફંડ કે પૅન્શન. ડાહ્યા માણસે પૅન્શનનો વીકલ્પ પસંદ કરવો સારો. દર મહીને મળતું પૅન્શન કડકડતી ટાઢમાં પણ હુંફ આપનારું સ્વજન બની રહે છે. દર મહીને એક વાર મળતી રકમ ખખડી ગયેલા વૃદ્ધના કાનમાં હળવેકથી કહી જાય છે : ‘તું હજી જીવતો છે.’

ઘડપણના મીત્રોને ઓળખી રાખવા જોઈએ. પહેલે નંબરે આવે ટેલીફોન. પથારીવશ વ્યક્તી ટેલીફોન જોડે ત્યારે એના અસ્તીત્વના સીમાડા વીસ્તરતા જણાય છે. સામે છેડેથી ‘હેલો’ શબ્દ સંભળાય ત્યારે પથારી ખરી પડે છે અને કોઈ સ્વજનને મળ્યાનો આનંદ છવાઈ જાય છે. સંતાનોને ખાસ વીનન્તી કે એમણે કદી પોતાનાં માતાપીતાને લાંબાટુંકા

અંતરના ટેલીફોન કરતાં રોકવાં નહીં અને ટોકવાં નહીં. ટેલીફોન પર લાંબી વાતો કરવી એ પ્રત્યેક વૃદ્ધ જીભને ભાવતી પ્રીય વાનગી છે. ક્યારેક ટેલીફોનની વાતચીતને કારણે દુ:ખી હૃદયને જીવતા હોવાની પ્રતીતી થાય છે.

બીજે નંબરે છાપું આવે છે. છાપાંનાં કેટલાંક પાનાં પર જે કચરો આવે તે વાંચવામાં કલાક વીતી જાય છે. જરુર પડે તો બે છાપાં બાંધવાં; પણ વૃદ્ધ વ્યક્તીને વાંચવાનું ઓછું મળે તે ન ચાલે. પથારીમાં પડેલું ‘અખંડ આનંદ’ કે ‘નવનીત–સમર્પણ’ ગરમાટો આપે છે ને મનને પ્રફુલ્લીત રાખે છે. છાપાની નાની અને નકામી વીગતો પણ વાંચવી ગમે ત્યારે માનવું કે ઘડપણની સવારી આવી લાગી છે.

ત્રીજે નંબરે પગ આવે છે. ચાલતો માણસ એટલે જીવતો માણસ. ચાલતો માણસ એટલે પ્રમાણમાં તંદુરસ્ત માણસ. ચાલતો માણસ એટલે મળતો માણસ અને મળતો માણસ એટલે માણતો માણસ. પગને ચળ આવે છે કોઈક એવા ઘરે પહોંચી જવાની જ્યાં મીઠો આવકારો હોય અને ગરમ ગરમ ચાનો કપ હોય. વૃદ્ધ વ્યક્તીને બીજું શું જોઈએ? ક્યારેક પગ ન પહોંચે એટલા લાંબા અંતરે ઓટોરીક્સા પહોંચે છે. સીનીયર સીટીઝનને રેલવેમાં, વીમાનમાં અને બસમાં કન્સેશન મળે છે. ખરી જરુરત રીક્સાભાડામાં રાહત મળે તે છે. પગ ઘરની બહાર નીકળવાની છુટ આપે છે અને રીક્સા

પગના માલીકને મનગમતા ઘરના ડોરબેલ સુધી લઈ જાય છે. કોઈ ખાસ કામ ન હોય તોય જેને ત્યાં જવાનું મન થઈ જાય તેનું જ નામ સ્વજન. પ્રત્યેક વૃદ્ધ કે વૃદ્ધાને સ્નેહની ભુખ કકડીને લાગે છે. પગમીત્રની મદદ ન હોય તો પથારી ભારે અળખામણી બની જાય છે.

પ્રત્યેક નગરમાં દરમહીને કોઈ બાગમાં વીધુરો અને વીધવાઓનું 'મંગળમીલન' ગોઠવાવું જોઈએ. આવા મીલન સમારંભને કારણે યોજાઈ જતી મૈત્રીને પવીત્ર બાબત ગણીને સમાજે આવકારવી જોઈએ. સમાજમાં તંદુરસ્તી જળવાઈ રહે તેવા પગલાં નથી લેવાતાં. ક્યાંક મફત ભોજન મળે છે. ક્યાંક મફત સારવાર મળે છે. ક્યાંક મોતીયાનું ઓપરેશન મફત થાય છે. ક્યાંય મૈત્રીનું અભીવાદન નથી. મુમ્બઈમાં ફ્લેટ નાનો પડે ત્યારે વૃદ્ધો જગ્યા રોકે તે બાબાત ખુંચે છે. વડીલ મૃત્યુ પામે ત્યારે થોડીક મોકળાશ થઈ એવો ભાવ સમજુ સંતાનોને પણ થાય છે. મૃત્યુની પ્રતીક્ષા કરતી વૃદ્ધ વ્યક્તીને ખબર પડી જાય છે કે પોતાના જવાથી સંતાનો રાહતનો અનુભવ કરવાનાં છે. જીવનભર જેમને માટે ઘસારો વેઠ્યો હોય તેવા લોકો પોતાના મૃત્યુની ખાનગી પ્રતીક્ષા કરે છે એવો ખ્યાલ જ મૃત્યુને ઉદ્વેગથી ભરી દેનારો છે. આવા વૃદ્ધ હોવું અને મુમ્બઈમાં હોવું, એ અભીશાપ છે.

કેટલાંય માતાપીતા એવાં છે, જેમનાં સંતાનો અમેરીકામાં સેટલ થઈ ગયાં છે. માતાપીતા વચ્ચે વચ્ચે અમેરીકાનો આંટો મારી આવે છે. ગમી જાય તો અમેરીકામાં રહેવામાં કોઈ વાંધો નથી; પરન્તુ સંતાનો સો ટકા વીનયી નહોય તો જોખમ ખેડવા જેવું નથી. અમેરીકાનાં પાણીમાં જ કંઈક એવું છે કે ડૉલર આગળ બધું જ ગૌણ બની જાય છે. માતાપીતા ઉપયોગી હોય ત્યાં સુધી ગમે છે; પણ પછી બોજારુપ લાગવા માંડે છે. અમેરીકામાં રહીને આંદામાનની સજા ભોગવતાં હજારો માતાપીતાને જ ખબર હોય છે કે રામકથામાં જવું એટલે શું. એમાં વળી બે જણાંમાંથી એક વીદાય લે ત્યારે જે પાછળ રહી જાય તેની કારમી એકલતાની કલ્પના જ થથરાવનારી છે. માબાપને વહાલથી જાળવનારાં સંતાનો પણ અમેરીકામાં જોવા મળે છે.

પૅન્શનમાં પચીસ રુપીયાનો વધારો થાય ત્યારે વૃદ્ધને હરખ થાય છે. કોઈ પણ શહેરના કોઈ પણ બાગમાં એક એવી જગ્યા હોય છે, જ્યાં થોડાક વૃદ્ધો ગપ્પાં મારતાં બેઠા હોય છે. એ જગ્યાએ થતી વાતચીત કાન દઈને સાંભળવા જેવી હોય છે. સુખી પૅન્શનરોની ભાષા જુદી પડી આવે છે. દુ:ખી પૅન્શનરોના નીસાસા પણ નોખા તરી આવે છે. ઘડપણનું સર્જન કરીને ભગવાને એટલું તો સાબીત કરી આપ્યું છે કે એ પોતે થોડોક સેડીસ્ટ છે. યૌવન અને મૃત્યુ

વચ્ચે ઘડપણ મુકીને એણે જીવનના આનંદને ખતમ કરવાની પેરવી જ કરી છે. ઘડપણને આનંદથી મઢી દેવામાં સફળ થવું એ ભગવાનને ચેલેન્જ આપવા બરાબર છે. કદાચ ભગવાનને પણ ચેલેન્જ આપનારો આદમી ગમતો હોય છે.

ઘડપણનો સૌથી પ્રીય શબ્દ ‘પૅન્શન’ છે. ઘડપણનો સૌથી અપ્રીય શબ્દ ‘કંટાળો’ છે. કંટાળો એટલે જ ઘડપણ. જીવનની અર્થશુન્યતાનો હાહાકાર કંટાળા થકી પ્રગટ થાય છે. હોવા છતાં નહીં હોવા બરાબર થઈ જવાની અવસ્થા વીકરાળ છે. એની સામે લડવાની તૈયારી યુવાની ખતમ થાય તે પહેલાં જ થઈ જવી જોઈએ.

યુવાનીમાં પેટે પાટા બાંધીને પણ તગડી બચત કરવી જોઈએ. બધી જ બચત સંતાનોને સમર્પી દેવાની ઉતાવળ કરવાની બીલકુલ જરુર નથી. પાછલી માંદગી વખતે રુપીયા તૈયાર રાખનાર વૃદ્ધ આદરણીય છે. સંતાનોને પણ આવાં વડીલો ગમે છે.

ડોસાડોસી તો ઘણાં હોય છે; પરન્તુ દાદાદાદી ઓછાં હોય છે. ડોસાડોસી બનવા માટે બે બાબતો જરુરી હોય છે. દરેક વાતે ટકટક કરવાની ટેવ સંતાનોને દુશ્મન બનાવે છે. વળી પ્રત્યેક મુદ્દા પર અભીપ્રાય કે સલાહ આપવાની કુટેવ ઘણા વૃદ્ધોને હોય છે. તેઓએ પાછલી ઉમ્મરની ઉપેક્ષા વેઠવા માટે જુવાનીમાં જ મુડીરોકાણ કરેલું હોય છે.

આજની દુનીયામાં બે શબ્દો કાને અથડાતા જ રહે છે : સૉફ્ટવેર અને હાર્ડવેર. જીવનમાં હાર્ડવેરની બોલબાલા વધી પડે ત્યારે ઘણી સમસ્યાઓ સર્જાય છે. જીવનને રળીયામણું બનાવવા માટે સૉફ્ટવેર અને હાર્ડવેર ઉપરાંત ત્રીજા શબ્દની જરુર પડે છે : ‘ લવવેર’. લાખો વર્ષો પર માનવજીવનની શરુઆત થઈ; તોય હજી માનવજાત બડી નાદાન રહી જવા પામી છે. નાદાનીયતનો સીધોસાદો અર્થ એ જ કે પ્રેમ એટલે શું, તે ન સમજવું.

આવી નાદાનીયતને કારણે જ યુદ્ધ ટક્યું છે. યુદ્ધ એટલે ઉમ્મરલાયક માનવજાતની નાદાનીયત. માનવજાતનું ઘડપણ સ્વસ્થ બને તો યુદ્ધ ટળે. એવું બને તો પ્રત્યેક ઘરમાં દાદાદાદીની પ્રસન્નતા ફરી વળે. પ્રસન્ન વડીલ હોવું એ જેવી તેવી સમ્પ્રાપ્તી નથી.

## પાઘડીનો વળ છેડે

બાળક મોટું થઈને ધુમ્રપાન કરશે કે નહીં? આ પ્રશ્નનો જવાબ માબાપ ધુમ્રપાન કરે છે કે નહીં તેના પર ઓછો આધાર રાખે છે; પરન્તુ તેના મીત્રો ધુમ્રપાન કરે છે કે નહીં તેના પર વધારે રાખે છે. એક પુસ્તક પ્રગટ થયું છે : ‘The Nurture Assumption.’ એની લેખીકા જ્યુડીથ રીચ હેરીસ ભાર મુકીને કહે છે કે બાળકના ભવીષ્ય પર માતાપીતાની

મોટી અસર પડે છે તે વાત ખોટી છે. ખરી અસર મીત્રોની પડે છે. આ બાબતે મોટો વીવાદ જગાડ્યો છે. ♦

–ડૉ. ગુણવંત શાહ

(ગમતી કૃતીનાં કતરણ સંઘરવાનો મને શોખ. ત્યારે ‘સંદેશ’ દૈનીકની રવીવારીય પુર્તીમાં ગુણવંતભાઈની ‘વીચારોના વૃંદાવનમાં’ નામે કૉલમ ચાલતી. તેમાંથી તા. ૧૮ ઓક્ટોબર ૧૯૯૮ના ‘સંદેશ’માં પ્રકાશીત આ મુળ કતરણ હાથે ચડ્યું.. તે લેખકની પરવાનગીથી અહીં આપ સૌ માટે સાભાર...ઉત્તમ ગજ્જર..)

સર્જક–સંપર્ક :

–ડૉ. ગુણવંત શાહ, ‘ટહુકો’–૧૩૯–વીનાયક સોસાયટી, જે.પી. રોડ, વડોદરા–૩૯૦ ૦૨૦

@@@

264 : 24-02-2013

# સમાજે આપણને ખુબ આપ્યું, આપણે સમાજને શું આપ્યું?

–ડૉ. શશીકાન્ત શાહ

અનુક્રમણીકા

નીપુણ મહેતા, ઉમ્મર વરસ છત્રીસ, અમેરીકામાં નીવાસ. અમેરીકાની યુનીવર્સીટીમાંથી કમ્પ્યુટર સાયંસની ડીગ્રી મેળવી અમેરીકામાં રહેતો યુવાન છત્રીસ વરસની ઉમ્મરે સામાન્યત: શું કરે? જીન્દગીનો સ્થુળ આનન્દ માણવામાં પોતાનાં કીંમતી વર્ષો વેડફી નાંખે. નીપુણને સતત એક વીચાર પજવતો હતો : ‘ દુનીયાને વધુ સારી કઈ રીતે બનાવવી?’ માણસ પ્રત્યેક ક્ષણે બીજાનો વીચાર કરે, બીજાના માટે જીવે, બીજાને મદદરુપ થાય તેવું બની શકે? ક્રીસ્ટમસના દીવસોમાં એ યુવાન પત્ની સાથે ભારત આવ્યો. ભારતમાં એક હજાર કીલોમીટરની પદયાત્રા કરવાનો સંકલ્પ કર્યો. ઈરાદો એક જ. સમાજમાં માનવતા, પ્રેમ, બીજાને મદદરુપ બનવાની ભાવના ફેલાવવી.

નીપુણભાઈએ ‘સેવા–કાફે’ની સ્થાપના કરી ‘સ્માઈલ કાર્ડ્ઝ’ બનાવ્યા કોઈને માટે ભલાઈનું કામ કરવાનું; અને પાછળ ‘સ્માઈલ કાર્ડ’ છોડતા જવાનું. એક વહેલી સવારે

અમદાવાદની સડક પર નીપુણભાઈએ જોયું કે કૉર્પોરેશનનો એક કર્મચારી રાજમાર્ગ પર સફાઈ કરી રહ્યો છે. તેમણે કર્મચારીને વીનન્તી કરીને તે કામ થોડીક મીનીટો માટે પોતે સંભાળી લીધું. ‘ મોર્નીન્ગ વૉક’માં નીકળેલા સુખીયા જીવોને આ દૃશ્ય જોઈને આશ્ચર્ય થયું. થોડીવારમાં ત્યાં સફાઈ કામમાં સેવા આપવા ઈચ્છતા માણસોનું ટોળું જમા થઈ ગયું. નીપુણભાઈએ કહ્યું, ‘ પાછળ ક્યુમાં ઉભા રહો!’ દસ મીનીટ સફાઈ કામ કરીને પ્રધાનોની જેમ ફોટું ખેંચાવ્યા વગર, નીપુણભાઈએ પોતાની પાછળ ઉભેલા બીજા સજ્જનને ઝાડુ પકડાવી દીધું. એક શ્રમજીવીને થોડોક સમય આરામ મળી ગયો. તેને બદલે કામ કરનારાઓને નીજાનન્દની પ્રાપ્તી થઈ.

પાડોશમાં પાંચ વર્ષનો છોકરો રમતાં રમતાં પડી ગયો. માથામાં લોહી વહી રહ્યું છે. પાડોશી પાસે કાર નથી. તમે બધાં જ અર્જન્ટ કામો પડતાં મુકીને પોતાની કારમાં છોકરાને હૉસ્પીટલમાં પહોંચાડો છો. સારવાર થાય ત્યાં સુધી થોભો છો અને પછી કાળજીપુર્વક છોકરાને તેની માતા સાથે કારમાં ઘરે પહોંચાડો છો. તેમનું ઘર છોડતી વખતે નીપુણભાઈએ તૈયાર કરેલા સ્માઈલ–કાર્ડમાંનું એક કાર્ડ તેમને ત્યાં છોડતા જાઓ છો. એ કાર્ડ પર લખ્યું છે : ‘ ભલાઈના કામ માટે કોઈ એક ગુમનામ માણસ તમારા સુધી પહોંચ્યો.

હવે એવું જ ભલાઈનું કામ કરવાનો તમારો વારો છે. કોઈના માટે કંઈક સારું કામ કરો અને આ કાર્ડ તેમની પાસે છોડતા જજો, જેથી સારું કામ કરવાની, ભલાઈની આ ભાવના તથા શૃંખલા આગળ વધતી રહે નીપુણભાઈની વેબસાઈટ પર વીનન્તી પહોંચાડવાથી આવા સ્માઈલ કાર્ડ્ઝ તમારા ઘરે પહોંચતા કરવામાં આવશે, કોઈ કીંમત લીધા વગર, માત્ર ભલાઈની ભાવના સાથે.'

નીપુણભાઈએ ગુજરાતમાં તથા ભારતનાં અન્ય રાજ્યોમાં સમાજસેવા અને લોકસેવાનો સંકલ્પ પહોંચાડવા પદયાત્રાનો નીર્ણય કર્યો ત્યારે નક્કી કર્યું કે રસ્તામાં જ્યાં સુરજ ઢળે ત્યાં મુકામ કરી લેવો અને જે મળે તે ખાઈ લેવું. રોજ એક ડૉલર (પંચાવન રુપીયા)થી વધુ ખર્ચ પોતાના માટે ન કરવો. અમેરીકા છોડતી વખતે મમ્મીએ રડતાં રડતાં પુછ્યું, ' બેટા, ત્યાં તારી જમવાની વ્યવસ્થા કેવી રીતે ગોઠવાશે? તને પુરણપોળી ભાવે છે. રસ્તામાં તને એ બધું ક્યાંથી મળશે?' નીપુણભાઈનો જવાબ મળ્યો, 'મમ્મી, અહીં તું કોઈ અજાણ્યા માણસને અહીં આવું ભોજન કરાવતી રહેજે, તો ત્યાં મારી સંભાળ લેનારું કોઈને કોઈ મળી રહેશે!' નીપુણભાઈનાં મમ્મી અમેરીકામાં કોઈ અજાણ્યા મહેમાનોને પુરણપોળી ખવડાવતાં ખવડાવતાં કહેતાં સંભળાય છે: 'મારો નીપુણ અત્યારે પત્ની સાથે ગુજરાતની યાત્રા પર છે.' પછી

રડતાં રડતાં ઉમેરે છે, 'તેની સંભાળ રાખનારા ભલા માણસો તેમને મળી રહે તો સારું.' 'એક્ટ ઓફ ગીવીન્ગ' અને 'જોય ઓફ ગીવીન્ગ' કોઈના માટે કંઈક કરી છુટવાનું, આપવાનું કાર્ય અને આપવાનો આનન્દ એ સંદેશ પોતાનાં કાર્યો દ્વારા, પોતાના આચરણ દ્વારા સમાજ સુધી પહોંચાડવો એ નીપુણભાઈ અને તેમના સાથીદારોનું જીવનલક્ષ્ય છે.

નીપુણભાઈએ પદયાત્રા દરમીયાન થયેલા અનુભવોનું વર્ણન કર્યું. તેઓ પત્ની સાથે મોડી રાતે એક નગરમાં પહોંચ્યાં અને રાત્રીનીવાસ માટે નજીકના મંદીરમાં ગયાં. ભોજન મળ્યું નહોતું એટલે ભુખ લાગી હતી. મંદીરમાં માંડ માંડ આશ્રય મળ્યો; પરન્તુ ત્યાં પતી–પત્ની એક જ ઓરડામાં સાથે નહીં રહી શકે તેવો નીયમ હતો. સ્ત્રી–પુરુષ ભેગા નહીં રહી શકે તેવા નીયમના ભાગરુપે નીપુણભાઈ અને તેમનાં પત્નીને મંદીરના વરંડામાં એક દીવાલની આજુબાજુ રહેવાની છુટ આપવામાં આવી (એક્ટ ઓફ કાઈન્ડનેસ!). ભોજન મળે એમ નહોતું પતી–પત્નીને બેગના ખુણેથી બચેલું બીસ્કીટ હાથ લાગ્યું. ગુરીબહેને 'મને ભુખ નથી' એવું બહાનું કાઢી એ બીસ્કીટ પતીના હાથમાં પકડાવી દીધું. નીપુણભાઈએ 'સરખા હીસ્સે વહેંચીને ખાવું' એ સીદ્ધાંત આગળ ધરી પત્નીને અડધું બીસ્કીટ પધરાવી દીધું. ગુરીબહેને એ બીસ્કીટ હાથમાં છુપાવી રાખી. નીપુણભાઈએ બીસ્કીટનો નાસ્તો પતાવ્યો એટલે

પત્નીએ અડધું બીસ્કીટ આગળ ધરીને કહ્યું, ‘ સરખે હીસ્સે વહેંચીને ખાવાનું છે! લો, આ તમારો અડધો ભાગ.’ ગુરીબહેને બીસ્કીટનો ચોથા ભાગનો ટુકડો આરોગીને સંતોષ માન્યો. ‘એક્ટ ઓફ ગીવીંગ એન્ડ જોય ઓફ ગીવીંગ!’

અમદાવાદ, બેંગલોર અને અન્ય સ્થળે નીપુણભાઈએ ‘સેવા–કાફે’ ખોલ્યાં છે. ‘એક્ટ ઓફ ગીવીંગ એન્ડ જોય ઓફ ગીવીંગ’ આ રેસ્ટોરાંનો સેવામંત્ર છે, ‘ લીવીંગ ઈઝ ગીવીંગ’ આપવું એટલે જીવવું અથવા એમ પણ કહી શકાય કે જીવવું એટલે આપવું! જ્યારે તમે ‘સેવા–કાફે’માં ભોજન લેવા જાઓ છો ત્યારે તમે ગ્રાહક નથી; અતીથી છો અને તેથી દેવના સ્થાને છો. અહીં તમને પરીવારના સભ્ય તરીકે આવકારવામાં આવે છે. જ્યારે માણસ કોઈની સેવા કરે છે ત્યારે તે દીવ્યતાના પંથનો પ્રવાસી બને છે. અહીં પુર્ણતઃ વેજીટેરીયન ફુડ પ્રેમથી બનાવવામાં આવે છે અને માનવ–સાધનાના ‘અર્ન એન્ડ લર્ન’ – ‘કમાવ અને શીખો’ અંતર્ગત તાલીમ પામેલા સ્નાતકની ડીગ્રી ધરાવતા સેવકો ( વેઈટર્સ!) દ્વારા ભોજન પીરસવામાં આવે છે. અહીં ભારતીય અને કોન્ટીનેન્ટલ પ્રકારની વૈવીધ્યપુર્ણ વાનગીઓ ઉપલબ્ધ છે. અહીં તમને પ્રાપ્ત થતું ભોજન વીનામુલ્યે પુરું પડાય છે. (‘ફ્રી લંચ જેવું કંઈ હોતું નથી’ તે કહેવતને ખોટું પાડનારો પ્રયોગ!) તમે જ્યારે બીલ ચુકવવાની કોશીશ કરો છો ત્યારે તમને કહેવામાં

આવે છે, ‘તમારી અગાઉ આવેલા ગ્રાહકે આપનું બીલ ચુકવી દીધું છે. આપ ઈચ્છો તો આપના પછી આવનાર ગ્રાહક માટેનું બીલ સ્વેચ્છાએ ચુકવી શકો છો!’

‘સેવા–કાફે’ની ફીલોસોફી સમજવા જેવી છે, આ દુનીયામાં તીવ્ર અસમાનતા અને ભેદભાવની દીવાલ, એકબીજાથી જુદાઈ રાખીને આપણે સ્વયમ્ ઉભી કરી છે. અહીં કોઈએ બીલ ચુકવવાનું ન હોવાથી તમામ મહેમાનો સમાનતાનો ભાવ અનુભવે છે, આનન્દથી જમે છે અને કોઈને લઘુતાગ્રંથી પજવતી નથી. માણસ માણસ વચ્ચે ઉદારતાપુર્વકની ભલાઈની લાગણી અહીં જન્મે છે અને સૌ એકબીજાની સાથે સમાન કક્ષાએ સંવાદ કરી શકે છે. અન્યને માટે આપવાનું એક દીવ્ય ચક્ર સર્જાય છે. જેના તમે એક ભાગ બનો છો જે તમામ સહભાગીઓને પરીવારના સભ્ય હોવાની અનુભુતી કરાવે છે.

નીપુણભાઈ કહે છે, ‘ અહીં ભાગ્યે જ કોઈ એવા મહેમાન(ગ્રાહક નહીં!) પધારે છે જે પોતાના પછી આવનારા માટે બીલ ચુકવ્યા વગર જતા હોય, લગભગ કોઈ જ નહીં. ‘સેવા–કાફે’માં જે આવક થાય છે તેનો સમ્પુર્ણ હીસાબ પારદર્શી છે. સંસ્થા દ્વારા નફાની પુરેપુરી રકમ સમાજની સેવામાં ખર્ચાય છે. નીપુણભાઈની આ સેવાસંકલ્પના વીશ્વભરમાં આવકાર પામી છે, એમને દુનીયાભરમાંથી આ

પ્રયોગની વાતો સંભળાવવા માટે નીમંત્રણો મળે છે, અનેક આંતર રાષ્ટ્રીય એવોર્ડ્ઝ પણ તેમના સુધી પહોંચવા માંડ્યા છે.

અમદાવાદના એક રીક્ષાવાળાએ નીપુણભાઈનો સંદેશો ઝીલીને પોતાની સેવાઓ આપવા માંડી છે. રીક્ષામાંથી ઉતરતા મહેમાનને પ્રેમથી જણાવવામાં આવે છે : ‘ સર, આપનું ભાડું કોઈએ ચુકવી દીધેલું છે... આપ ઈચ્છો તો સ્વેચ્છાએ આપના પછી આવનારા મહેમાન માટે ભાડું ચુકવી શકો છો!’

નીપુણભાઈના એક સ્માઈલ–કાર્ડ પર લખ્યું છે, ‘ મેં એક ભલાઈનું કામ કર્યું, હવે આપનો વારો છે.’ એક્ટ ઓફ ગીવીંગ, એક્ટ ઓફ કાઈન્ડનેસ’ના નીપુણભાઈના સુંદર વીચારો મેં આપના સુધી તો પહોંચાડ્યા... હવે આપનો વારો છે, ઈટ ઈઝ યોર ટર્ન નાઉ!

## મેઘધનુષ

પ્રેમ, સમજ, સંગઠન શું પ્રગટાવી ન શકે સુખની જ્યોત?
નીંદા, ઈર્ષ્યા, સ્પર્ધા ભુલી હવે ચાલો ભણીએ
પ્રેમ અને એકતાના પાઠ. મોડું ન કરો, નહીંતર તુટશે
વ્યક્તી... વ્યક્તી... પવીત્ર માળાનું વીખેરાશે મોતી...
મોતી... –અમૃતા પ્રીતમ

–ડૉ. શશીકાન્ત શાહ

સુરતના દૈનીક ‘ગુજરાતમીત્ર’માં દર બુધવારે વર્ષોથી પ્રકાશીત થતી જીવનઘડતરની લેખક લોકપ્રીય કટાર ‘માણસ નામે ક્ષીતીજ’માંથી (તા. 2જી જાન્યુઆરી, 2013ના અંકમાંથી) ગુજરાતમીત્ર અને લેખકશ્રી. શશીકાન્તભાઈની પરવાનગીથી સાભાર...

સર્જક–સંપર્ક : 35–આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, સુરત–395 005

ફોન : (0261) 277 6011 મોબાઈલ : 98252 33110 ઈ–મેઈલ: sgshah57@yahoo.co.in

@@@

265 : 10-03-2013

# ગીત

-કૃષ્ણ દવે

અનુક્રમણીકા

.1.

ઉગાડે એમ કદી ઉગવાનું નહીં,
આપણે તો આવળ ને બાવળની જાત, ઉગવાનું હોય ત્યારે
પુછવાનું નહીં.

ધગધગતા તડકાના પેગ ઉપર પેગ અને ઉપરથી આખું વેરાન,
નીરાંતે બેસી જે ભરચક પીવે ને એને પાલવે આ લીલાં ગુમાન,
રોકે કદાચ, કોઈ ટોકે કદાચ, તોય મહેફીલથી કોઈ દીવસ
ઉઠવાનું નહીં.
આપણે તો આવળ ને બાવળની જાત ઉગવાનું હોય ત્યારે
પુછવાનું નહીં

આપણે તો એનીયે સમજણ શું રાખવી આ મસ્તીમાં ખરવું કે
ફાલવું,
આપણાં તો લીલાછમ લોહીમાં લખેલું છે ગમ્મે તે મોસમમાં
મ્હાલવું,

અરે હસવું જો આવે, હસવું બેફામ અને આંસુ જો આવે તો

લુછવાનું નહીં.

આપણે તો આવળ ને બાવળની જાત ઉગવાનું હોય ત્યારે

પુછવાનું નહીં.

ઉંડે ને ઉંડે જઈ બીજું શું કરવાનું? ધરવાનું આપણું જ ધ્યાન,

પથ્થર ને માટીના ભુંસી ભુંસીને ભેદ, કરવાનું લીલું તોફાન,

દેખાડે આમ કોઈ દેખાડે તેમ, તોય ધાર્યું નીશાન કદી ચુકવાનું

નહીં

આપણે તો આવળ ને બાવળની જાત ઉગવાનું હોય ત્યારે

પુછવાનું નહીં;

પણ ઉગાડે એમ કદી ઉગવાનું નહીં...!

.2.

પરસેવો બીચ્ચારો રઘવાયો થઈને ભલે ચહેરા પર આમતેમ

દોડે!

માઈક મળે તો કોઈ છોડે?

નાનાં અમથાં એ ટીપાં શું જાણે? આ ભાષણ શું કરવાની ચીજ

છે?

આકાશે ચાંદો છે, ચાંદામાં પુનમ ને પુનમના પાયામાં બીજ છે,

વીષયમાં એવો તો ફાંફે ચડે ને તોય તંતુને આમતેમ જોડે.

માઈક મળે તો કોઈ છોડે?

ઉધરસ ને નસકોરાં રમત્યે ચડે ને એય બગ્ગાસાં વ્હેંચાતાં

ભાગમાં,

કંટાળો જાણે કે આખ્ખું કુટુમ્બ લઈ ફરવા આવ્યો ન હોય

બાગમાં!

તાજા ઉઘડેલ એક વક્તાને ડાળીએથી ખંખેરી ખંખેરી તોડે.

માઈક મળે તો કોઈ છોડે?

‘છેલ્લી બે વાત’, એવું  કાનમાં પડે ને કંઈક  શ્રોતામાં જીવ

પાછાં આવે,

છેલ્લી, છેલ્લી છે એમ બોલી બોલીને પાછો આખ્ખો કલાક એક

ચાવે;

સાકરના ગાંગડાને કચ્ચકચાવીને જાણે પકડ્યો હો ભુખ્યા મંકોડે.

માઈક મળે તો કોઈ છોડે?

.3.

એક ચકી ને ચકો મુંઝાઈ ગયાં છે.

ચોખા ને મગના બે દાણા હતા ને? હવે ચાંચમાંથી એ પણ

છીનવાઈ ગયા છે.

કમ્પ્યુટર, મોબાઈલ, ટીવી, છે સોંઘાં; પણ એની રંધાય નહીં ખીચડી,

ચકી ને ચકાનાં જીવન પર ત્રાટકી છે મોંઘવારી નામે એક વીજળી,

ફાઈવસ્ટાર મૉલનાં ફાલેલાં જંગલમાં નાનકડાં સપનાં ખોવાઈ ગયાં છે,

એક ચકી ને ચકો મુંઝાઈ ગયાં છે.

મીનરલ વૉટરથી તો સસ્તા છે આંસુ, ને મીઠી પણ લાગશે રસોઈ,

ખાંડ માટે ટળવળતી કીડીની પાસે જઈ આટલું તો સમજાવો કોઈ!

લાગે છે શેરડીના આખ્ખાયે વાઢને લુચ્ચાં શીયાળીયાં ખાઈ ગયાં છે.

એક ચકી ને ચકો મુંઝાઈ ગયાં છે.

ચકી ને ચકો ક્યે, 'જુઓ સાહેબ, હવે બોલાતું કેમ નથી, ચીં ચીં?

એવું તે શું છે આ કંઠમાં, તે લાગે છે મારે છે ડંખ જેમ વીંછી!'

એક્સરેમાં જોઈ અને ડૉક્ટર બોલ્યા કે : 'ઘણા ડુમા ગળામાં અટવાઈ ગયા છે'.

એક ચકી ને ચકો મુંઝાઈ ગયાં છે.

.4.

બીજું શું કરવાનું સ્કુલમાં?
આખ્ખાયે ધંધામાં રાખવાનું ધ્યાન,
ક્યાંય અત્તર રહી જાય નહીં કુલમાં.
બીજું શું કરવાનું સ્કુલમાં?

ભણવાનાં કારખાનાં ધમધમતાં રાખવાની
આપું બે ચાર તને ટીપ?
માછલીની પાસેથી ઉધરાવ્યે રાખવાની
મોતી ભરેલ કંઈક છીપ.
માસુમીયત જોઈ જોઈ લાગણીનું સપનું
પણ જોજે આવે ન ક્યાંક ભુલમાં?
બીજું શું કરવાનું સ્કુલમાં?

સીધેસીધું તો કદી મળવાનું નહીં.
થોડું બેસાડી રાખવાનું બ્હાર;
થનગનતી ઈચ્છાને લાગવું તો જોઈએ
ને કેટલો છે મોટ્ટો વેપાર!
ઉંચે આકાશ કેંક દેખાડી ડાળ,
પાછુ પંખીને કહેવાનું ઝુલ મા.
બીજું શું કરવાનું સ્કુલમાં?

ધારદાર ફતવાઓ પાડવાના બ્હાર
અને ભાષણ તો કરવાનું લીસ્સું,
અર્જુનને પંખીની આંખ જ દેખાય,
એમ તારે પણ વાલીનું ખીસ્સું.
શીક્ષણ નહીં; ફાઈવસ્ટાર બીલ્ડીંગ
જરુરી છે સૌથી પ્હેલા તો સંકુલમાં.
બીજું શું કરવાનું સ્કુલમાં?

.5.

ગોકુળના કૃષ્ણને તો વાંસળીના સુર, વળી યમુનાનાં પુર
અને ઉપરથી ગોપીઓ ને રાધા..
અહીં મારે તો જીવવાના વાંધા ..!

આંખોની પથરાળી ધરતીમાં વૃન્દાવન, ગોવર્ધન, ગોકુળ ક્યાં વાવીએ?
ભાંભરડા દેતી આ ભુખી ઈચ્છાઓનાં ધણનાં ધણ ક્યાં જઈ ચરાવીએ?
આયખે વલોવાતાં એક એક દ્હાડાને માગી માગીને મેં ખાધા,
અહીં મારે તો જીવવાના વાંધા ..!

પુરેલાં ચીર એમાં માર્યો શું મીર? એનું કારણ એ રાજાની રાણી,
નજરે ના કેમ ચડી આછેરા  જીવતરની માંડેલી આમ ખેંચતાણી;
ખેંચાતાં ખેંચાતાં ટાંકા તુટે ને વળી દોરા ખુટે,
ને તોય કરવાના રોજ રોજ સાંધા?
અહીં મારે તો  જીવવાના વાંધા ..!

ગોકુળનો શ્વાસ લઈ,  મથુરાની હાશ લઈ,  દરીયામાં જાત  તેં બચાવી,
મેં તો આ પ્હાનીના  હણહણતા  અશ્વોને  ખીલ્લાની  વારતા પચાવી;
ભાગી ભાગીને હુંય ભાગું કદાચ તોય રસ્તાને પગલાંની બાધા!
અહીં મારે તો જીવવાના વાંધા ..!

.6.

વાંસલડી ડૉટ કૉમ
મોરપીચ્છ ડૉટ કૉમ,
ડૉટ કૉમ વૃંદાવન આખું,
કાનજીની વેબસાઈટ એટલી વીશાળ છે કે કયાં કયાં નામ એમાં રાખું?

ધારો કે મીરાંબાઈ ડૉટ કૉમ રાખીએ તો રાધા રીસાય એનું શું?

વીરહી ગોપીનું ગીત એન્ટર(Enter) કરીએ ને ક્યાંક

ફ્લૉપી(Floppy) ભીંજાય એનું શું?

પ્રેમની આ ડીસ્કમાં (Disk) તો એવી એવી વાનગી કે કોને છોડું

ને કોને ચાખું?

કાનજીની વેબસાઈટ...

ગીતાજી ડૉટ કૉમ એટલું ઉકેલવામાં ઉકલી ગઈ પંડીતની જાત,

જાત બળી જાય, છતાં ખ્યાલ ના રહે ને એ જ માણે આ

પુનમની રાત.

તુલસી, કબીર, સુર, નરસૈંયો થઈએ તો ઉકલે છે કંઈક ઝાંખું

ઝાંખું.

કાનજીની વેબસાઈટ...

એ જ ફક્ત પાસવર્ડ (Password) મોકલી શકે છે જેના

સ્ક્રીન(Screen) ઉપર નાચે છે શ્યામ,

એને શું વાઇરસ (Virus) ભુંસી શકવાના જેનાં ચીર પુરી આપે

ઘનશ્યામ?

ઇન્ટરનેટ (Internet) ઉપર એ થનગનતો આવે, હું કોઈ દીવસ

વીન્ડો (Window) ના વાખું.

કાનજીની વેબસાઈટ...

www.gujaratilexicon.com

.7.

લીમડાને આવી ગ્યો તાવ,
લીમડાના દાદા ક્યે, ‘કહી કહી ને થાકી ગ્યો,
જાવ, હજી ફાસ્ટફુડ ખાવ.’

ટી-શર્ટ ને જીન્સવાળી માંજરી બીલાડી ક્યે આપણને દુધ નહીં ફાવે!
પીત્ઝા ને બર્ગરની આખ્ખી આ પેઢીને રોટલી ને શાક ક્યાંથી ભાવે?
વર્ષોથી બોટલમાં કેદ થઈ સડતાં એ પીણાને પીવો ને પાવ.
જાવ, હજી ફાસ્ટફુડ ખાવ.

અપ ટુ ડેટ કાગડા ને કાગડીયું માઈકમાં મંડી પડ્યાં છે કાંઈ ગાવા!
કંઈ પણ ભીંજાય નહીં એવાં ખાબોચીયાંમાં નીકળી પડ્યાં છો તમે ન્હાવા?
કુંપળનાં ગીત લીલાં પડતાં મુકીને ગાવ રીમીક્સનાં ગાણાંઓ ગાવ.
જાવ, હજી ફાસ્ટફુડ ખાવ.

કાન એ કંઈ થુંકવાનો ખુણો નથી કે નથી પેટ એ કંઈ કોઈનો ઉકરડો,

આપણા આ ચહેરા પર બીજાના નખ્ખ શેના મારીને જાય છે ઉઝરડો?

માંદા પડવાનું પોસાય કદી કોઈનેય, સાંભળ્યા છે ડૉક્ટરના ભાવ?

લીમડાને આવી ગ્યો તાવ,

લીમડાના દાદા ક્યે, 'કહી કહી ને થાકી ગ્યો,

જાવ હજી ફાસ્ટફુડ ખાવ.'

.8.

ઝરણાનું દે નામ અને ના આપે વહેવું! આ તે કેવું?

શબ્દો સાથે કામ ને પાછું મુંગા રહેવું! આ તે કેવું?

રણની જેવું તરસી પડીએ તોય વહે તું અધ્ધર,

ઝાકળ જેવું વરસી પડીએ તોય કહે તું પથ્થર;

તું બોલે બેફામ ને મારે કંઈ ના કહેવું? આ તે કેવું?

હોય વૃક્ષની જાત અને ના છાંયો આપે,

છે અમાસની રાત અને પડછાયો આપે;

માંગું ખુલ્લેઆમ ને તારે કંઈ ના દેવું? આ તે કેવું?

મત્સ્ય હોઉં ને જળને કંઈ તરવાનું પુછું?

વાદળ છું તો વરસું કંઈ સરનામું પુછું?

ભીંજે આખું ગામ ને કોરું એક જ નેવું! આ તે કેવું?

.9.

છેવટે કંટાળી મેં વાદળાંને કીધું કે વરસ્યા વીનાના શું જાવ છો?

વાદળ કહે કે ભાઈ વરસી તો પડીએ; પણ આપશ્રી ક્યાં કોઈ દી’ ભીંજાવ છો?

મેં કીધું શું ક્યો છો? ગ્યા વરસે ક્યાં કર્યો’તો છત્રી ઉઘાડવાનો વેંત?

વાદળ ક્યે, રહેવા દ્યો, પલળી જે જાય ઈ તો અંદરથી ઉગાડે હેત,

વરસી વરસીને અમે થાકી ગયાં ને તોય તમે ક્યાં લીલાછમ થાવ છો?

મેં કીધું આ રીતે શું કામે નાખો છો માણસની જાત માથે આળ?

વાદળ ક્યે ચાલ મને તારામાં ગોતી દે એકાદી લીલીછમ ડાળ,

મુળનું તો સરનામું મળતું નથી ને પાછા કુંપળના ગીતો શું ગાવ છો?

મેં કીધું આ રીતે તરસ્યે મારીને તમે સારું તો કરતા નથી જ,
વાદળ ક્યે બસ ભાઈ, આ રીતે અમને પણ થોડીક ચડી ગઈ ખીજ;
અબઘડીએ ધોધમાર વરસી પડું છું બોલો, બાળકની જેમ તમે ન્હાવ છો?

.10.

મારી પાસે ઢગલો રેતી, તારી પાસે ખોબો જળ,
ચાલને રમીએ પળ બે પળ..
હું રહેવાસી પથ્થરનો, ને તારું સરનામું ઝાકળ,
ચાલને રમીએ પળ બે પળ..

થોડી ઉઘડે મારી ઈચ્છા, થોડી ઉઘડે તારી પણ;
હું અહીંથી આકાશ મોકલું, તું પીંછાથી લખ સગપણ.
આજ અચાનક દુર દુરથી, આવીને ટહુકે અંજળ.
ચાલને રમીએ પળ બે પળ..

રમતાં પહેલાં ચાલ તને હું, આપી દઉં થોડી સમજણ,
રમતાં રમતાં ભુલી જવાનું, દેશ–વેશ સરનામું પણ;
બુંદબુંદમાં ભળી જવાનું, વહી જવાનું ખળ ખળ ખળ.
ચાલને રમીએ પળ બે પળ..

# કૃષ્ણ દવે

સર્જક–સમ્પર્ક :

A-20, Adarshnagar, Opp. NarayanKrupa Banglows,

BOPAL-GHUMA, Amdavad- 380 058

Phone : 02717-233 125  Mobile: 94265 63388

eMail : kavikrushnadave@gmail.com  AND

krushnadave@yahoo.co.in

@@@

266 : 24-03-2013

# પુર્વ અને પશ્ચીમ

–રેખા પી. સીંઘલ

અનુક્રમણીકા

“મૉમ, માઈક ઈઝ આસ્કીંગ મી ફોર ડેટ, કેન આઈ ગો?” મારી સોળ વર્ષની પુત્રી પ્રીયાએ જ્યારે પ્રેમ અને વીશ્વાસથી મને આમ પુછ્યું ત્યારે ‘ના’ પાડવી અઘરી બની ગઈ; પણ ‘હા’ પાડવી એનાથીય અઘરી હતી. હું ફક્ત એટલું જ બોલી શકી કે મને તારા માટે ડર લાગે છે. તરત કહે, “કેમ?” હું શું જવાબ આપું આ એક શબ્દના પ્રશ્નનો?

ત્રણ દીકરીઓમાં પ્રીયા સૌથી નાની અને એટલી ચાલાક કે તેણે સમયસુચકતા વાપરીને મને ઝડપી હતી; જેથી હું કામ કે થાક અગર તો બીજું કોઈ બહાનું કાઢીને વાત ઠેલી ન શકું. એ માટે જરુરી ધીરજ પણ એણે જાળવી હતી. મને રડું રડું જોઈ એટલે કહે, “તું ચીન્તા ન કર. તારાથી છુપાઈને મારે કંઈ નથી કરવું અને એટલે તો પુછું છું.” ચીન્તા ઘટી; પણ મુશ્કેલી વધી! મેં કહ્યું કે મને વીચારવા માટે સમય જોઈએ. તે કહે, “ભલે, કેટલો?” એના ટુંકાટચ ત્રણ પ્રશ્નોએ મને ખળભળાવી નાખી. મેં એક મહીનાનો ઓછામાં ઓછો સમય માંગ્યો. જાણે

એને પણ મને પટાવવાનો એટલો સમય મળી ગયો હોય તેમ એ ખુશ થઈ ઉઠી. કહેવા લાગી કે તારે જ્યારે પણ એ અંગે વાત કરવી હોય ત્યારે મને કહેજે હું તૈયાર જ છું. અમારો મા-પુત્રીનો અન્યોન્ય માટેનો વીશ્વાસ અત્યારે ચરમ સીમાએ હતો સાથે સાથે કસોટી પર પણ હતો.

બીજા દીવસે પ્રેમથી પાસે બેસાડીને મેં મારી આ અત્યંત વહાલી પુત્રીને કહ્યું, '' બેટા, માઈકને હું બહુ જાણતી નથી; તેથી હા કહી શકતી નથી.'' એ કહે, ''તને મારો વીશ્વાસ નથી?  તારે મારા થકી માઈકનો ભરોસો કરવાનો છે.'' અમારું વાક્યુદ્ધ શરુ થયું. ''બેટા, આ ઉમ્મરનો ભરોસો તારે પણ ન કરવો જોઈએ.'' મારી આ વાતનો તરત સ્વીકાર કરીને કહે, '' હા, એ તો ખરું જ ને! એટલે તો અમે લગ્નનું નહીં; ડેટીંગનુ વીચારીએ છીએ."

અત્યાર સુધી અમારી વાત ચુપચાપ સાંભળતી મારી મોટી પુત્રી નીતીએ વાતમાં ઝંપલાવ્યું. પ્રીયાને કહે, ''પણ મમ્મી, ડેટીંગ વીશે જ કંઈ જાણતી નથી! પહેલાં ડેટીંગ એટલે શું તે એને સમજાવ." એના પપ્પા ઘરમાં હોત તો મહાભારત જ સર્જાયું હોત તે કદાચ બન્ને બહેનોને પહેલેથી જ ખબર હશે. મેં મારું (અ)જ્ઞાન દર્શાવ્યું, " મને ખબર છે! ડેટીંગ એટલે છોકરો

અને છોકરી લગ્ન થઈ ગયાં હોય તેમ સાથે હરે-ફરે અને પછી ન ફાવે તો લગ્નની ના પાડીને ઉભા રહે.'' પ્રીયા કહેવા લાગી કે ના, મમ્મી એવું નથી.... વચ્ચે જ નીતી કહે, ''મમ્મીને એમ છે કે ડેટીંગમાં સેક્સ અનીવાર્ય છે. હવે તું એની સાથે ફોડ પાડીને વાત કર.'' ''તું જ કહે ને!'' એમ જ્યારે મેં નીતીને કહ્યું ત્યારે ''મારું એ ગજું નહીં,'' એમ કહી એણે ચાલતી પકડી. આટલું કહેતાં પણ એને તકલીફ પડી હશે; કારણ કે તે જાણતી હતી કે મમ્મી જે વાતાવરણમાં ઉછરી છે તેમાં સેક્સની વાત કરાય જ નહીં અને માબાપ સાથે તો ભુલેચુકે પણ નહીં. પણ પ્રીયા પાસે ધીરજનો આજે ભંડાર હતો અને મારી તો એ વગર હાર જ હતી. એટલે પ્રીયાએ જ ફરી તંતુ સાંધ્યો. ''એવું નથી મમ્મી, અમારી મીત્રતા આખી જીન્દગી ટકી શકે તે માટે વીશ્વાસ કેળવવા, અમે એકબીજાને નજીકથી ઓળખી શકીએ, મીત્ર તરીકે અત્યારે પણ 'છુટ'થી હરીએ–ફરીએ અને એકબીજાને સંભાળીને સમજી શકીએ તે માટે...." આમતેમ ડેટીંગ વીશે એણે મને ઘણું સમજાવ્યું; પણ મારું સમગ્ર ધ્યાન 'છુટ' શબ્દ પર કેન્દ્રીત હતું. એટલે મારે કેટલી છુટ આપવી તે વીચારવા માટે મને મળેલ સમય મારે ગુમાવવો નહોતો. 'જોઈશુ!' કહીને મેં તત્કાળ પુરતી ચર્ચાની સમાપ્તી કરી.

બાપ–દીકરી વચ્ચે મોરચો ન મંડાઈ જાય તે માટે આ વાત યોગ્ય સમયે યોગ્ય રીતે મારા પતી વીમલને કહેવાનું મેં વીચાર્યું હતું. સાંજે જ્યારે એણે પુછ્યું કે "શું વીચારે છે? કેમ મુંઝાયેલી લાગે છે?" ત્યારે મને ખ્યાલ આવ્યો કે હું સ્વસ્થ નથી અને આ વાત કરીશ તો મારાથી પણ વધારે તેઓ અકળાઈ ઉઠશે. ઉપરાંત મારી ક્યાં ભુલ છે અને હવે કેમ સુધારવી તેના તાત્કાલીક ઉપાયો કરવા માટેનાં સુચનો આપવા લાગશે. પછી અમારો આ કલહ મુળ પ્રશ્ન પરથી અમારું ધ્યાન ચલીત કરી દેશે. એવા ડરથી એ સમયે હું ચુપ જ રહી. ગયા રવીવારની જેમ આ રવીવારે પણ એમણે કામ પર જવું પડશે કે કેમ? એ પુછતાં વાતની ગંભીરતા એમને સમજાઈ ગઈ અને અત્યારે આગળ કંઈ ન પુછવામાં જ શાંતી છે તે પણ સમજાઈ ગયું.

ત્રણ દીવસ પછી રવીવારની રજાના દીવસે દીકરીઓ (કદાચ અમને એકાંત આપવા જ) મામાને ઘરે ગઈ હતી. હું સવારમાં વહેલી ઉઠીને મારાં બધાં કામ આટોપી ચાની સાથે પ્રેમનો કટોરો લઈને વીમલ સાથે વાત કરવા બેઠી; કે જેથી જે સમસ્યા ઉભી થઈ એમાં મારો જો કાંઈ વાંક હોય તો માફ કરી, આગળ શું કરવું તેમાં તેઓ દોરાઈ શકે. સંતાન, એમાંય દીકરી, ખોટું કરતી જણાય ત્યારે તેની માતાનો વાંક કાઢવા પાછળ શું પીતાનો પુત્રી પ્રત્યેનો સ્નેહ હશે?

આ દેશમાં આવ્યા એટલે એક વસ્તુ તો ખરી જ કે કોઈ પણ કૌટુંબીક સમસ્યા ઉભી થાય એટલે દોષનો ટોપલો અમેરીકન કલ્ચર પર ઢોળીને હળવા થવામાં સરળતા રહે છે. આ હળવાશ સાથે જ અમે પણ વાત શરુ કરી. દીકરી કેટલી ડાહી અને પ્રેમાળ છે, આપણો કેટલો બધો વીચાર કરે છે, હવે મોટી થઈ છે અને સ્વતંત્રપણે વીચારવા લાગી છે એટલે એની પર નજર રાખવા માટે આપણી પાસે તેની પર વીશ્વાસ રાખવા સીવાયનો કોઈ વીકલ્પ હોય તો કહેવા મેં વીમલને આજીજી કરી. મારી મજબુરીઓમાં પોતાની મજબુરીનું પ્રતીબીંબ જોઈ એ શાંત જ રહ્યા અને મને એક કીલ્લો સર કર્યાની હાશ થઈ!

પછી મેં તેને માઈક અને ડેટીંગ વીશે વાત કરી. માઈક સાથેનું પ્રીયાનું હળવું–મળવું એમને રુચતું નહોતુ એ ખ્યાલ માઈકને પણ આવી ગયો હતો, તે મેં પ્રીયા પાસેથી જાણ્યું હતું; પણ આજે વાંધો માઈકનો નહીં; ડેટીંગનો હતો. મુખ્ય વીષય ‘ડેટીંગ’ થઈ ચુક્યો હતો; માઈક નહીં. આ નબળી પળોમાં અમારો પરસ્પરનો પ્રેમ છલકાતો હતો. પાંત્રીસ વર્ષો અમે સાથે રહી શક્યાં તે આ પ્રેમની નબળાઈને કારણે જ. આ જ નબળાઈ હવે દીકરીમાં જોવા મળે છે ત્યારે એને કેમ પોષવી? એ મુંઝવતો પ્રશ્ન હતો. વીમલ એકદમ જ ચુપ થઈ ગયા. સાથે સાથે ઉદાસ પણ! પ્રીયાને આપણે સાથે મળી

સમજાવવી પડશે એમ કહી, મેં એમની મદદ માંગી, ત્યારે વીંધી નાખતી સ્થીર નજરે એમણે મારી સામે જોયું અને હું ફરી ખળભળી ઉઠી.

ઉનાળાના વેકેશનની નીરાંતને કારણે પ્રીયા સાથે વાત કરવાનો પુરતો સમય હતો. પણ વાત શું અને કેમ કરવી? તે વીચાર કરવા છતાં સુઝતું નહોતું. મામાને ત્યાંથી એ પાછી આવીને મને ભેટી. મને એવું લાગ્યું જાણે એ વહાલ લેવા નહીં; આપવા આવી હોય. માઈકની એમાં જીવનભરની ભાગીદારી માટે મારે તૈયારી કરવાની હતી. એક અજાણ્યા અમેરીકન છોકરા પર મારી વહાલી પુત્રીની સંભાળનો મારે વીશ્વાસ કરવાનો હતો. જ્ઞાતી અને ધર્મના વાડાઓ કુદાવીને, 'વસુધૈવકુટુંબકમ'ના વીચારોને પુસ્તકમાંથી જીવનમાં ઉતારવાની ક્ષણ ઘણી કપરી લાગી.

થોડા દીવસ પછી એક સાંજે હું ને પ્રીયા બહાર વરંડામાં હીંચકે બેઠાં. મારી મુંઝવણો એ સમજશે એમ માનીને મેં કહ્યું કે માઈક સારો છોકરો જણાય છે અને ભણવામાં ઘણો હોશીયાર છે તે ખરું; પણ તે, તેનું કુટુંબ અને તેનો સમાજ, બધું આપણાથી અજાણ્યું આપણે એને સ્વીકારીએ; પણ એ આપણને કાયમ માટે સ્વીકારશે તેની ખાતરી શું? તેનો જવાબ હતો કે : ''ડેટીંગ

દરમ્યાન અમારો પ્રેમ અને વીશ્વાસ દૃઢ થશે તો જ અમે પરણીશું; નહીંતર નહીં. અને તેના કુટુંબમાં કોઈને મારો વાંધો નથી અને હોય તો પણ; એ માઈકે સંભાળવાનું છે. રહી સમાજની વાત તો મમ્મી, મારો અને માઈકનો સમાજ એક જ છે – અમેરીકન. તમારો સમાજ જે ઈન્ડીયામાં છે તેને તો અમે ઓળખતાં પણ નથી અને જે અહીં છે તે ભારતીય સમાજનાં અમારાં જેવડાં બાળકો અમને સમજી શકે, માબાપ નહીં.''

તે દીવસે મને ભાન થયું કે મારો અને મારાં સંતાનોનો સમાજ અલગ પડી ગયો છે. મારી મુંઝવણો એને સમજાવવા કરતાં હવે તેની મુંઝવણો મારે સમજવાની જરુર છે તેનું પણ ભાન થયું. નીતીને સમજવામાં મેં બહુ મોટી ભુલ કરી છે તેનો પણ અહેસાસ થયો. માબાપ તરીકે અમે એને સમજાવવામાં જ વ્યસ્ત હતાં; સમજવામાં નહીં. અન્તે અમે એને નહીં જ સમજી શકીએ તે નીરાશાએ એને અમારાથી દુર કરી દીધી હતી. તે ઘરમાં જ હોવા છતાં; અમારી ચર્ચામાં ભાગ લેવા તો જ આવતી, જો એનાથી એની નાની બહેનને કંઈ ટેકો મળી શકે.

ગુનાહીત ભાવ સાથે મેં છેલ્લી દલીલ કરી કે, ''મેં તારી મોટી બહેનોને આટલી બધી છુટ નથી આપી અને હવે તને આપું તો મેં એમને અન્યાય કર્યો ગણાય.''

‘‘હમણાં જ પાછી આવું છું,’’ એમ કહી પ્રીયા ઘરમાં જઈ નીતીને બોલાવી લાવી.

નીતી કહે, ‘‘મને તો તેં અન્યાય કર્યો જ છે. હવે પ્રીયાને ન કરે તો સૌથી વધુ આનંદ મને થશે.’’

ત્રીજી પુત્રી સુજાતા, અમે એના માટે પસંદ કરેલાં યુવાન સાથે પરણીને સાસરે સુખી છે. અને આ પ્રશ્ને અમારી કૌટુંબીક એકતામાં ભંગ ન પડે તેવા પ્રયત્નો તે દુરથી ફોનમાં કર્યા કરતી.

અમારી હાર થઈ ચુકી હતી પણ કબુલવા અમે તૈયાર નહોતાં; તેમ છુટ આપવા પણ તૈયાર નહોતાં. પ્રીયાના પ્રેમે એને ઘણી ધીરજ બક્ષી હતી. શાંત, મૃદુ અને પ્રેમાળ હાસ્ય સાથે વળી એક સાંજે મને કહે, ‘‘ચાલ, હું તને રસોઈમાં મદદ કરું.’’ માબાપ દુ:ખી થતાં હોય તો તેને કેમ ખુશ કરવા તે કળા સંતાનોને હસ્તગત હોય છે. રસોઈ કરતાં કરતાં તે પુછવા લાગી કે, “માઈક અને તેનો ભાઈ ચાર્લ્સ શુક્રવારની સાંજ આપણી સાથે ગાળવા આવી શકે?” આમ તો એ બન્ને પ્રીયાના મીત્રવર્તુળમાં હોવાને કારણે અમારે ત્યાં આવતા રહેતા અને સાથે અન્ય મીત્રો પણ હોય જ. પ્રીયાને ખબર જ હતી કે તેના મીત્રો માટે અમારા ઘરના દરવાજા ખુલ્લા છે; તો પણ એણે

પુછ્યું તેનો મને આનંદ થયો. આ રીતે અમે માઈકના સીધા પરીચયમાં આવી શકીએ તે એનો હેતુ હતો.

પછીના શુક્રવારે સાંજે બન્ને ભાઈઓ અમારી સાથે જમ્યાં. ખુબ સારી છાપ પાડીને ગયા. કીશોર વયના એ બન્ને ભાઈઓને રાતના આઠ વાગ્યા પછી ઘરબહાર જવાની છુટ નહોતી. કાર અકસ્માતમાં તેમની માતાના મૃત્યુ પછી એમના પીતાએ બીજાં લગ્નનો વીચાર કર્યા વગર આ બન્ને બાળકોના ઉછેર પર સમગ્ર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. માઈક મને ખુલ્લા દીલનો પ્રામાણીક યુવાન લાગ્યો; છતાં મારી દીકરીની શક્ય નબળાઈઓ સાથે તે જીવનભર સાથ નીભાવે કે કેમ? અને તેની શક્ય નબળાઈઓ પ્રીયાને જીવનભર સહ્ય હશે કે કેમ? એ પશ્ન હું પ્રીયાના ધ્યાન પર મુક્યા વગર ન રહી શકી. ફરીને વાત ડેટીંગ પર આવીને ઉભી રહી. ‘‘એટલે જ તો અમે ડેટીંગનું વીચારીએ છીએ. હજુ લગ્નનું ક્યાં નક્કી છે? એવું લાગશે તો અમે લગ્ન નહીં કરીએ અને મમ્મી, તું શા માટે અત્યારથી લગ્ન સુધીનું લાંબું વીચારે છે? હજુ ચારપાંચ વર્ષ તો અમારે ભણવાનું પણ બાકી છે. ડેટીંગ દરમ્યાન અમારી મીત્રતા વધુ ગાઢ નહીં થાય તો જીવનસાથી થવાનો સવાલ જ ઉભો થતો નથી!’’ ‘‘મતલબ કે ડેટીંગ એટલે લગ્ન માટે જરુરી મીત્રતા ગાઢ કરવાનો પ્રયાસ એમ જ ને? તો પછી મને વચન આપ કે

તું અમને પુછ્યા વગર લગ્નનું નક્કી નહીં કરે." મેં આમ કહ્યુ કે પ્રીતી તરત કબુલ થઈ. તેથી મને હાશ થઈ. હજુ મારી પાસે ઘણો સમય છે. હું એને પાછી વાળી લઈશ. એમ મન મનાવીને મેં તેને ડેટીંગની છુટ આપી.

થોડા દીવસ વીત્યા હશે ત્યાં અવઢવ સાથે પ્રીયાએ એક નવો પશ્ન પુછ્યો, ''મોમ, તું કહેતી હોય છે કે જગતના બધા ધર્મો સમાન છે બરાબરને?'' મેં જવાબ આપ્યો, ''હા, કેમ તારે ધર્મ તો નથી બદલવો ને?'' મારું લોહી વેગથી દોડવા લાગ્યું. "નહીં, નહીં, મમ્મી....'' ક્યારેક મૉમ અને ક્યારેક મમ્મી કહેતી એ મને શાંત કરવા લાગી. ''માઈક બહુ સારો છોકરો છે. મને કહે છે કે તને હું ક્યારેય ધર્મ બદલવાની ફરજ નહીં પાડું; પણ......" આગળ કંઈક કહેતાં તે અટકી ગઈ. "તો પછી શી વાત છે? બોલને!" મેં તરત સ્વસ્થતા ધારણ કરી પુછ્યું. માઈક કહે છે, 'આપણે ભવીષ્યમાં લગ્ન કરીએ તો આપણાં બાળકો અમારો ધર્મ પાળશે. તારાં માબાપને તેનો વાંધો નથીને, તે પુછી જોજે. પછી ત્યારે ધર્મનો ઝઘડો આપણાં વર્ષોના સંબંધ પર પાણી ફેરવે; તે કરતાં અત્યારથી અટકવું સારું!' મેં કહ્યું કે, 'ઝઘડો પોતે જ કોઈ પણ ધર્મની વીરુદ્ધની બાબત છે. માટે ધર્મ માટે ઝઘડવાની વાત તો બેબુનીયાદ છે; પણ તેને કહેજે ધર્મ માટે સહીષ્ણુ એવાં મારાં માબાપ, માંસાહારી ખોરાક માટે

અસહીષ્ણુ છે. અને તું ફકત શાકાહારી રસોઈ જ કરી શકીશ એ પણ એને કહી દેજે.’ ઉછળેલાં દડાની જેમ મારી દીકરી બીચારી એના રુમમાં જતી રહી. અમે તો આમેય આ સમ્બન્ધ આગળ વીકસે એવું ઈચ્છતા નહોતાં.

હવે માઈક એકલો અવારનવાર અમારે ત્યાં આવવા લાગ્યો. પ્રીયા તેને ત્યાં જતી તે મને બહુ રુચતું નહીં; એટલે હું માઈકને વધુ પ્રેમથી સત્કારતી. માઈકના ડૅડીને પ્રીયા માટે સારો ભાવ છે એ જાણ્યા પછી મને થયું કે અમારે વીઘ્ન ન બનવું જોઈએ. લગ્ન પહેલાં તેઓ ‘હદ’ નહીં ઓળંગે તેની ખાતરી પણ માઈક પરના ધાર્મીક પ્રતીબંધોથી અને તેના વધુ પરીચયથી થઈ. એમના પર વધતા જતાં વીશ્વાસને કારણે મારો ડર ઘટતો જતો હતો. માઈક અમારી દુનીયામાં પ્રવેશ પામી ચુક્યો હતો. હવે તે પ્રીયાને છોડી દે તો પ્રીયાની શી હાલત થાય તેની ચીંતા મને અકારણ થવા લાગી હતી! બન્ને મોટી બહેનો મારી આ ચીંતા પર પ્રહાર કરતાં કહે, ‘‘અત્યારે તો તારે કારણે પ્રીયા એને છોડી દે એવી શક્યતા વધારે છે. અને એમ થાય તો માઈકની મનોદશા શી થાય તેનો તને ખ્યાલ છે?’’

સુકાન મારા હાથમાં છે તે ભ્રમ ભાંગતાં પીડા ઘણીય થઈ; પણ સાથે એક પ્રકાશ પણ મનમાં પડ્યો કે પોતાના બાળકની શક્તીનો અંદાજ માબાપ એમના પરની સત્તાની અંધતાને કારણે લગાવી શક્તા નથી.

આઠ વર્ષ જોતજોતામાં વીતી ગયાં. પ્રીયા અને માઈક બંને ડૉક્ટરેટની ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત કરી સ્વનીર્ભર થઈ, લગ્ન માટેની તૈયારી કરવા લાગ્યાં. આ વર્ષો દરમ્યાન માઈક અને પ્રીયાના ડૅડી વચ્ચે પણ વીશ્વાસ બંધાયો હતો. વીરોધનાં બધાં વમળો શમી ચુક્યાં હતાં. ક્યારેક પ્રીયા અને માઈક નાનાં બાળકોની જેમ ઝઘડી પડતાં અને અમને એની જાણ થાય તે પહેલાં તો અમારી સામે બન્ને હસતાં ઉભાં હોય! માઈક ગુજરાતી બોલવાની કોશીશ કરતો ત્યારે ઘર ખડખડાટ હાસ્યથી ભરાઈ જતું. આવે ત્યારે ‘ખેમ ચો?’ (કેમ છો?)થી શરુ કરી, જાય ત્યારે ‘આવજો’ સુધી ગુજરાતી શીખવાની તેની કોશીશ ચાલુ રહેતી.

બન્ને પક્ષનાં માબાપની ખુશી માટે લગ્ન હીન્દુ વીધીથી અને ખ્રીસ્તી ધર્મની વીધીથી એમ વારાફરતી બે દીવસ ઉજવવાનું નક્કી થયું. બન્ને પ્રસંગે બન્ને પક્ષના કુટુમ્બીજનો અને સ્નેહીમીત્રોની હાજરીમાં મેંદી રંગ્યા હાથે પ્રીયાએ, ગુજરાતી

વરરાજાના પોશાક સાથે સાફો પહેરેલા માઈકના ગળામાં વરમાળા આરોપી. બ્રાહ્મણના મંત્રોચ્ચાર સાથે ફેરા ફર્યાં. બીજા દીવસે લગ્નના સફેદ પોશાકમાં પવીત્રતાની મુર્તી સમી પ્રીયા અને 'Made in India' ટાઈ સાથે બ્લ્યુ સુટમાં સજ્જ માઈક 'I do' કહી પાદરીની હાજરીમાં વચનબદ્ધ થયાં. વડીલોના આશીર્વાદ માટે પ્રણામ કરવા માઈક પ્રીયાને અનુસર્યો અને માઈકના કુટુમ્બીઓ સાથેના ડાન્સમાં પ્રીયા જોડાઈ. પુરો ખ્યાલ રાખી "something new, something old, something blue, something borrowed"નો શણગાર સજી પ્રીયાએ માઈક સાથે સહજીવનને પંથે પ્રયાણ શરુ કર્યું ત્યારે મારાં અશ્રુમાંથી કવી દાદનું આ વીદાયગીત ટપકતું હતું :

"કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છુટી ગ્યો
મમતા રુવે જેમ વેળુમાં વીરડો ફુટી ગ્યો"

–રેખા પી. સીંધલ

લેખીકા–સમ્પર્ક :
Rekha P. Sindhal
5022-Redvine way, Hixson, TN 37343, USA
Phone: 423-244-0392
ઈમેલ: rekhasindhal@comcast.net
લેખીકાનો બ્લૉગ : http://axaypatra.wordpress.com/

@@@

267 : 07-04-2013

# વતનની માટી

–આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

દીવાળીના તહેવાર નજીકમાં જ હતા. અહીં પરદેશની ભુમી પર હું સાવ એકલો હતો; ઘર–પરીવાર, સ્નેહીજનોથી દુર. જીન્દગીની કદાચ આ પહેલી જ દીવાળી હતી જ્યારે હું મારા કુટુમ્બની સાથે નહોતો. કમ્પનીના કામે એકાદ મહીના પહેલાં લંડન આવ્યો અને હજી ચાર–પાંચ મહીના સુધી રોકાવું પડે એમ હતું.

અહીં બનેલા નવા મીત્રો, સહકર્મચારીઓ સૌને દીવાળી નીમીત્તે કંઈ ને કંઈ ભેટ આપવી જોઈએ એમ વીચારીને હું ખરીદી કરવા નીકળેલો. ‘ ઈન્ડીયન સ્પાઈસ શૉપ’ નામના સ્ટોરમાં દરેકેદરેક પ્રકારની ભારતીય ચીજ–વસ્તુ મળી જાય. હું દીવા, મીણબત્તી, રંગોળી માટેના રંગોના કાઉન્ટર પર બધું જોવામાં મશગુલ હતો ત્યાં કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો :

‘એક્સક્યુઝ મી, આપ ઈન્ડીયાથી આવો છો?’

કફની–લેંઘો અને પગમાં જયપુરી મોજડી પહેરેલો મારો દેખાવ જ એવો હતો કે જેની પર ભારતીયતાની છાપ

હતી. લગભગ પચાસેક વર્ષની લાગતી એ સ્ત્રીને મેં ધારીને જોઈ. સુંદર, નમણા ચહેરા પર ભાવવાહી આંખો. પણ એ આંખોમાંથી ઉદાસી ડોકીયાં કરતી હતી. આધુનીક પહેરવેશ; છતાં એનાં મુળીયાં ભારતીય ભુમીમાં હતાં એવું મને એને જોતાંની સાથે લાગ્યું. મેં જવાબ આપ્યો, ‘ હા, મૅમ, હું હૈદરાબાદથી આવું છું.’

એની આખોમાં એક અજબ પ્રકારની ચમક આવી ગઈ. તેણે કહ્યું, ‘કેટલું સારું! તમને ભારતમાં રહેવા મળે છે. લંડનમાં વધુ રોકાવાના છો કે ભારત પાછા જવાના?’

‘હું મારી કમ્પનીના કામે આવ્યો છું. હજી ચારપાંચ મહીના તો રોકાવું પડશે. ત્યાર પછી ભારત પાછો જઈશ.’

‘મારાં લગ્ન થયાં તે પહેલાં હું મુમ્બઈ રહેતી હતી. હવે તો પચીસ વરસથી અહીં છું. લંડન આવ્યા પછી એક્કે વાર ભારત ગઈ નથી..’ કહીને એણે કદાચ નીસાસો નાખ્યો અથવા મને એવું લાગ્યું. પણ તરત જ ચહેરા પર પરાણે હાસ્ય લાવતાં એ બોલી, ‘હું માનું છું કે જે કોઈ ભારત જઈ શકે તે નસીબદાર છે.’

અમારી વાત ચાલતી હતી ત્યાં એક યુવાન આવ્યો અને કહેવા લાગ્યો, ‘ મૉમ, બહુ મોડું થઈ ગયું, નીકળવું છેને?’ અને એ જલદી જલદી મને ‘બા....ય’ કહીને જતી રહી. તે દીવસે હું ક્યાંય સુધી એને વીશે વીચારતો રહ્યો.

પચ્ચીસ પચ્ચીસ વર્ષ સુધી લંડનની ઝાકઝમાળભરી જીન્દગી જીવ્યા પછી પણ એને ભારતનું આટલું આકર્ષણ કેમ હશે?

જાણે આ મારા સવાલનો જવાબ આપવા માટે જ હોય એમ પંદરેક દીવસ પછી મને એક મૉલમાં તે મળી ગઈ. એણે હસીને મને ‘કેમ છો?’ પુછ્યું.

મેં કહ્યું, ‘મઝામાં. પણ આપણી તે દીવસની મુલાકાત બહુ ટૂંકી રહી. મારે તમારી સાથે થોડી વાતો કરવી છે. તમને વાંધો ન હોય તો રેસ્ટોરંટમાં બેસીએ?’ આજે એને બીલકુલ ઉતાવળ નહોતી એટલે કૉફીની ચુસ્કી લેતાં લેતાં અમે બન્ને વાતે વળગ્યાં. એણે કોઈ ઔપચારીકતા વીના મારા સવાલોના જવાબ આપ્યા.

‘મારાં બે સંતાનો. એક દીકરો. જેને તમે તે દીવસે જોયો. એ અહીંની જ છોકરી સાથે પરણ્યો છે. અમે ઈન્ડીયા હતાં ત્યારે એનો જન્મ થયેલો. એનું નામ સમીર પાડેલું; પણ હવે એ ‘સેમ’ના નામે ઓળખાય છે.’

‘અને બીજું સંતાન?’

‘સેમથી નાની દીકરીનું નામ છે ‘સારા’. એનો જન્મ અમે અહીં લંડન આવ્યાં પછી થયો.’

‘તમારા પતી શું કરે છે?’

પતી વીશે વાત કરવાનો ઝાઝો ઉમળકો ન હોય એવા ભાવ સાથે એ બોલી, ‘ટી.વી.માં આર્ટ ડાયરેક્ટર છે.

લગ્ન પહેલાં હું મુમ્બઈ હતી ત્યારે રેડીયોમાં એનાઉન્સરની નોકરી કરતી. ત્યાં જ મારી અને દીપેન્દ્રની ઓળખાણ થઈ અને ધીમેધીમે પરીચય પ્રેમમાં પલટાયો. અમે મરાઠી અને એ પંજાબી. મારા ઘરમાં સખત વીરોધ હતો.'

'તો પછી તમે લગ્ન કેવી રીતે કર્યાં?' મને એની વાતમાં રસ પડતો જતો હતો..

'ભાગીને. પણ મારાં પીયરીયાંઓએ એ પછી મારી સાથેનો સમ્બન્ધ તોડી નાખ્યો. સમીરનો જન્મ થયાના સમાચાર મોકલ્યા, તોયે કોઈ જોવા ન આવ્યું; મા પણ નહીં.' બોલતાં બોલતાં એની આંખોમાં આંસુ છલકાયાં એ એણે ટીસ્યુ–પેપરથી લુછ્યાં..

'દીપેન્દ્રનું લંડન રેડીયો માટે સીલેક્શન થયું ને અમે ભારત છોડી લંડન આવી ગયાં. શરુઆતમાં અહીંની જીવનપદ્ધતીમાં ગોઠવાવું મારે માટે બહુ મુશ્કેલ હતું. વખત જતાં એમાં તો હું ગોઠવાઈ ગઈ; પણ આજ સુધી હું મનથી અહીં ગોઠવાઈ શકી નથી.

'દીકરાએ એની મનપસંદ છોકરી સાથે લગ્ન કર્યાં ને ખુશ છે. દીકરી એના મીત્ર સાથે લગ્ન વીના પણ રાતોની રાતો ગાળે છે. પતી કોઈ અચકાટ વીના મારા દેખતાં જ એની સ્ત્રીમીત્રને ગળે વળગાડે છે. જો દીકરાને આ વીશે કંઈ પણ કહેવા જાઉં તો કહે છે :

'મૉમ, તારા વીચારો આવા જુનવાણી કેમ છે? આટલા મોટા લંડનમાંથી તું પણ એકાદ ફ્રેન્ડ શોધી કાઢ ને તારી રીતે મઝા કર. – આ છે અહીંની સંસ્કૃતી! જેમાં દીકરો માને શીખામણ આપે છે કે, તું પણ મીત્ર શોધી કાઢ! મારા ભર્યા–પુર્યા સંસાર વચ્ચે હું એકલી છું, સાવ એકલી!' કહેતાં કહેતાં તે એ રડી પડી.

મેં કહ્યું, ' તમે ભારતીય સંસ્કૃતી અને ભારત માટે આટલું ઝુરો છો તો એકાદ વખત તો મારે ત્યાં આવો! મારું તમને આગોતરું આમંત્રણ છે.'

'આવીશ. જરુર આવીશ. જ્યારે અહીંની એકલતા મારાથી સહન નહીં જ થાય ત્યારે અથવા તો મારાં દીકરા–દીકરીનાં સંતાનોને લઈને હું ભારત આવીશ અને બતાવીશ કે જુઓ, આ છે મારી માતૃભુમી. પણ અત્યારે મારું એક કામ કરશો? ભારતના એરપોર્ટ પર ઉતરો ત્યારે ત્યાંની ધુળ માથે ચડાવીને મને યાદ કરજો. આટલું કરશોને?'

પછી મારો જવાબ સાંભળ્યા વીના જ એ ઉઠીને ચાલી ગઈ.

(મીના ખોંડની મરાઠી વાર્તાને આધારે)

તા. 01/12/2012ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લે પાનેથી સાભાર...

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

બી–401, દેવદર્શન, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719

મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

268 : 21-04-2013

# ગઝલ

–લક્ષ્મી ડોબરીયા

અનુક્રમણીકા

.1.

આજની આ પળને આજે, ખાળજે હળવાશથી ,
કાં ગયેલી પળને પાછી, વાળજે હળવાશથી!

કેટલું, ક્યાં બોલવું, એનો કરી અંદાઝ ને-
મૌનની શરતો બધીયે પાળજે હળવાશથી!

જો પુરાવો કે ખુલાસો હોય ના સંગીન તો ,
સાવ સાચી વાતને પણ ટાળજે હળવાશથી!

આંખ, મન કે કંઠમાં, કોરી તરસ જો તરફડે ,
તો ગઝલના લયમાં એને, ઢાળજે હળવાશથી!

ને પછી મળશે બધાયે પ્રશ્નના ઉત્તર તને,
તર્ક સાથે તથ્યને પણ, ગાળજે હળવાશથી!

.2.

કક્કામાં મેં અક્ષર જોયા,

ને અક્ષરમાં ઈશ્વર જોયા!

સીધા–સાદા પ્રશ્નોના પણ,

અધરા અધરા ઉત્તર જોયા!

ખાલીપો ભરવાના રસ્તા,

ગીત-ગઝલમાં નવતર જોયા!

સંબંધોના પરપોટા પર-

હીરા-મોતી જડતર જોયા!

સમજણનો દીવો પ્રગટાવી,

દુઃખનાં કારણ અંદર જોયાં!

.3.

દીલથી વધાવી લે અગર થોડી-ઘણી,

તો વાતની થાશે અસર થોડી-ઘણી!

સંભાવના મેં સોળ આનાની કરી,

ને, ખીલવી છે પાનખર થોડી-ઘણી!

સાર્થક થયું પીડાનું હોવું આખરે,
એ છે તો છે, મારી કદર થોડી-ઘણી!

અંતે ખુશીએ ખુશ થઈ આપ્યું વચન,
એ આવશે અવસર ઉપર થોડી-ઘણી!

મેં વાતને વ્હેતી કરી કાગળ ઉપર,
એ પી ગઈ તરસી નજર થોડી-ઘણી!

.4.

આમ ભરચક, આમ ખાલી!
મન તો છે જાદુની પ્યાલી!

એ હતી નવજાત તોયે,
વાત આખી રાત ચાલી!

છે સવાલો સાવ નક્કર,
પણ જવાબો છે ખયાલી!

ઘાસની લીલી સભા પર,

શ્વેત ઝાકળની છે લાલી!

સાત પગલાં મેં ભર્યાં છે ,

ખુદની દુઃખતી રગને ઝાલી!

તું ગણીત એવું ગણે કે-

મુઠ્ઠી મુદ્દલ, વ્યાજ પાલી!

કેફીયત મારી સુણીને,

આ ગઝલ પણ ફુલી-ફાલી!

.5.

ધીરતા ધારી જુઓ,

કાં પછી હારી જુઓ!

લ્યો, કલમ, કાગળ પછી,

જાત વીસ્તારી જુઓ!

ચીતરો ચૈતર અને-

ટેરવાં ઠારી જુઓ!

શુન્યની કીમ્મત થશે,
એક અવતારી જુઓ!

‘કોણ છું’?ના પ્રશ્નથી,
ખુદ્દને પડકારી જુઓ!

એક વૈરાગી ક્ષણે,
જીવ શણગારી જુઓ!

.6.

ભાર ખાલી ક્ષણનો કાયમ હોય છે;
કાં પછી સમજણનો કાયમ હોય છે.

ટાઢ, તડકો, ઝાંઝવા ને થોરથી,
દબદબો તો રણનો કાયમ હોય છે.

કોરું મન, તરસ્યાં નયન, વહેતો સમય..
પ્રશ્ન બસ, એ ત્રણનો કાયમ હોય છે .

ચાસ ચહેરા પર સમય પાડે અને,
વાંક કાં દર્પણનો કાયમ હોય છે?

સાવ સાચી વાત કરવી હોય..પણ,
ડર સવાયા 'પણ'નો કાયમ હોય છે.

.7.

કાલ આખી આજ સાથે જેમ છે,
'તું નથી; પણ છે'ના પ્રશ્નો તેમ છે.

હોંશથી પાડે છે પડઘો પાનખર,
એટલે એને મેં પુછ્યું, 'કેમ છે?'

પારદર્શક હોય પરપોટો છતાં,
વજ્ર જેવો મેઘ-ધનુષી વ્હેમ છે .

વૃક્ષની સંભાવના છે બીજમાં,
પારણાંનાં ગીતમાં પણ એમ છે!

તળમાં દાવાનળ, કીનારા શાંત છે,
આમ તો દરીયો કુશળ ને ક્ષેમ છે!

.8.

શું હતું? ને શું થશે? છે અંદર પ્રશ્નો;

મનમાં ઘુંટ્યા તો થઈ ગ્યા મંતર પ્રશ્નો!

કોઈના વરસી જવાથી ઉગશે ઉત્તર,
આશ રાખીને ઉભા છે બંજર પ્રશ્નો!

રાખે છે સાપેક્ષ થઈ સંબંધોમાં પણ,
ક્યાંક ઓછું, ક્યાંક ઝાઝું અંતર પ્રશ્નો!

ઘાટ ઘડવા રીત નોખી અજમાવે છે,
તીર, ભાલો, ટાંકણી ને ખંજર પ્રશ્નો!

જ્યાં જવાબો જીન્દગીને અજવાળું દે,
લાગવાના ત્યાં સહજ ને સુંદર પ્રશ્નો!

.9.

સંવાદ 'હું' થી કર, પછી ઘડતર થશે!
ઘટના હશે ઝીણી; છતાં ચણતર થશે!

તું કલ્પનાને બે-ઘડી અવતાર તો,
કોરી હકીકત પર સરસ જડતર થશે!

સંદર્ભ પીડાનો હશે, જો નામમાં,
ચર્ચા થશે, ને એય પણ નવતર થશે!

જો, ભાગ્યવશ ખોટી ઠરે કારણ વગર
તો, ધારણાના કાળજે કળતર થશે!

શોધો ભલે ને દર્દનાં કારણ નવાં,
એના ઉપાયો એટલાં પડતર થશે!

.10.

એક સવાયી ક્ષણની સાખે,
આભ ઢળે રજકણની સાખે!

એકલતાએ સાથ નીભાવ્યો,
તેં દીધેલા વ્રણની સાખે!

રેત વચાળે દરીયો ગાળે,
તડકો કાયમ રણની સાખે!

સપનું નહીં પણ એક હકીકત,
ટપકે છે આંજણની સાખે!

રહી ગઈ અંતે વાત અધુરી,
પ્રશ્ન વીનાના ‘પણ’ની સાખે!

કોઈના હોવાની ઘટના,
ઉગે છે દર્પણની સાખે!

.11.

મેં સાંજ સાચવી તો ઉજળી થઈ સવારો,
ને મૌન સાચવ્યું તો થ્યા શબ્દથી પ્રહારો.

સારાં શુકન લલાટે ને હાથમાં લઈને,
આનંદને મળી; પણ પીડામાં થ્યો વધારો.

છે થોર આંગણાંમાં તો પાનખરના હૈયે,
ભીની ઉગી છે ધરપત કે આવશે બહારો.

એના સુધી જવાનો રસ્તો મને મળ્યો છે,
પ્રશ્નો બહારના; પણ અંદર કર્યો સુધારો

જ્યાં શોધવાનું છોડ્યું, ત્યાંયે મને મળી ‘હું’,
સંવાદ ને સમાધી; બન્નેનો લૈ સહારો.

.12.

ભુલોને સ્વીકારું છું!

અજવાળું વીસ્તારું છું!

તર્કની દીવાલો તોડી,

તથ્યોને ઉગારું છું!

પથ્થર સમજો કે ઈશ્વર,

હું શબ્દો અવતારું છું!

બત્રીસ કોઠે દીવા થ્યા,

તારું હોવું ધારું છું!

સુરજ ઉગે કે ડુબે,

સમભાવે સત્કારું છું!

–લક્ષ્મી ડોબરીયા–

(લક્ષ્મીબહેનની આવી જ મધુર ગઝલો માણવા અને એમનો સ–તસ્વીર પરીચય પામવા, તા. ૨૩/૧૨/૨૦૦૭ની ૧૩૩મી

‘સન્ડે ઈ–મહેફીલ’ની આ

http://gujaratilexicon.com/magazine/sundayemahefil/

લીંકના પાન 30 પરથી તે ડાઉનલોડ કરવા વીનંતી છે.)

સમ્પર્ક :

'સમન્વય'

૯, નહેરુનગર સોસાયટી,

નાના મવા રોડ, રાજકોટ – 360 004

મોબાઈલ : 96875 19952

Email: laxmi_samanvay@yahoo.in

@@@@@

269 : 05-05-2013

# ગુણુની બા

–ડૉ. ગુણવંત શાહ

અનુક્રમણીકા

ઓલપાડ તાલુકાના સાંધીએર ગામે વીસેક વર્ષની છોકરીને પ્રાથમીક કન્યાશાળામાં શીક્ષીકા તરીકે નોકરી મળી. છોકરી પાટીદાર અને પાણીદાર હતી. સન ૧૯૨૦ની સાલમાં ગાંધીજીએ હાકલ કરેલી અને સરકારી નોકરોને નોકરી છોડવાનું આહ્વાન કરેલું. એ જ વર્ષે ગાંધીજી સરોજીની નાયડુ સાથે ઓલપાડ ગયેલા અને મોટી જાહેરસભામાં એમણે સ્વરાજ્યની લડત માટે હાજર રહેલી સ્ત્રીઓ પાસે સોનાનાં ઘરેણાંની માંગણી કરી. એ સભામાં ગયેલી પેલી પાટીદાર છોકરીએ પોતાની વીંટી બાપુને અર્પણ કરી દીધી. લગભગ સત્તર વર્ષ પછી એ છોકરી મારી બા બની ગઈ.

બાને મેં કદી સુરજ ઉગ્યા પછી પથારીમાંથી બેઠી થતી જોઈ નથી. એ ઘંટીએ દળતી ત્યારે પ્રભાતીયાં ગાતી એવું સ્મરણ છે. બા દક્ષીણામુર્તી ભાવનગરમાં બાળકોની ‘મુછાળી મા’ ગણાતા શ્રી ગીજુભાઈ બધેકાની શીષ્યા હતી અને મોન્ટેસરી પદ્ધતીએ બાળકેળવણીની તાલીમ લઈ

આવેલી. દક્ષીણામુર્તીના શ્રી નાનાભાઈ ભટ્ટ બાના ગુરુપદે હતા. આમ છતાં મને ક્યારેક શૈક્ષણીક મેથીપાક મળતો. આ બંને રાંદેરને ઘરે બે વખત આવેલા. બા ભજનો ગાતી ખરી; પરંતુ એના કંઠે વારંવાર જે પંક્તીઓ મેં સાંભળેલી તે આ હતી :

મહાદેવ જાઉં ઉતાવળી ને
જઈ ચઢાવું ફુલ,
મહાદેવજી પરસન થયા ને
તમે આવ્યાં અણમોલ.
પથ્થર એટલા દેવ કર્યા ને
જઈ ચઢાવ્યા હાર,
પારવતી પરસન થયાં ત્યારે
ઘોડિયાં બાંધ્યાં ઘેર.

બા વીશે લખતી વખતે હું મુંઝારો અનુભવી રહ્યો છું. કોઈ શીશુ પોતાની માતા વીશે તટસ્થભાવે લખી શકે? અત્યારે મારા મનમાં સાક્ષીભાવ અને માતૃભાવ વચ્ચે જાણે તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે. એક બાજુએ વાત્સલ્યમુર્તી માતા છે અને બીજી બાજુ કલમની ખાનગી પ્રામાણીકતા છે. બા તરફથી થયેલી કેટલીક સાત્ત્વીક પજવણીઓની વાત રસ પડે તેવી છે. બાને અન્યાય ન થાય એ રીતે અહીં થોડીક વાતો

કરવી છે. આત્મકથા લખનારની અગ્નીપરીક્ષા આવી નાજુક વાતો પ્રગટ કરતી વખતે થતી હોય છે.

બા પ્રાથમીક કન્યાશાળાની આચાર્યા હતી. બાનો બધો જ પ્રયત્ન પોતાની શાળાને આદર્શ શાળા બનાવવાનો હતો. શીક્ષીકા તરીકે બાનો પ્રભાવ ગામમાં એવો હતો કે અમારે ઘરે ઘણા મહાનુભાવો આવતા. કીશોરલાલ મશરુવાળાના ગુરુ કેદારનાથજી, ગુરુદયાલ મલ્લીક, પંડીત લાલન, તારાબહેન મોડક, ગાંધીજીના અંતેવાસી ભણસાલી, મહાદેવ દેસાઈ, પ્રો. સી. એન. વકીલ જેવા અનેક મહાનુભાવો ઘરે આવેલા. પંડીત લાલને બાને ભેટ તરીકે આપેલી ચાંદીની સાંકળી હજી અવંતીકાએ સાચવી રાખી છે. આજે પણ હું કહી શકું કે બા જેવી સંનીષ્ઠ આચાર્યા અને શીક્ષીકા મને જોવા મળી નથી. શીક્ષીકાઓ આદરપુર્વક બાને ‘મોટા બહેન’ કહેતી. કેટલીક યુવાન પરીણીત સ્ત્રીઓ બાને ગુરુભાવે જોતી અને બા કહે તેમ કરતી. બા એમની અંગત બાબતોમાં વધારે પડતો ઉંડો રસ લઈને માર્ગદર્શન આપતી. ક્યારેક મને થોડી વાતો અલપઝલપ સંભળાતી. નીરપવાદપણે બાના કાઉન્સેલીંગના કેન્દ્રમાં સેક્સની માની લીધેલી સમસ્યાઓ જ રહેતી. બાને આવી બાબતોમાં સ્વ–નીયુક્ત કાઉન્સેલર બનવાની હોંશ રહેતી. સાસુ–વહુના

ઝઘડાઓ પણ બા પાસે આવતા. બા વચલો રસ્તો કાઢી આપતી.

એક દીવસ હું અમથો બેઠો બેઠો કશુંક વાંચતો હતો. બા ગંભીર વદને હાથમાં મારો ધોવા નાખેલો પાયજામો લઈને આવી અને બટન આગળ વળગેલા સ્વપ્નદોષના સંકેતને બતાવીને કહે : ‘આવું કેમ થાય?’ હું તો ડઘાઈ જ ગયો. જે વસ્તુ સાવ સહજ અને સાર્વત્રિક હતી, તેને બાએ પાપયુક્ત બનાવી દીધી. કુમાર અવસ્થામાં થયેલી આવી અનેક સાત્ત્વીક પજવણીને કારણે હજી આજે પણ હું એકાંતમાં અન્ય કોઈ સ્ત્રીને સહજપણે એટલે કે સભાન બન્યા વગર મળી શક્તો નથી. ફળીયામાં પાલીફોઈની ઓટલી પર ગોઠીયાઓ તરફથી જે કુશીક્ષણ મળેલું તે ઓછું હોય તેમ બાએ એમાં સાત્ત્વીક પાપગ્રંથીનો ઉમેરો કર્યો. બાનું વળગણ (ઓબ્સેશન) મને જીવનભર નડ્યું; હજી આજે પણ નડે છે. બાનો એમાં ખાસ વાંક ન હતો. એ દીવસોમાં લંગોટમુલક બ્રહ્મચર્યના ગાંધીવાદી અતીરેકોને પ્રતીષ્ઠા મળેલી એમ કહી શકાય.

પૈસાનો મોહ બા છેવટ સુધી ન છોડી શકી. વગર નોટીસે અને વગર કારણે બા ઈન્કમટેક્સની ઓફીસે જતી

અને આવકવેરો લેવાય તેવું કરતી. મારો આવકવેરો તો મારા પગારમાંથી જ કપાઈ જતો હતો અને બાનું પેન્શન વધતું વધતું બસો રુપીયા સુધી પહોંચેલું. તે ઉપરાંત ખેતીની આવક હતી. આ અંગે બાએ મને એક મૌલીક વાત કરેલી તે યાદ આવે છે. બાએ કહેલું : ગુણુ! આ દેશમાં માત્ર નસીબદાર માણસો જ આવકવેરો ભરે છે. આવક છે તો આવકવેરો છે ને? કેટલાય ગરીબો આવકવેરો ભરવો પડે તેટલું કમાવા આતુર છે; પણ એમના નસીબમાં આવકવેરો ભરવાનું ક્યાંથી? બાની વાતમાં દમ હતો.

બા કાયમ એમ જ માનતી કે મને પૈસા બચાવતાં આવડતું નથી અને અવંતીકાને ખર્ચ કરવાની સુઝ નથી. આ વાતે સાસુ–વહુ વચ્ચે સાવ નકામી બાબતે ઝઘડા થતા. મારી સ્થીતી શરીરનાં બે ફાડચાં ચીરાતાં હોય ત્યારે જરાસંઘને થાય એવી પીડાકારક બનતી. બા સંભળાવતી : 'તમે લોકો કશું બચાવતાં નથી.' વાસ્તવીક્તા સાવ જુદી હતી. જે કંઈ બચે તે અમે બાને આપી દેતાં. પરંતુ પછી પાંચસો રુપીયાની ખાસ જરુર પડે ત્યારે બા ઉપદેશ આપતી. હું મંબઈથી સુરતની ફ્લાઈંગ રાણીમાં બેસું અને પાંચ–છ કલાકે ઘરે પહોંચું તો વચ્ચે એક પણ પૈસો ન ખરચું. કૉલેજનાં ચાર વર્ષ દરમીયાન એક પણ વાર કૅન્ટીનમાં ગયાનું મને યાદ નથી. અવંતીકા લગ્ન પછીનાં વર્ષોમાં આઠેક વર્ષ સુધી ખાદી

પહેરતી; કારણ કે અમારું કુટુંબ આખું ખાદીધારી હતું. મેં એને પછી મુક્ત કરી અને કહ્યું કે ફરજીયાતપણે કશું થાય એ યોગ્ય નથી. એને પીયરથી કરકસરના સંસ્કાર મળ્યા ન હતા; પરંતુ મારી સાથે રહીને કરકસર કરવાની ટેવ એણે શરુઆતથી જ પાડી હતી. હું પાછળથી સ્વૈચ્છીક નીવૃત્તી લઈ શક્યો તેમાં મદદરુપ થયેલું એક કારણ, અવંતીકાએ દૃષ્ટીપુર્વક કરેલી બચત પણ હતું. હું ખોટો ખર્ચ કરી ન શકું; પરંતુ ખરો ખર્ચ જરુર કરું. એક વાર તો ઘરના હીસાબમાં એક રુપીયાની ભુલ રહી ગઈ, તેથી બાએ આખી રાત માથાકુટ કરી અને સવારે અમે ઉઠ્યાં કે તરત એ ભુલ અંગે કડવી ચર્ચા કરી. થોડી ઉદારતા અને પરીપક્વતા સાથે વહુને જીતી લેવાની કળા બા પાસે ન હતી. બન્ને પ્રીયજનો વચ્ચે ખેંચાઈ મરતા લાચાર આદમી તરીકે મેં એક નીતી રાખેલી. જેનો વાંક જણાય તેને સ્પષ્ટ કહેવું અને એમાં જરા પણ પક્ષપાત કરવો નહીં. અવંતીકાએ બે–ત્રણ વખત બાની માફી માગેલી. બાને હું જે લાગે તે કહેતો અને વાત પુરી થતી. પ્રત્યેક ઘરે સાસુ–વહુ વચ્ચે થોડીક તાણ રહેતી હોય છે; પરંતુ અમારા જેવા સંસ્કારી પરીવારમાં એ તાણ ક્યારેક ઉગ્રતા ધારણ કરતી એ ખરેખર શરમજનક કહેવાય. ઘણાં વર્ષો બાદ જે શીખવા મળ્યું તેનો સાર આ પ્રમાણે છે : બે

વ્યક્તીઓ નથી લડતી; બન્નેમાં રહેલો અહંકાર સતત હાહાકાર મચાવતો હોય છે.

બા અંગે મેં ખુબ વીચાર્યું છે. મારા પર એનો પ્રેમ ઓછો ન હતો. એ મને કાયમ ‘ગુણુ’ કહેતી. બાની અંદર બેઠેલી માતાને પ્રગટ ન થવામાં કઈ બાબત જવાબદાર હતી? આ પ્રશ્નનો જવાબ મને મળ્યો છે. માતૃત્વ અને નેતૃત્વ વચ્ચેની કશમકશમાં જીવનભર માતૃત્વ હારતું જ રહ્યું અને નેતૃત્વ જીતતું રહ્યું. કદાચ મારા જીવનની આ સૌથી મોટી કરુણતા હતી. જાહેર સેવાનું ક્ષેત્ર ક્યારેક માણસને પોતાના પરીવારની ધરાર ઉપેક્ષા કરવા મજબુર કરે છે. લોકસેવાની લગની પણ ક્યારેક ભારે ઉધમાત મચાવતી જતી હોય છે.

પ્રાથમીક શાળા છોડીને બા ઈન્સ્પેક્ટ્રેસ બની ત્યારે એવું ઘણી વાર બનતું કે સોમવારે ગયેલી હોય તે છ દીવસ બાદ છેક શનીવારે રાતે એ ઘરે પાછી ફરે. બા ન હોય ત્યારે રસોઈ બાપુને માથે રહેતી અને હું બાપુને સહાય કરતો. શનીવારે રાતે બા પાછી ફરે તેની હું રાહ જોતો. કદાચ બાપુ પણ જોતા. રવીવારે સવારે હું ઉઠું ત્યારે બા ઘણુંખરું ઘરમાં ન હોય. એ કોઈ બાકી રહેલાં લોકસેવાનાં કામે નીકળી ગયેલી હોય. રવીવારે બા સરકારી કામ અંગે બહાર નહોતી

જતી; લોકસેવા માટે જતી. ક્યાંક ફાળો ઉઘરાવવાનો હોય કે રાંદેરના કેળવણી મંડળનું કામ હોય. બાને 'સેવારોગ' વળગ્યો હતો એમ કહી શકાય. આગળ કહ્યું તેમ માતૃત્વ સદા માર ખાતું રહ્યું અને નેતૃત્વ કાયમ અગ્રતા પામતું રહ્યું.

હું વડોદરાની ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલૉજીમાં લેક્ચરર હતો. એક દીવસ બાનો ફોન આવ્યો. તાપીમાં વારંવાર રેલ આવતી, તેથી કાંઠાનાં ઘરોના રક્ષણ માટે સરકારે નદીની ભેખડો પર પાળા બાંધવાની યોજના ઘડી. કાંઠે આવેલાં ખેતરોની જમીન સરકારે એક્વાયર કરી. અમારું ખેતર તાપીને કીનારે આવેલા હરી ઓમ આશ્રમને અડીને આવેલું તેથી થોડીક જમીન પાળા યોજનામાં ગઈ. બાએ મને આગળથી કહી રાખેલું કે એ ગયેલી જમીનના બદલામાં સરકાર જે ચાર–પાંચ હજાર રુપીયા આપે તે રકમ કોઈ સારા કામમાં દાન કરીશું. મેં હા પાડેલી. બાએ ફોન જોડ્યો તેમાં બાની ઉદાત્ત ભાવના પ્રગટ થઈ. મને એ ડાયલૉગ હજી બરાબર યાદ છે :

બા : 'ગુણુ! તને પાળા યોજનામાં આપણી જમીન સરકારે લીધેલી તે યાદ છે?'

હું : 'હા બા. પણ તેનું શું છે?'

બા : ‘તને યાદ છે કે સરકાર એ માટે વળતરની જે રકમ આપે તે આપણે દાનમાં આપી દેવાનું નક્કી કરેલું?’

હું : ‘હા, મને બરાબર યાદ છે.’

બા : ‘ બેટા! આપણે તો ધારેલું કે માંડ ચારેક હજાર રુપીયા આવશે પણ સરકારે તો ભારે ઉદારતાથી વળતર આપ્યું.’

હું : ‘કેટલું?’

બા : ‘રુપીયા પચ્ચીસ હજાર.’

હું : ‘શું વાત છે, બા?’

બા : ‘પણ આપણાથી હવે એ રકમ ઘર માટે ન લેવાય. મનોમન સંકલ્પ કરેલો કે જે કંઈ આવે તે દાનમાં આપીશું. હવે રકમ મોટી આવી તેથી સંકલ્પ ન તોડાય. તને શું લાગે છે?’

હું : ‘બા, તારી વાત બીલકુલ સાચી છે અને હું રુપીયા પચ્ચીસ હજાર ઘરમાં ન લેવા માટે તારા જેટલો જ મક્કમ છું.’

બા : બસ, મને નીરાંત થઈ.

૧૯૭૦ના અરસામાં રુપીયા પચ્ચીસ હજારની રકમ બહુ મોટી ગણાતી. એ ગાળામાં ઘરનું બૅન્ક બેલેન્સ પણ રુપીયા પાંચ–સાત હજારથી વધારે નહીં હોય. અવંતીકાએ પણ આ વાતમાં મનથી ટેકો આપેલો. આ રીતે જુદી કાઢેલી રકમનું અમે ટ્રસ્ટ બનાવ્યું જેનું નામ હતું : ‘લોકશીક્ષણ ટ્રસ્ટ.’

ટ્રસ્ટની આર્થીક સહાયથી ભણેલા કેટલાક ડૉક્ટરો કે એંજીનીયરો આજેય રાંદેરમાં મને મળે છે. કેટલાકને પુસ્તકો ખરીદવા માટે પૈસા મળતા. કેટલાકને ફી ભરવા માટે પૈસા મળતા. કેટલાકને સાધનો ખરીદવા માટે મદદ મળતી. યાદ છે કે એ ટ્રસ્ટની સહાયને કારણે એક ગરીબ વાળંદનો દીકરો એન્જીનીયર બનેલો. આજે એ ઘણો સુખી છે. દુરનાં ગામોમાંથી હાઈ સ્કુલમાં ભણતા ગરીબ વીદ્યાર્થીઓને મદદ કરવા માટે અરજીઓ આવતી. ક્યારેક ભલામણો પણ થતી. બૅન્કમાં વારંવાર જઈને પૈસાની વ્યવસ્થા કરનારી બા, પૈસાને છોડવામાં કચાશ નહોતી રાખતી. બાની સેવાની સુવાસ અનેક ગામોમાં ફેલાયેલી હતી.

બાની સેવાહઠ ક્યારેક મને ખુબ અકળાવતી. ઘરની અને પરીવારની ઉપેક્ષા ક્યારેક હદ વટાવી જતી. અમુક કામની વાત આવે ત્યારે બા કોઈની પરવા ન કરતી. જ્યાં એક કલાક આપવાથી પતે તેવું હોય ત્યાં એ ચાર કલાક આપતી. ક્યારેક તો સામેથી વૈતરાને આમંત્રણ આપતી. પતી કે બાળકો શું ખાશે એની ચીન્તા બા ન કરતી. ટાળી શકાય તેવી દોડાદોડી પણ એ ટાળતી નહીં. ઘર છોડીને બહાર કોઈ કામે જવા માટે ટાંપીને બેઠી હોય એવું પણ ક્યારેક મને લાગતું. ‘પીને વાલે કો પીને કા બહાના ચાહીયે,’ જેવી સ્થીતી

હતી. ગામમાં બાની મદદ ઉપકારક બને તેવાં કામોની ખોટ ન હતી. બાના જીવનમાં જાણે એક સુત્ર વણાઈ ગયેલું : 'આ બેલ, મુઝે માર.' બાની આવી બહીર્મુખી વૃત્તીના અતીરેકોને કારણે મારી માનસીકતા પર કેટલીક કાયમી અસરો પડી.

અત્યારે જે લખી રહ્યો છું તેના પ્રત્યેક શબ્દ પર મારા આંસુનો અભીષેક થયેલો છે. સંતાન તરીકે કોઈ પણ ફરજ ન ચુક્યા છતાં; મારી ઝંખના અધુરી રહી તેનું દર્દ આ ક્ષણે તીવ્રતાપુર્વક અનુભવી રહ્યો છું.

આજે મને કોઈ પુછે કે : 'તને આવતે જન્મે કેવી માતા મળે એવું ઈચ્છે છે?' હું જવાબમાં કહું કે, 'મારે આ જ માતા જોઈએ; પણ તે અભણ હોય તો મને વધારે ગમે.' અભણપણું માતૃત્વને અપ્રદુષીત રાખે જ એવી ખાતરી ન રાખી શકાય એ સાચું; પરંતુ મને તો અભણ માનું ભોળું ભોળું નીરપવાદ વાત્સલ્ય જ ખપે. મારી માનસીકતા તર્કશુદ્ધ ન હોય એમ બને; પરંતુ માતૃત્વને તર્કની સીમમાં પુરવાનું શક્ય ખરું? મને, કઠોર, આક્રમક, લડાયક મીજાજની, કર્કશા કે કંકાસીયણ સ્ત્રી; ગમે તેટલી કાર્યક્ષમ, વ્યવહારુ, બુદ્ધીશાળી અને રુપાળી હોય તોય નકામી જણાય છે. મારી વીશીષ્ટ માનસીકતાને કારણે નારીમુક્તી માટે મથનારી બહાદુર સ્ત્રીઓ

પણ ક્યારેક મને અસહ્ય લાગે છે. હું એમનો કોઈ દોષ નથી જોતો; માત્ર મારી મનોવૃત્તીને જ પ્રગટ કરી રહ્યો છું. સ્ત્રી પાસેથી કોઈ પણ કારણે કોમળતા, મધુરતા, છલોછલતા અને વત્સલતા જેવાં લક્ષણો છીનવાઈ જાય તે ન પાલવે. માતૃત્વનાં આ લક્ષણો વગરની સ્ત્રીના પતીની મને ભારે દયા આવે છે. કોઈ સ્ત્રી એર ઈન્ડીયાની મેનેજીંગ ડીરેક્ટર બની જાય તો મને ખુબ ગમે; પરંતુ જો એ અંદરથી માતા મટી જાય તો એ ભારે ખોટનો ધંધો ગણાય. વીખ્યાત સંસ્કૃત સુભાષીતમાં સ્ત્રી પાસેથી પુરુષપ્રધાન સમાજે જે ચાર એકપક્ષી અપેક્ષાઓ રાખી તેમાં ‘ભોજ્યેષુ માતા’વાળી વાત મને અગત્યની લાગ્યા કરે છે. સ્ત્રી માતૃસ્વરુપા ન હોય તો એ ‘શયનેષુ રંભા’ અને ‘કાર્યેષુ મંત્રી’ પણ ન બની શકે. સ્ત્રી હોવાની પુર્વશરત માતૃત્વ છે. બીજી બધી વાત આપણા પુરુષપ્રધાન સમાજની એંઠ પણ હોઈ શકે. મારી આવી માનસીકતા સાચી છે એવો મારો દાવો નથી. હું તો કેવળ અનાવૃત થવાનો અધીકાર ભોગવી રહ્યો છું.

માતાનો પ્રેમ બીનશરતી હોય છે. દીકરો વ્યસની, જુગારી અને મવાલી હોય તોય માતાને વહાલો જ લાગે. હું લગભગ એ જ રીતે બાળકોને બીનશરતી વહાલ કરું છું. એમણે પરીવારમાં નીરપવાદ લોકશાહી ભોગવી છે, એમ કહું

તો એમાં અતીશયોક્તી નથી. મારા એમના પ્રત્યેના પ્રેમમાં કોઈ પણ જાતની પુર્વશરત કે અપેક્ષા નથી. ક્યારેક હું એ ત્રણેને એટલાં તો મીસ કરું છું કે કોઈને કલ્પના પણ ન આવે. મનુબહેન ગાંધીનું પુસ્તક મને પ્રીય છે, જેનું સુંદર મથાળું છે : ‘બાપુ, મારી મા.’ જે કશુંક મને મારા જીવનમાં ન મળ્યું, તે મેં મારા સંતાનોને દીલ ઠાલવીને આપ્યું. કશુંય પ્રયત્નપુર્વક નથી થયું; સાવ સહજપણે થતું રહ્યું છે. પ્રત્યેક પતીએ અને પીતાએ માતૃત્વદીક્ષા પામવી જોઈએ. ક્યાંક બાળકોને ઓછો સમય આપનારો કે ઓછું વહાલ કરનારો શુષ્ક અને કર્મઠ પીતા જોઉં ત્યારે મને એ અંગત દુશ્મન જેવો લાગે છે. આ અંગે બાકીની વાત મારાં સંતાનો કરે તે જ વાજબી ગણાય.

મારી માનસીકતાને કારણે હું એવા અવૈજ્ઞાનીક અને આધારહીન અભીપ્રાય પર આવ્યો છું કે જે ઘરમાં માતા કે પીતા અથવા બન્ને જાહેર કાર્યકર્તા હોય તે ઘરે બને ત્યાં સુધી દીકરી આપવાનું ટાળવું. જાહેર કાર્યકર હોય એવી સાસુના વજન હેઠળ ક્યારેક એની પુત્રવધુની કુંવારી આકાંક્ષાઓ ચગદાઈ મરે એવો સંભવ રહે છે. સ્વાનુભવે કહું છું કે અત્યંત કાર્યરત એવાં માતપીતા સંતાનો માટે સમય ન કાઢી શકે એ વાત સાવ ખોટી છે. પ્રશ્ન સમયનો નથી; અગ્રતાક્રમનો છે.

બાળકો સાથે માબાપે પુષ્કળ વાતો કરવી જોઈએ. બાની જે મર્યાદાઓ મેં આગળ જણાવી તેને પરીણામે સંતાનો પ્રત્યે મને જે માતાનુભુતી થઈ તે અદભુત હતી. માતાનુભુતીનો મર્મ એ કે સંતાનો મારા તરફથી સંપુર્ણ નીર્ભયતાનો અનુભવ કરે. સંતાનનો સંપુર્ણ સ્વીકાર માતા કરતી હોય છે. બધી ખામીઓ અને બધાં દુ:ખ ભુલી માતા પોતાનાં સંતાનોને વહાલ કરતી હોય છે. બાની જીવનશૈલીમાંથી હું ઘણું શીખ્યો છું. એની મર્યાદાઓથી બચવા માટે અને એની ખુબીઓને મારામાં ખીલવવા માટે મથ્યો છું. મારો હીસાબ ચોખ્ખોચણાક છે. માતૃભાવ પામવો એ કેવળ સ્ત્રીઓનો ઈજારો નથી. કેટલીય સ્ત્રીઓ માતા બન્યા પછી પણ અહંકારને કારણે માતૃદીક્ષા પામ્યા વગરની રહી જાય છે. કેટલાય પીતાઓ માતૃભાવથી લથપથ અને ભીના જોવા મળે છે.

છેલ્લી માંદગી દરમ્યાન બા લગભગ સવા વર્ષ પથારીવશ રહી. સદાય કર્મરત અને પ્રતીક્ષણ સ્ફુર્તીથી છલકાતી બા ચોવીસ કલાક પથારીમાં લાચાર બનીને પડી રહે એ દૃશ્ય જ અમારે માટે નવું હતું. એક વાર અમારી આગળ એણે અન્ન છોડીને ઈચ્છામૃત્યુ સ્વીકારવાની વાત મુકી. હું સંમત થયો; પણ સ્વજનો સંમત ન થયાં. એક–બે વાર તો

મૃત્યુની સાવ નજીક જઈને પાછી આવી. બા કહેતી : ‘હવે મૃત્યુ મળે તો હું છુટ્ટું.’ હું બાને કહેતો : ‘બા! અમે પાસપોર્ટ તૈયાર રાખ્યો છે; પરંતુ ઉપરથી વીઝા નથી મળતો.’

નીવૃત્તી પછી અમે સુરત છોડ્યું અને વડોદરા આવીને બા સાથે રહેવા માંડ્યું. વડોદરાની સુકી હવા બાને એવી તો માફક આવી ગઈ કે એક પણ વખત ડૉક્ટરને બોલાવવા ન પડ્યા. બાની તબીયત સુધરવા લાગી. મોતીયાના સફળ ઑપરેશન પછી એ ફરીથી બધું વાંચતી થઈ. છેલ્લા દીવસ સુધી બાનું વાંચવાનું ન છુટ્યું. એના ખાટલા પર ઓશીકે મારું પુસ્તક ‘કૃષ્ણનું જીવનસંગીત’ કાયમ રાખતી અને વાંચતી. એક દીવસ હું એના ઓરડામાં ગયો ત્યારે મને એણે ભારે વીચીત્ર વાત કરી. ‘ગુણુ! હું સવારથી આપણા સંતોનું સ્મરણ કરતી હતી તે મને થીયું કે તું પણ મારો સંત જ ગણાય ને!’ હું તો વાત સાંભળીને છક થઈ ગયો. મેં કહ્યું : ‘બા! તારું મગજ ઠેકાણે તો છે ને? હું તો તારો દીકરો, સંતબંત થવાનું મને ન પાલવે.’ બા મૌન રહી.

લાંબી માંદગી દર્દીની અને સારવાર કરનારાઓની કસોટી કરનારી હોય છે. અવંતીકાએ મન દઈને બાની સેવા કરી અને મળસફાઈ પણ કરી. બાએ અમને સૌને ભેગાં કરીને

કહ્યું : ‘અવંતીકાએ મારી ખુબ જ સેવા કરી છે.’ અવંતીકા તે દીવસે ખુબ રડેલી. માંદગીની પીડા વખતે મૃત્યુશૈય્યા પર પડેલા માણસના જીવનનું ઑડીટ પ્રગટ થતું હોય છે. બાના ઑડીટ રીપોર્ટમાં પ્રતીકુળ ગણાય એવી એક પણ રીમાર્ક ઝટ જડતી નથી. ઈશાવાશ્ય ઉપનીષદમાં પ્રબોધ્યા પ્રમાણે ‘કર્મ કરતાં રહીને પુરાં સો વર્ષ જીવવાની ઈચ્છા રાખવાનો અધીકાર’ બાએ પુરા પંચ્યાશી વર્ષ સુધી ભોગવ્યો. સ્વર્ગ જેવી કોઈ ખાસ જગ્યા હોય એવું હું માનતો નથી; પરંતુ એવી કોઈ જગ્યા હોય તો એક વાત નક્કી. બા ત્યાં પણ એક પુસ્તકાલય શરુ કર્યા વગર નહીં રહે.

ઈશ્વર એક જ છે, એ શ્રદ્ધાનો વીષય હોઈ શકે; પરંતુ માણસની માતા એક જ હોય એ હકીકત છે. કદાચ માતા દ્વારા ઈશ્વરની શ્રદ્ધા પ્રગટ થતી રહે છે. જગતનાં બધાં તીર્થો માતાના ખોળામાં વીરામ પામે છે. વર્ષો વીતે છે તેમ હું મુરબ્બી બનતો જાઉં છું. મને આશીર્વાદ આપનારા વડીલોની સંખ્યા ઝડપભેર ઘટતી જાય છે. મને વહાલથી ‘ગુણુ’ કહીને બોલાવનારું હવે કોઈ જ નથી.

ગુણવંત શાહ

લેખકની સ્મરણાત્મકથા ‘બિલ્લો ટિલ્લો ટચ’ (પ્રકાશક : આર. આર, શેઠ, મુમ્બઈ–૪૦૦ ૦૦૨, પ્રથમ આવૃત્તી : ૧૯૯૭, પાન સંખ્યા : ૨૪૩, મુલ્ય : ૧૭૫ રુપીયા)ના છેલ્લા પ્રકરણ ૨૧નાં પાન ૨૨૦થી ૨૪૩ ઉપરથી ટુંકાવીને સાભાર..

(સાહીત્યરસીકોને લેખકની આ રસપ્રદ સ્મરણાત્મકથા વાંચવા ખાસ ભલામણ છે.)

ગુણવંત શાહના વીચારો–લખાણોના પરમ ચાહક અને ભાવક શીકાગો–અમેરીકાસ્થીત ‘સ.મ.’ પ્રેમી ભાઈ વીજય ધારીયા ( vdharia@hotmail.com)એ આ આખો લેખ ‘સ.મ.’ માટે સ–સ્નેહ અને રસપુર્વક તૈયાર કરીને તેનું અક્ષરાંકન પણ કરી આપ્યું તે બદલ દીલથી આભાર.. ..ઉત્તમ ગજ્જર..

♦●♦

270 : 19-05-2013

# શું મમ્મા, તમે પણ....!

–વર્ષા અડાલજા

અનુક્રમણીકા

આખરે બદલીનો ઓર્ડર આવી ગયો. મીરાંએ કેટલી કોશીશ કરી હતી તે રોકવાની! મૅનેજર મી. અસરાનીને વીનન્તીઓ કરી, હેડ ઑફીસમાં ચક્કર ચલાવવાની કોશીશ પણ કરી જોઈ. સુબોધને કહી દીધું હતું, કોઈને ‘ફુલપાંદડી’ આપવાની હોય તોય વાંધો નથી; પણ બદલી તો ન જ જોઈએ.

કશું ન ચાલ્યું. સરકારી નોકરીમાં એક અને અવીચળ સત્ય, તે બદલી. છોડની જેમ ખેંચીને ઉખેડી ક્યાંના ક્યાં ફંગોળી દે. ‘અરે સુબોધ! તને શી ખબર! બદલીના કેવા કેવા ખેલ ખેલાય! તમને ભોજીયોય ન ઓળખે ત્યાં જઈ નવું ઘર માંડો કે પેઈંગ ગેસ્ટ–ગેસ્ટ હાઉસ એ ચીન્તા તમારી. નોકરીની ખીંટીએ જીવન ટીંગાતું હોય ત્યાં લોકો કરેયે શું! જાયે તો જાયે કહાં?’

‘તારું લાંબું ભાષણ સાંભળ્યું; પણ તને વાંધો શો છે?’

સુબોધ ઑફીસેથી આવતાં ફરી બદલીની વાત ઉખળી. મીરાં મોં ચડાવીને બેઠી હતી. હરસુતાબહેન સમોસાં તળતાં હતાં. એ પ્લેટ લઈને બહાર આવ્યાં.

‘લ્યો, બેય થાકીને કામ પરથી આવ્યાં છો, ગરમ નાસ્તો કરો. પછી ચર્ચા કરજો.’

મીરાં ખુશ થઈ ગઈ. સવારે રોટલી–શાકના લંચમાં કંઈ મઝા નહોતી આવી અને સેન્ડવીચવાળા પાસે પણ ભીડ હતી. ભુખ ભડભડતી હતી. ત્યાં બદલીનો ઓર્ડર! માથું ફરી ગયું હતું. સુબોધને જવાબ આપવાને બદલે મીરાં જલદી ગરમ સમોસા ખાવા લાગી. મોટો ગ્લાસ ભરીને ઠંડું પાણી પીતાં ઠંડો શેરડો પડ્યો. હાશકારો થઈ ગયો.

‘ભુખનો હુમલો શમ્યો? તો હવે બોલ, બદલીનો ઓર્ડર આવ્યો તે આવ્યો. રોજ હજારો લોકોની બદલી થાય છે, તારી કંઈ નવીનવાઈની છે?’

મીરાંએ સાસુની મદદ માંગી. હમ્મેશની જેમ. ‘મમ્મા તમે જ બોલો, સાવ અજાણ્યા ગામમાં જઈ, સાંજ પછી માખી મારવાનો બીઝનેસ કરું? શની–રવી રજાઓમાં ભુતની જેમ ધુણું?’

‘ભુત ન ધુણે; ભુવો ધુણે, મીરાંજી!’ સુબોધને હસવું આવ્યું. મીરાંનો મીજાજ ફરી છટક્યો. સમોસું છુટ્ટું મારવાનું મન થયું; પણ ગરમ સમોસાની સુગન્ધે લોભાઈ માંમાં મુક્યું.

'જુઓ મમ્મા, સુબોધ મારી વાત હસી કાઢે છે. એનું ચાલે તો ડાકલાં લેવા દોડશે પછી કહેશે ત્યાં ધુણજે.'

'સૉરી મીરાં, તારી મશ્કરી કરવાનો મારો ઈરાદો થોડો હોય? તારી વાત કબુલ કરું છું. અજાણ્યું ગામ અને કોઈ સમ્બન્ધીઓ પણ નહીં; એકલું તો લાગે જ. શની–રવી રજાઓમાં આપણે અપડાઉન કરતાં રહીશું. વરસ તો ક્યાંય નીકળી જશે...'

'વરસના દીવસ ૩૬૫ હોય છે, ખબર છે ને! કેમ મમ્મા?'

હરસુતાબહેન નીરાંતે દીકરા–વહુને સામસામે ફુલદડો ફેંકતાં હોય તેમ ચણભણ કરતાં જોઈ રહ્યાં એમને કોઠે ટાઢક હતી. બન્ને વચ્ચે પ્રેમ હતો અને સમજણ પણ હતી. આમ તો કુંડળીઓ મેળવી, દોકડા ગણીને કરેલાં લગન. કાકીને ત્યાં ઉછરેલી મીરાં ઉલટથી, 'આ તો મારો પોતાનો સંસાર' કહીને મા–દીકરાનાં જીવનમાં સમરસ થઈ ગઈ હતી. સુબોધ સાથે બહાર જતી હોય ત્યારે એમનેય સાથે પરાણે લઈ જતી, 'બહુ સરસ ફીલ્મ છે, તમેયે ચાલો. ઘરે એકલાં નથી બેસી રહેવાનું. કમોન મમ્મા! સાઈઠ વળોટ્યાં એટલે ધરાર ભજનમાં જવું ને મન્દીરે ચક્કર કાપવાનાં? સરસ મનભર જીવો તેય પ્રાર્થના જ છે.' મીરાંએ એને કોચલામાંથી બહાર કાઢી હતી. ધોળીફક્ક સાડીઓ ધરાર આપી દીધી અને આછા

રંગની બોર્ડરવાળી, ભરતવાળી સાડીઓ લઈ આવી હતી, ‘મમ્મા! હવેથી તમારે આ જ સાડીઓ પહેરવાની. જો નહીં પહેરો તો હું યુદ્ધની ઘોષણા કરીશ.’

હરસુતાબહેને પહેલેથી જ નક્કી કર્યું હતું. જો સુબોધની પત્ની સાથે નહીં બને અથવા એમને અલગ રહેવું હોય તો ખુશીથી બન્ને એમની અલગ દુનીયા વસાવે. સુબોધ નાનો હતો ત્યારથી એને એકલાએ જ છાતીએ ચાંપી મોટો કર્યો હતો; પણ લગ્ન પછી કોઈને એની અમાનત સોંપી દેશે. પોતાના પુત્રને મીલકતની જેમ સખત જાપ્તામાં તો નહીં જ રાખે; પણ મીરાં લગ્ન પહેલાં ઘરે પહેલી વાર આવી ત્યારે એવા ઉમળકાથી પગે લાગવાને બદલે ભેટી પડી હતી, ત્યારથી બન્ને મીત્રો બની ગયાં હતાં.

‘અરે મમ્મા, તમે તો કંઈ બોલતાં જ નથી! ક્યારની તમને પુછું છું, સુબોધને સમજાવોને! મારે ટ્રાન્સ્ફર જોઈતી નથી, બસ. અને છતાં એ લોકો જો ધરાર મને કોઈ ગામડામાં ધકેલી દેશે તો રાજીનામું જ મુકી દઈશ... ઝંઝટ જ નહીં ને!’

‘ના, ના, પ્લીઝ. એવું ન કરતી. એક વરસનો તો સવાલ છે! તને ખબર છે ને કે સરકારી નોકરીમાં જે બદલી સ્વીકારે છે એને જ પ્રમોશન મળે છે! ઑફીસમાં તારું લેડીઝ ગ્રુપ બની ગયું છે.’

મીરાં હવે ખરેખર ચીડાઈ, ‘ એ બધું મેળવવાના લોભમાં મમ્માને ત્રાસ આપવાનો? એ કેવાં એકલાં પડી જશે! કામનો બોજ વધશે.’

હરસુતાબહેને તરત વચમાં કહ્યું, ‘બેટા! મારી ફીકર નહીં કર. હું મજામાં છું, તું જુએ છે ને! તને કાળાપાણીની સજા થોડી થાય છે! આપણે મળતાં રહીશું ને! એક વરસ તો ક્યાંય નીકળી જશે.’

‘જો મમ્મા પણ કહે છે ને! માની જા,મીરાં, ચાલ, તારે શી શી ખરીદી કરવી છે, લીસ્ટ કરી કાલે પેકીંગ કરીશું. ઓ.કે.?’

સુબોધ ઉઠવા જતો હતો કે ઘવાયેલા સ્વરે મીરાંએ લાગલું જ કહ્યું, ‘તો તેં નક્કી જ કરી
નાખ્યું છે કે મને અહીંથી ધકેલી દેવી!’

અચાનક મીરાંએ તીક્ષ્ણ વસ્તુનો ઘા કર્યો હોય એમ ‘ધકેલી’ શબ્દે સુબોધને ચોટ પહોંચાડી. એ સોફામાં બેસી પડ્યો, ‘એટલે તું એમ માને છે કે હું તને અહીંથી કાઢી મુકવા માગું છું? તારા પરથી મારું મન ઉઠી ગયું છે એમ?’

હરસુતાબહેનનું હૃદય ફફડી ઉઠ્યું. બે વર્ષનાં લગ્નજીવનમાં સુબોધ–મીરાંની વચ્ચે બોલાચાલી તો શું, મન પણ કદી ઉંચાં થયાં નહોતાં. બે જણનો સંસાર. મીરાંએ એમાં ત્રીજો ખુણો રચીને એક સરસ આકૃતી રચી દીધી હતી; પણ

આજે કોઈ અચાનક એ સુન્દર આકૃતી પર કુચડો ફેરવવા તૈયાર થઈ ગયું હતું કે શું? પણ એ વચ્ચે બોલે એ પહેલાં જ મીરાંએ ઉશ્કેરાટમાં કહી દીધું, 'એવું મેં ક્યારે કહ્યું? હા, કદાચ આપણે ફ્લેટ બુક કર્યો છે એનો હપ્તો ભરવાની તને ચીન્તા હોય ...બની શકે...'

વીજળીના ખુલ્લા તારને અડી જવાયું હોય એમ ઝટકા સાથે તે ઉભો થઈ ગયો, 'થૅન્ક્સ, તારા પૈસાથી ફ્લેટ બુક થયો છે તે તેં યાદ કરાવ્યું. સાચે જ હું ભુલી ગયો હતો. બીલ્ડરને જ ફ્લેટ પાછો ખરીદી લેવામાં રસ છે. ભરેલી રકમ વ્યાજ સાથે લઈ પીયુષે પાછો આપી દીધો. હું પણ વેચી દઈશ અને તારા પૈસા તને પાછા આપી દઈશ. ખુશ? રાજીનામું મારે ટાઈપ કરવાનું હોય તો મને ઑફીસે ફોન કરજો.'

બન્ને એક સાથે ઉભાં થઈ ગયાં. ત્રણેયની હાજરી છતાં ઘર નીર્જન લાગવા માંડ્યું. જલદી તૈયાર થઈ સુબોધ એકલો ઑફીસે જવા નીકળી ગયો. પાછળ જ, 'બાય મમ્મા, આજે બધું બ્રેકફાસ્ટમાં ખવાઈ ગયું. લંચબોક્સ નહીં કરતાં' બોલતી બોલતી મીરાં પણ નીકળી ગઈ.

દરવાજો બંધ થયો, જાણે બારીબારણાં વીનાના ખંડમાં પુરાઈ ગયાં હોય એવી ગુંગળામણ હરસુતાબહેનને થઈ આવી. બસ, એક નાની સરખી વાત; પણ શાહીનું ટીપું ફેલાતું

જાય એમ આખા જીવન પર એક ધબ્બાની જેમ ઘાટઘુટ વગરનો આકાર રચી દીધો. આજથી પચીસ વરસ પર, જમવાની કોઈ નહીં જેવી વાત પરથી બે શબ્દ પતીએ કહ્યા, એણે ચાર, પછી એનો સરવાળો થતો ગયો અને એ ઘર છોડી ક્યાં ચાલી ગયા, એમનું શું થયું, તે આજ સુધી કદી ખબર ન પડી! પચીસ વર્ષ તપ કરતાં હોય તેમ જીવ્યાં એનું ફળ પણ ઈશ્વરે કેવું સરસ આપ્યું હતું! સુબોધ જેવો હોશીયાર દીકરો અને મીરાં જેવી મજાની વહુ!

હરસુતાબહેન પરાણે ઉઠ્યાં, થોડું ખાઈ લીધું, બધું ઢાંકી દીધું. કામ કરવા વીજુ આવી ગયો. બપોરનો આ સમય એમનો ટીવી સીરીયલ્સ જોવાનો. રીમોટ હાથમાં લઈ ટીવી જોતાં હતાં; પણ મનમાં ઉથલપાથલ ચાલતી હતી.

કૉલેજ પુરી કરી, સમય પસાર કરવા મીરાંને બહેનપણીની ખાલી જગ્યા પુરવા બે મહીના માટે નોકરી મળી હતી; પણ એ સમયગાળો લંબાતો ગયો અને એ કાયમી થઈ ગઈ. પગાર સારો હતો, ઑફીસમાં બહેનપણીઓ બની ગઈ હતી. લગ્નની વાત થઈ ત્યારે એમણે જ સામેથી કહ્યું હતું, ‘ચીન્તા ન કરશો. મીરાંને કામ કરવું હોય તો અમે રાજી છીએ. આટલું ભણી તેનો ફાયદો શો? એને મનગમતું હોય તો ખુશીથી કરે અને ન કરવું હોય તો મને કે સુબોધને વાંધો

નથી. એનાં પગાર–બોનસની અમને લાલચ હોય એવું ન માનશો...'

માને બદલે મીરાં જ બોલી હતી, 'અને તમેય એવું ન માનશો આન્ટી કે હું કમાઈશ ને મારું–તારું કરીશ. જે હોઈ તે સહુનું જ ગણાય.'

હરસુતાબહેન ગદ્ગદ થઈ ગયાં હતાં. જેમણે વચ્ચે રહીને બે કુટુમ્બોને મેળવ્યાં હતાં એમણે કહ્યું હતું, ' મીરાં સુબોધ માટે હા પાડે તો તમે ભાગ્યશાળી, દીલની સાફ, મજાની છે.'

ટીવી સ્વીચ ઓફ કરી હરસુતાબહેન ઉઠ્યાં. સવારનું અખબાર લઈ બેડરુમમાં આવ્યાં. આડાં પડ્યાં. કશુંય થવાનું નથી, મનને આશ્વસ્ત કરવા મથ્યાં. બન્ને કેટલાં સમજદાર અને એકમેકની કાળજી કરે એવાં! પણ મન ઉંચાં થશે તો દુર રહ્યે રહ્યે એક કેમ થશે? અને જોડે રહેશે તો... એજ બળતરામાં જરી આંખ મીંચાઈ ગઈ.

સાંજે બન્ને ઓફીસેથી આવ્યાં. રોજની જેમ ખાસ વાતો ન થઈ. રસોઈ થઈ. જમ્યાં. 'પાન ખાઈ આવું,' એવું મોટેથી બોલતો સુબોધ ગયો. હરસુતાબહેન મીરાં પાસે આવ્યાં. એ સવારે પહેરવાની સાડી પસંદ કરતી હતી. એમણે હાથ પકડી મીરાંને પાસે બેસાડી.

બેસને ઘડીક. સાડીની થપ્પી ખસેડતી એ બેઠી.

‘આજે કોનો પક્ષ લેવાનાં છો, મમ્મા?’ હરસુતાબહેને વહાલથી એને માથે હાથ ફેરવ્યો, ‘ગાંડી રે! આ કંઈ યુદ્ધભુમી છે તે મારે પક્ષ લેવાનો વારો આવે? તને કદી કહ્યું નથી; પણ આજે તમારાં લગ્ન પહેલાંની એક વાત યાદ આવી.’

‘બોલો, તો હુંય તમારી સ્મૃતીયાત્રામાં જોડાઉં.’

‘ના. આ તો અમારા બે વચ્ચેની ખાનગી વાત હતી; એટલે કે છે.’

‘મમ્મા, તમે રહસ્યકથાની જેમ વાત માંડો છો, હોં!’

‘વાત તો રહસ્યની જ છે. મારી અને તારી મમ્મી વચ્ચેની મુલાકાત, તેય રેસ્ટોરન્ટમાં.’

મીરાં નવાઈ પામી ગઈ. આ તો વળી નવું! અમારાં બન્નેની માતાઓ મળી હતી અને અમને ખબર જ નહીં!

‘તારાં મમ્મીનો ફોન આવેલો કે...’ મીરાં આખી વાત ઉત્સુકતાથી સાંભળી રહી. ઘરમાં કોઈને કહ્યા વીના બન્ને મમ્મીઓ મળી હતી. આમ તો બન્ને કુટુમ્બો એકમેકથી અજાણ્યાં હતાં. આશાબહેનનો આગ્રહ હતો હરસુતાબહેનને મળવાનો. એમની દીકરી મીરાંની વાત કરવી હતી. બહુ ભોળી અને પ્રેમાળ; પણ નાનપણથી જ બહુ બીકણ. અંધારાથી ડરે, કુતરા–બીલાડાંની તો બહુ બીક. એક વાર પ્રાણીબાગ લઈ ગયા, તો સીંહનું પાંજરું જોઈ તાવ ચડી

ગયેલો. અજાણ્યા સાથે વાત પણ ન કરે. બાપુજીએ તો સાઈકીયાટ્રીકનેયે બતાવેલું. એણે સલાહ આપેલી : ‘ ઘણાં બાળકો નાનપણથી ડરપોક અને શરમાળ હોય છે. બધાં સાથે ભળતાં શીખવવાનું કામ તમારું. નહીં તો મોટી થતાં આવી એની પ્રકૃતી એનો વીકાસ નહીં થવા દે.’ મીરાંને થોડો સમય દવાઓ પણ આપેલી. એટલે કૉલેજ પુરી થતાં બાપુજીએ જ નોકરીનો આગ્રહ કરેલો. કાયમી ધોરણે નોકરી થાય તે માટે ચાલીસ હજાર ચુકવ્યા હતા. ધીમે ધીમે મીરાંના વ્યક્તીત્વમાં નીખાર આવવા લાગ્યો પછી...

‘અને મમ્મા, તમે આ બધું જાણતા હતાં છતાં તમે મારી સાથે સુબોધનાં લગ્નનો આગ્રહ રાખ્યો?’

‘સાચું પુછ તો બેટા, મેં જ સુબોધને આ વાત કરી તારી સાથે લગ્ન કરવાની સલાહ આપેલી. આવી નાની સરખી વાત માટે તારા જેવું રતન અમે ખોઈએ? તારી બદલી માટેના સુબોધના આગ્રહને હવે તું સમજે છે ને! નોકરી છોડી ઘરમાં બંધાઈ રહે એવી અમારી બન્નેની ઈચ્છા નહીં. તને ઉંચું પદ મળે, તારું માન–સન્માન થાય એનો અમને કેટલો હરખ છે!

મીરાં નીચું જોઈ સાડીના છેડા સાથે રમત કરતી હતી. આ નાની સરખી વાત નહોતી; છતાં સાસુ કેટલી સાહજીકતાથી કહી રહ્યાં હતાં! સુબોધ લગ્નની ના પાડી શક્યો

હોત. કેટલા પુરુષ, પત્નીના વ્યક્તીત્વને ખીલવવા માટે ચીન્તીત રહેતા હશે!

એને યાદ આવ્યું. એનાં સુવર્ણાફોઈની સગાઈ તુટી ગયેલી. એ પડી ગયેલાં ને જખમનો આછો કાળો ડાઘ રહી ગયેલો. સગાઈ પછી ઘરે જમવા બોલાવ્યા, ડાઘ જોયો. થયું. સમ્બન્ધ પર પુર્ણવીરામ. 'છોકરીને ચામડીનો કોઈ રોગ છે એ નક્કી.' કેટલું કરગર્યા, ડૉક્ટરને બતાવવાનું કહેલું; પણ સુવર્ણાફોઈએ જ ના પાડી દીધેલી. 'જે આટલા અમથા ડાઘથી પરેશાન છે એ ભવીષ્યમાં મારે માથે વીપત આવશે તો શું મારી પડખે ઉભો રહેશે! મારા હાથ પર ડાઘ છે; પણ એના તો મન પર ડાઘ છે.'

સુવર્ણાફોઈ જ્યારે બોલતાં હતાં તે સમયે તેમની તેજભરી આંખો એની સ્મૃતીફ્રેમમાં મઢાઈ હતી.

હરસુતાબહેને મીરાંનો નીચે ઢળેલો ચહેરો ઋજુતાથી ઉંચો કર્યો, – 'બેટા, પૈસા માટે નહીં; પણ તું તારે માટે જા. આ પરીચીત હુંફાળા વાતાવરણના કોચલામાંથી તું બહાર આવી તારી આવડતથી તારી જગ્યા બનાવ. તારી જ નજરમાં તારું આત્મસન્માન કેટલું થશે એનો અનુભવ તો કરી જો, ગાંડી રે! અમે તને એકલી થોડી પડવા દઈશું? તોય તને ત્યાં ન ગમે તો એક  ફોન જ બસ છે! શરત મારવી છે કેટલી ઝડપથી સુબોધ એની પત્નીને તેડવા જાય છે?'

'શું મમ્મા, તમે પણ......' કહેતી મીરાં સાસુને વહાલથી વળગી પડી.

–વર્ષા અડાલજા

નવેમ્બર 2012ના 'અખંડ આનંદ'ના 'દીપોત્સવી'અંકના પાન 30 ઉપરથી લેખીકાબહેનની પરવાનગીથી સાભાર...ઉત્તમ ગજ્જર..

લેખીકાસમ્પર્ક:

વર્ષા અડાલજા

એ–2, ગુલબહાર, મૅટ્રો સીનેમા પાછળ, બેરેક રોડ, મુમ્બઈ – 400 020

ફોન : 022- 2200 7434 મોબાઈલ : 98230 76673

ઈ–મેઈલ : varshaadalja@gmail.com

271 : 02-06-2013

## ગઝલ

–અશોક જાની 'આનંદ'

અનુક્રમણીકા

આઠ વર્ષ પુરાં કરી, 'સન્ડે ઈ–મહેફીલ' આજથી નવમા વર્ષમાં પ્રવેશ કરે છે.

તે અવસરે સૌ વાચકો–પ્રતીભાવકો–સહાયકોને

સંપાદકોની

ભાવભીની સલામ!

.1.

કોઈથી દોરાઉં એવો હું નથી,
અન્ય જેવો થાઉં એવો હું નથી.

મનમાં સૌના હોય એ પરખી લઉં,
કોઈથી ભરમાઉં એવો હું નથી.

કોતરેલું નામ છું પાષાણ પર,
સહેજમાં ભુલાઉં એવો હું નથી.

સ્પષ્ટતાનો કોઈ પણ પર્યાય ક્યાં?!
મન ભરી મુંઝાઉં એવો હું નથી.

બાગમાં મહેંકી જવું ગમતું મને,
શીશીમાં પુરાઉં એવો હું નથી.

સાંભળી લો એક મીઠું ગાન છું,
કોઠીમાં પડઘાઉં એવો હું નથી.

ચોતરફ 'આનંદ' થઈ વેરાઉં છું,
મુઠ્ઠીમાં સંતાઉં એવો હું નથી.

.2.

રાત'દી વણસ્યા કરે છે જો, ખરી છે વેદના,
ને સતત ફણગ્યા કરે છે જો, ખરી છે વેદના.

હોઠ પર જો સ્મીત આવે એક-બે ક્ષણ ત્યાં જ તો,
આંસુઓ ખડક્યા કરે છે જો, ખરી છે વેદના.

માંડ ઠારું આંસુ છાંટી આ ભભુકતી આગને,
ત્યાં ફરી સળગ્યા કરે છે જો, ખરી છે વેદના.
હું ફકત ઈચ્છું કે કાયમ દર્દનો દુષ્કાળ હો,
પણ અહીં વરસ્યા કરે છે જો, ખરી છે વેદના.

આંખમાં ‘આનંદ’ની લઈને અપેક્ષા હું ફરું,
તોય પણ વળગ્યા કરે છે જો, ખરી છે વેદના.

.3.

હવામાં વાયરો વાયો ખબર ક્યાં કોઈને એની..!
સુરજ તડકાથી ગભરાયો ખબર ક્યાં કોઈને એની..!

તમે આખો દીવસ જે આઈનાને જોઈ જીવો છો,
અરીસો ક્યાં અરીસાયો ખબર ક્યાં કોઈને એની..!

સતત એક જ દીશામાં આપણે વહેતા રહ્યાં તો પણ,
વહેણનો અર્થ બદલાયો ખબર ક્યાં કોઈને એની..!

લગાવી હોઠ પર બેઠાં અમે એક મૌનનું તાળું,
નજરમાં ભાવ છલકાયો ખબર ક્યાં કોઈને એની..!

હવે ‘આનંદ’ના અજવાસમાં જો જો જગત આખું,
હરેક આંખે એ મલકાયો ખબર ક્યાં કોઈને એની..!

.4.

અવઢવીને રાત આખી એમણે ગાળી હશે,
ને સવારે હાશ કહીને ખાટલી ઢાળી હશે.

એટલે ઝળહળ હશે સુરજ સવારે પંથનો,
જો વીતેલી રાત તારી ગાઢ ને કાળી હશે.

મનનો મહેરામણ કદી છલકાય ના બસ એટલે,
કેટલી આંધી- ત્સુનામી મ્હાંયલે ટાળી હશે!

ખુદ તું મુલઝીમ ને ખુદ કાજી બની બેઠો પછી,
સંભવીત ગંભીર સજાઓ તેં જરુર ટાળી હશે.

આજ તારી સામે એ નીર્ભીક બની ઉભી છે જો,
સાવ છાની તારી વૃત્તી તેં જ પંપાળી હશે.

એક-બે મોતી મઝાનાં જો મળે તો રાજીપો,
જીન્દગીભર કેટલી તેં છીપલી ચાળી હશે.
રાતના અંધારની તું ના કરીશ ચીંતા હવે,
જો હશે ‘આનંદ’ તો એ રાત અજવાળી હશે.

.5.

સંબંધો સાચવી લેવા અમે સમજણ બહુ રાખી,
દીશાઓ પારખી લેવા અમે સમજણ બહુ રાખી.

તમે તો એક ઈંગીતથી ઘણી વાતો કહી દીધી,
અરથને તારવી લેવા અમે સમજણ બહુ રાખી.

ખબર છે એ બધું સાચું કહી દેશે જ મોઢા પર,
છતાં પણ આરસી લેવા અમે સમજણ બહુ રાખી.

હરેક ક્ષણ કેટલી અણમોલ છે એ વાત જાણીને,
ક્ષણે ક્ષણ વાપરી લેવા અમે સમજણ બહુ રાખી.

ખરી છે ગોપીઓ! કેવળ કીસન સંગ રાસ ઝંખે છે,
વ્યથાની વાંસળી લેવા અમે સમજણ બહુ રાખી.

તમે ખુશ થાવ છો બાગે વસંતી ફુલ જોઈને.
ને છાલક શ્રાવણી લેવા અમે સમજણ બહુ રાખી.
હતો 'આનંદ' એ રસ્તે અમે ચાલ્યા વીચારીને,
ચીલાને ચાતરી લેવા અમે સમજણ બહુ રાખી.

.6.

આંખમાં પણ વ્યક્ત જેવું ક્યાં કશું પણ છે હવે?
પાંપણોમાં ગુપ્ત જેવું ક્યાં કશું પણ છે હવે?

ટેરવાં કુંઠીત થયાં, સંવેદના ભોંઠી પડી,
ને મજાના સ્પર્શ જેવું ક્યાં કશું પણ છે હવે?

જુલ્મ જોઈ આંખ આડા કાન કરીએ આપણે,
આ શીરામાં રક્ત જેવું ક્યાં કશું પણ છે હવે?

શબ્દને તેં જે દીવસ આ હળની સાથે જોતર્યો,
વાતમાં લે કાવ્ય જેવું ક્યાં કશું પણ છે હવે?

જે ક્ષણે વીસ્મય સર્યું આ આંખથી, ‘આનંદ’ ગયો,
જીન્દગીમાં અર્થ જેવું ક્યાં કશું પણ છે હવે?

.7.

એ જ ચહેરા, એ જ પગલાં, વાટ લઈ દોડ્યા કરે,
‘કંઈ મળ્યું ના’નો સતત કણસાટ લઈ દોડ્યા કરે.

મુલ્ય ને સીદ્ધાંત સહુ વેચી દીધાં પાણી મુલે ,
જાતની તો પણ હંમેશાં હાટ લઈ દોડ્યા કરે.

આ રહી મંઝીલ જુઓ આંખો સમક્ષ દેખાય છે,
કોણ જાણે તોય શેં રઘવાટ લઈ દોડ્યા કરે.

હાથમાં મોતી મળ્યા સાચાં; છતાં ના સાચવ્યાં,
ને ફટકીયાંનો હવે ચળકાટ લઈ દોડ્યા કરે.

છે જરુરી આપણું 'આનંદ' વનમાં રાચવું,
ને બધાં શું કામ આ ઉચાટ લઈ દોડ્યા કરે?

.8.

કોઈ પણ હો હાલ ભઈલા, આપણે આનંદ છે,
સાવ સીધી ચાલ ભઈલા, આપણે આનંદ છે.

હુંય પણ માણસ છું લ્યા, ગુસ્સો મને આવે ખરો,
એ થયું ગઈ કાલ ભઈલા, આપણે આનંદ છે.

બે ઘડી અવસાદ કો' દી અમને પણ ઘેરી વળે,
પણ પછી ખુશહાલ ભઈલા, આપણે આનંદ છે.
જંગ જો આવી પડે હથીયારના લઉં હાથમાં,
ફક્ત લઉં બે ઢાલ ભઈલા, આપણે આનંદ છે.

ઝેર ના રાખ્યું કદી મેં, ના ઉદર, ના આંખમાં,
ના રતી ના વાલ ભઈલા, આપણે આનંદ છે.

પ્રેમથી 'આનંદ'નું આ ગીત લખ્યું મેં જ્યારથી,
સ્વસ્થ છે સુર–તાલ ભઈલા, આપણે આનંદ છે.

વૃક્ષ મેં વાવ્યું છે દીલના આંગણે 'આનંદ'નું,
ખુબ ઉતારે ફાલ ભઈલા, આપણે આનંદ છે.

.9.

નીકળ્યો છું ખુદને શોધવા ને ક્યાંય પણ દર્પણ નથી,
અંદર ઝુકીને જોયું હોય, એકાદ એવી ક્ષણ નથી.

માયા બધી ખંખેરી લે મન ચાલ ગઠરી બાંધ તું,
ખીંટી નથી કોઈ હવે કે કોઈ પણ વળગણ નથી.

ચાલ્યા કરો, ચાલ્યા કરો, ચાલ્યા કરો, ચાલ્યા કરો,
મંઝીલ હજુ બહુ દુર છે ને ક્યાંય પણ અડચણ નથી.
ચારે તરફ વહેતી સુગંધી ખુશનુમા વાતાવરણ,
વૃન્દાવની ઉપવન છે આ કોઈ આગ ઝરતું રણ નથી.

'આનંદ'નું હોવું જરુરી છે જીવનમાં એટલે,
ઢંઢોળજે તું જાતને જો મ્હાલી પા રણઝણ નથી.

.10.

ખબર કોને અહીં ક્યારે જવાનું, ક્યાં જવાનું છે,
ખુલેલી પાંખને બસ આપણે બળ આપવાનું છે.

ભલેને આવરી લે ચોતરફ અવસાદનું વાદળ,
ફગાવી એને બસ જીવનને લખલુંટ માણવાનું છે.

હવે એકાંતને ખેતર મજાનો મોલ ઉપજે છે,
જરા જહેમત કરી મનની ભીતર એ સ્થાપવાનું છે.

તમે ચાલો, સતત ચાલો અને બસ ચાલતા રહેજો,
અગર રોકાઈ ગ્યા તો જીન્દગીભર હાંફવાનું છે.

ગમે તે હોય પણ એ વાતનો ‘આનંદ’ છે આજે,
જીવનની આ કથામાં આપણે સ્મીત વાંચવાનું છે.

.11.

ન કાંઈ સ્વસ્થતા જેવું ન કાંઈ સ્તબ્ધતા જેવું,
મને લાગે છે આ મારું જીવન બસ વ્યર્થતા જેવું.

નથી શીખ્યો કદી છળ બસ હંમેશાં છેતરાયો છું,
મને ના આવડ્યું આ જીન્દગીમાં દક્ષતા જેવું.

હવે પથરાય છે જો ચોતરફ કવીતાનું અજવાળું,
અને જો દુર લગ પડઘાય છે ની:શબ્દતા જેવું.

હતી વસ્તી તો ઘર આ લાગતું'તું કેવું રુપાળું!,
હવે ઠેબે ચઢે છે હર કદમ બસ ભગ્નતા જેવું.

હું કાયમ આમ તો 'આનંદ' સાથે લઈને ચાલુ છું,
છતાં શીદ આજ આ ઘેરી વળ્યું છે વ્યગ્રતા જેવું.

.12.

આ અહંની ભીંત તોડી નાંખ તું,
તે પછી જે કંઈ મળે તે ચાખ તું.

જાતને બસ વૃક્ષ કેવળ માનજે,
તું જ મુળ છે, તું જ થડ ને શાખ તું,
ક્યાં કશું ઝાઝું પછી કરવું પડે!
સૌને માટે પ્રેમ મનમાં રાખ તું.

રાખજે દીલના કમાડો ખોલીને,
ને ભરોસે બંધ કરજે આંખ તું.

ન્યાયને માટે સદા લડતો રહે,
ક્યાંય ખોટું કોઈનું ના સાંખ તું.

ભાગ્યથી કંઈ પણ વધારે નહીં મળે,
વ્યર્થ કોશીશ છો કરેને લાખ તું.

આંખ ને હૈયે ભરી 'આનંદ' બસ,
ઉડજે બંધુ પ્રસારી પાંખ તું ..!

.13.

આખેઆખો માણસ જ્યારે કોઈ વાતે આંસુ થઈ રેલાય, એ કોઈ જેવી તેવી ઘટના છે!
છાતી પરનો ભાર અચાનક સૌની સામે ડુસકાં થઈ પડઘાય, એ કોઈ જેવી તેવી ઘટના છે!

આંખ વચાળે ચાસ બનાવી, જતન કરીને, સોના જેવાં શમણાં રોપ્યાં, ને ઉછેર્યાં, મ્હોરતાં પહેલાં-
એ શમણાંઓ તુટે તડાક દઈને, ત્યારે કાચ થઈ ભોંકાય, એ કોઈ જેવી તેવી ઘટના છે!

વરસો પહેલાં છુટો પડેલો એક ગોઠીયો, થઈ આગંતુક સાવ
અચાનક એક સવારે આંગણ આવે
ઓળખી એને આંખ તમારી, હૈયું એનું ઝળઝળીયે ભીંજાય, એ
કોઈ જેવી તેવી ઘટના છે!

ઉનાળાની ભર બપ્પોરે ધુળની ડમરી વાતી લુમાં, ગુલમહોર
મહોરે ને ગરમાળો લુમે લટકે,
એ જોઈને 'બ્રેડ પરેડી' કોઈ માણસ ભીનો થઈ હરખાય, એ કોઈ
જેવી તેવી ઘટના છે!

ભરચક્ક બસમાં કોઈ વૃદ્ધા ઉભાં ઉભાં જાત સંભાળી કરે
મુસાફરી, જુવાનીયાં સૌ બેઠાં રહેતાં,
દીલમાં રામ વસ્યે કોઈ જુવાન ઉભો થાય ને પેલી વૃદ્ધા પોરો
ખાય, એ કોઈ જેવી તેવી ઘટના છે!

કોડ ભરેલી કોઈ કન્યા પરણ્યાના થોડા દહાડામાં સાસરીયાના
જુલમ-સીતમથી ઘર છોડીને,
બાપને ઉંબર આવી પહોંચે તે ઘડીઓમાં બાપનું દીલ
કોરાય, એ કોઈ જેવી તેવી ઘટના છે!

એક ગલુડીયું કઉં.. કઉં.. કરતું માને શોધે ગલી ગલીમાં, ત્યાં
એક ભુલકું તેના ભાગનું દુધ પીવડાવે,

ભુલકાનું મન નાચી ઉઠે ને મન–મનમાં ‘આનંદ’ ઉત્સવ થાય, એ કોઈ જેવી તેવી ઘટના છે!

## અશોક જાની ‘આનંદ’

કવીસંપર્કઃ 'નીરાંત' બી-૧૨, લકુલેશ અમીધારા, પ્રભુનગર પાસે, વાઘોડીયા રોડ, વડોદરા-૩૯૦૦૧૯

મોબાઈલ – 98795 65012 Email: ashokjani53@gmail.com

કવીસર્જનઃ (૧) આસોપાલવ (ગઝલ સંગ્રહ- ૨૦૦૨) પ્રકાશક - અશોક જાની ‘આનંદ’, પૃષ્ઠ - ૧૨+૬૯

મુલ્ય - ૪૫.૦૦ રુપીયા, પ્રાપ્તીસ્થાન- ઉપરના સરનામે

(૨) દડમજલ (ગીત-ગઝલ સંગ્રહ-૨૦૦૯)

પ્રકાશક- નવભારત સાહીત્ય મંદીર, ૨૦૨-પેલીકન હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ - ૯ પૃષ્ઠ - ૧૪+૧૬૦

મુલ્ય - ૧૦૦.૦૦ રુપીયા.

ઉપરના બન્ને પુસ્તકો ઓન લાઈન www.bookganga.com પર પણ પ્રાપ્ય છે.

@@@

272 : 16-06-2013

# જીવનસંધ્યાનું સ્વાગત

–મીરાં ભટ્ટ

અનુક્રમણીકા

'વૃદ્ધાવસ્થા' શબ્દનો ડર? ના, ના... મને એવો ડર જરીકે લાગતો નથી. મને આ શબ્દોની લેશમાત્ર બીક નથી; કારણ કે ઘડપણ મારા જીવનનાં બારણાં ખખડાવે તે પહેલાં, તેના સ્વાગતની મેં તૈયારી કરી લીધી છે. કેવી છે આ તૈયારી?

વૃદ્ધાવસ્થા સામે તમે કઈ દૃષ્ટીએ જુઓ છો, તેનું ખુબ મહત્ત્વ છે. તમારા જીવનના આંગણે તીથી આપીને આવનારો એ મહેમાન, તમારો જીગરજાન દોસ્ત પણ બની શકે અને તમારો જીવલેણ શત્રુ પણ બની શકે. એનો આધાર તમારા અભીગમ પર છે, તમારા દૃષ્ટીકોણ પર છે. કો'ક વહેલી સવારે, અચાનક અરીસામાં જોતાં માથા પર હરતો ફરતો કોઈ સફેદ વાળ તમારા હૃદયમાં હાહાકાર વર્તાવે છે કે હાશકારો કરાવે છે, તેનો આધાર છે તમારા દૃષ્ટીકોણ પર. તમારી માનસીક તૈયારી થઈ ગઈ હશે, તો તમે એ વૃદ્ધાવસ્થાને આવકારવા તત્પર થઈને ઉભા રહેશો. જીવનનાં મહામુલાં

વર્ષો ખરચીને આંગણે આવેલી આ વૃદ્ધાવસ્થા તમારા માટે અણમોલ રતન બની જશે.

ગુજરાતના એક સુપ્રસીદ્ધ સ્વર્ગસ્થ લેખકનો આ દાખલો છે. સદગત શ્રી રસીકભાઈ ઝવેરી ઈંગ્લેંડના પ્રવાસે જાય છે. લંડનની શેરીઓમાં ભટકતાં ભટકતાં એ અલગારી પ્રવાસી એક નાનકડી ગલીમાં પ્રવેશે છે. જ્યાં સામે નજરે પડે છે – એક કેશગુંફન તથા કેશસુશોભનની દુકાન. દુકાનમાં બેઠેલી બહેને એમને બોલાવ્યા એટલે કુતુહલવશ એ ત્યાં ગયા. પેલાં બહેન બોલ્યાં : ‘જુઓ મહાશય, તમારા વાળ ધોળા થઈ ગયા છે. તમે આ ખુરશીમાં બેસો, ઘડીકમાં હું આ તમારા ધોળા વાળને કાળાભમ્મર કરી દઈશ. મુંઝાશો નહીં, આ માટે તમારે કોઈ કીમ્મત ચુકવવી નહીં પડે. ડેમોન્સ્ટ્રેશન કરવા માટે સામેથી હું તમને વાળ રંગવાની શીશી ભેટ આપીશ.’

ખુબી લેખકના જવાબમાં છે. એ સફેદ વાળ હેઠળ એક ગજબનું સ્વસ્થ વ્યક્તીત્વ બેઠેલું છે, તેનું ભાન આ જવાબમાં થાય છે. રસીકભાઈ કહે છે, ‘માવડી મારી, માથાના કાળા વાળને ધોળા કરવા માટે મેં મારી જીન્દગીનાં મહામુલાં પચાસ પચાસ વર્ષો ખરચ્યાં, તે આમ પાણીના મુલે ઘડીકમાં કાળા કરાવી દઉં! ના માવડી ના!’

કાળા વાળનું સફેદ વાળમાં રુપાન્તર એ કેવળ કોઈ સ્થુળ રુપાન્તર નથી. આપણા કાન જો સાબદા હોય તો આ રુપાન્તર કેવળ વાળનું નથી; આપણી વૃત્તીઓનું પણ છે. ભીતર કશુંક બદલાવા માંગે છે. અન્દર કોઈ ક્રાન્તી સર્જાવાની છે; તેનો આ સળવળાટ છે; પણ આપણે આપણી દોડધામવાળી, કોલાહલભરેલી જીન્દગીમાં અન્દરના અવાજ, અન્દરના સળવળાટ તરફ ધ્યાન આપવા નવરાં જ પડતાં નથી અને પછી ચાલતી રહે છે – ‘વો હી રફતાર બેઢંગી!’

શ્રી રસીકભાઈ ઝવેરીના આ જવાબમાં માનવના જીવનનું એક પરમ સુન્દર સત્ય છુપાયેલું છે. વૃદ્ધાવસ્થા એ માનવજીવનને ઈશ્વર તરફથી મળેલો અભીશાપ નથી; બલકે વરદાન છે. જીવનની અત્યન્ત કીંમતી મુડી ખર્ચીને પ્રાપ્ત થતી એ કમાણી છે. એટલી વાત સાચી કે તે ચીંથરે વીંટ્યું રતન છે; પણ મોટા ભાગના લોકોનું એ રતન ધુળભેગું થઈ જતું હોય છે. ઘડપણ બહારથી ઉપલક દૃષ્ટીએ તો, જેમ ચીંથરું જોવું ન ગમે, તેવી જીવનની અણગમતી ચીંથરેહાલ સ્થીતી જ છે. માથાના વાળ ધોળાભખ્ખ, ચામડી લબડી જાય, ઠેર ઠેર કરચલીઓ, મોઢું સાવ બોખલું અને પગ તો જાણે ગરબે ઘુમે! પણ સવેળા ચેતી જવાયું હોય અને સમગ્ર જીવન અંગેની સાચી સમજ કેળવાઈ હોય તો ઉપરનાં આ બધાં

ચીંથરાં સરી પડે છે અને અંદરનું ઝળહળતું રતન ઝગમગી ઉઠે છે.

દીવસ-રાતના ચોવીસ કલાક, એમાં મોંસુઝણું થાય, આભા પ્રગટે, ઉષા આવે, પ્રભાત પ્રસરે, સુરજ ઉગે, સવાર પડે. સુરજ માથે ચઢે, બપોર થાય, વળી પાછો મધ્યાહ્ન થાય અને સલુણી સંધ્યા અને સમીસાંજ પ્રગટે; અને પછી રાત, મધરાત અને પાછું પરોઢ! દીવસ-રાતના આ એકએક સમયનું – કાળખંડનું પોતાનું એક આગવું સૌંદર્ય છે!

પ્રત્યેકનો એક આગવો આનંદ હોય છે. આવું જ જીવનનું! શું શીશુઅવસ્થા, શું બાળપણ, કીશોરાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા કે શું ઘડપણ! દરેક અવસ્થાને પોતાનું સૌંદર્ય અને પોતપોતાની સમસ્યાઓ હોય છે. સમસ્યાઓ હોવી એ કાંઈ જીવનઘાતી વસ્તુ નથી. એ તો જીવનનો પડકાર છે. સમસ્યાઓને કારણે જીવનના ઉંડાણ અને સૌંદર્યો ખુલતાં હોય છે. વૃદ્ધાવસ્થામાં કદાચ સમસ્યાઓ વધારે હશે અને એ સમસ્યાઓના ઉકેલમાં જ એનો આનંદ અને સર્જકતા માટે વધારે અવકાશ ભર્યો પડ્યો છે.

આપણામાંનાં મોટાભાગનાં લોકોએ શ્રી રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવીન્દ કે વીનોબાને વૃદ્ધાવસ્થામાં જોયા ન હોય; પણ એમની તસ્વીર તો મોટાભાગના લોકોએ જોઈ હશે. ગુરુદેવની એ વયોવૃદ્ધ છબી કેટલી મનોહર છે! માથાના રુપેરી વાળ

જાણે એમના સૌંદર્યની વસંત બનીને ફરફરે છે! એમની આંખોનું તેજ! ચહેરા પર સ્મીતમાં તો જાણે ત્રણેય ભુવનનો આનંદ ઘુંટાઈ ઘુંટાઈને કાલવાયો ન હોય! ક્યાંથી પ્રગટ્યું આ સૌંદર્ય!

વીનોબાની 85 વર્ષની વયે ચામડી જુઓ, જાણે હમણાં જ તાજા જન્મેલા બાળકની સ્નીગ્ધ સુંવાળી, માખણ જેવી મૃદુ ચામડી! શું આ મહાનુભાવો કોઈ બ્યુટી પાર્લર ( સૌંદર્ય પ્રસાધન કેન્દ્ર)માં જઈ કોઈ પાવડર, ક્રીમ કે કોસ્મેટીક લઈ આવતા હશે? શું છે આ સૌંદર્યનું રહસ્ય?

રહસ્ય છે – જીવન અંગેની સમજ! સાચી સમજણમાંથી જ જીવનનું સાચું સૌંદર્ય અને સાચું શીલ પ્રગટી ઉઠે છે! અને આપણા દેશની ખુબી તો જુઓ! અંગ્રેજીમાં ઘરડા માણસને કહેશે 'ધ ઓલ્ડ મેન' – જુનો માણસ. જ્યારે ભારતીય ભાષા એને કહે છે – 'વૃદ્ધ!' આ ખખડી ગયેલા દેહવાળો મનુષ્ય જુનો મનુષ્ય નથી. એ તો વૃદ્ધ છે. વૃદ્ધી પામેલો અને વળી સતત વૃદ્ધી પામનારો, નીત્યનુતન, નીત્યવર્ધમાન વૃદ્ધ છે. શું આ વૃદ્ધાવસ્થાના ટોપલામાં કેવળ વર્ષોનો ઢગલો જ ભરેલો છે?

જી નહીં, એમાં તો છે જીવનનો અમુલ્ય અનુભવ! ભાતભાતના અનુભવોથી સીંચાઈને પ્રાણવંત બનેલા જ્ઞાનના તાણા અને જીવનની આકરી તાવણીમાંથી અણીશુદ્ધ તવાઈ, તવાઈને

બહાર નીકળેલા તપના વાણાથી વણાયેલી જીવનની આ ચાદર છે. વૃદ્ધના પ્રત્યેક સફેદ વાળમાં અને એના દેહ પર પડતી પ્રત્યેક કરચલીમાં વીતેલાં વર્ષોનો એક ઈતીહાસ છુપાયો છે. જીવાયેલા શ્વાસોચ્છ્વાસનો ધબકાર ગોપાયો છે. જીવનમાં કેટલાંક શાશ્વત સત્યોને આત્મસાત કરી પાલવમાં સંતાડીને આ વૃદ્ધાવસ્થા આવતી હોય છે. વૃદ્ધાવસ્થામાં પ્રગટતી શરીરની ક્ષીણતા એક પલ્લામાં મુકો અને બીજા પલ્લામાં જીવનભરના અનુભવોનું ભાથું મુકો; તો બીજું પલ્લું નમી જશે.

આમ, વૃદ્ધાવસ્થા એ તો જીવનની વૃદ્ધી, સમૃદ્ધી અને સીદ્ધીનો સંકેત છે. વૃદ્ધાવસ્થા એટલે કેવળ વર્ષોનો, ક્ષણોનો સરવાળો નથી. એ તો પશુજીવનમાં પણ થાય છે. પણ માનવીની વૃદ્ધાવસ્થામાં તો ક્ષણોની સાથોસાથ જીવનભરના જ્ઞાન, અનુભવ, તપ, સ્નેહ, સેવા અને સુજનતાના સરવાળા થતા હોય છે.

આનો અનુભવ આપણને વનસ્પતીસૃષ્ટીમાં પણ થાય છે. આંબાની જ વાત કરીએ. લીલીછમ્મ કાચી કેરી ખાટી લાગશે. કોઈને માથામાં મારો તો લોહીની ધાર છુટી જાય તેવી સખત હોય છે; પણ એ જ લીલીછમ્મ કેરી જ્યારે પાકટ બનીને સોનેરી થાય ત્યાર પછીના તેના રસની મધુરતાને કોની સાથે સરખાવી શકીશું? જાણે પૃથ્વી પરનું અમૃત! તો આંબો જો

વયોવૃદ્ધ થઈને આવો અમૃતરસ રેલાવી શકે તો મનુષ્યમાં તો વીશેષ ચૈતન્ય પ્રગટે છે! જીવનના આંબાવાડીયામાં વૃદ્ધાવસ્થા આવે તો કેવળ મીઠોમધ મધુર રસ રેલાવવા માટે જ આવે. માણસમાં રહેલ અંધકાર જ્યારે સાવ ગળી જાય છે; ત્યારે તેમાંથી રસસુધા ઝરે છે. આ જ છે માણસનું સત્ત્વ. માણસ એટલે નર્યો દેહ નથી. મન, બુદ્ધી, ચીત્ત, અંતઃકરણ એ માનવીનો આંતરદેહ છે. વૃદ્ધાવસ્થામાં બહારનો સ્થુળ દેહ ખખડી જાય છે; પણ જીવનભરના તપથી શુદ્ધ થઈ, અગ્નીમાંથી પસાર થયેલા સુવર્ણની જેમ વૃધ્ધ માણસનું આંતરીક વ્યક્તીત્વ ઝળહળી ઉઠે છે.

આમ વૃદ્ધાવસ્થા અંગેની આવી સાચી, સ્વસ્થ પાકટ સમજ કેળવવી – તે બની જાય છે પુર્વતૈયારી. મોટાભાગના લોકો માટે વૃદ્ધાવસ્થા એ પોતાના સમસ્ત જીવનના ફળરુપે, પરીપાકરુપે, આવી મળેલું પરીણામ છે, નીશ્પત્તી છે. પુર્વજન્મનાં કર્મો, ટેવો, વૃત્તીઓ, વલણો જેવાં હશે તે મુજબની વૃદ્ધાવસ્થા ઘડાતી આવે છે. એટલે જ વૃદ્ધાવસ્થાનું સમસ્ત સૌંદર્ય પ્રગટ થાય એ માટે પુર્વજીવનમાં થોડો અભ્યાસ થાય, થોડું ઘરકામ (હોમવર્ક) થાય એ જરુરી છે. વૃદ્ધાવસ્થામાં માથે ચમકતા રુપેરી વાળની પોતાની એક સુંદર અને પવીત્ર સૃષ્ટી છે. એ રુપેરી વાળ હેઠળના મસ્તીષ્કમાં એક ભવ્ય હીમાલય

સર્જી શકાય છે. જ્યાંથી સૌને પાવન કરનારી પુણ્યસલીલા ગંગા વહી શકે.

- મીરાંબહેન ભટ્ટ

લેખીકાના પુસ્તક ‘જીવનસંધ્યાનું સ્વાગત’ – (પ્રકાશક : નવભારત સાહીત્ય મંદીર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ –૩૮૦ ૦૦૧, ફોન– ૦૭૯ ૨૨૧૩ ૯૨૫૩ / ૨૨૧૩ ૨૯૨૧, ઈ–મેલ : info@navbharatonline.com વેબસાઈટ : www.navbharatonline.com ; ત્રીજી આવૃત્તી : ૨003; પાનસંખ્યા: ૮૦; મુલ્ય : ૫૦ રુપીયા) પુસ્તકમાંથી સાભાર... ઉત્તમ ગજ્જર ..

(મીરાંબહેનની આવી જ એક સરસ રચના માણવા તા. ૨૪/૧૦/૨૦૦૯ની ૧૭૭મી ‘સન્ડે ઈ–મહેફીલ’ની આ http://gujaratilexicon.com/magazine/sundayemahefil/ લીંકના પાન ૧૯ પરથી તે ડાઉનલોડ કરવા વીનંતી છે.)

સર્જકસંપર્ક:

મીરાંબહેન ભટ્ટ,

73 – રાજસ્થંભ સોસાયટી, પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા –390 001

Mobile -9376855362

@@@

273 : 30-06-2013

# ડૉક્ટરની ડાયરી

–ડૉ. શરદ ઠાકર

અનુક્રમણીકા

વાત ગુજરાતની, જાત ગુજરાતી, છે બધી રીતભાત ગુજરાતી;
વીશ્વ આખું ઝુકાવશે મસ્તક, જો લાયકાત ગુજરાતી..

–ભાવેશ ભટ્ટ

‘તમારા અમેરીકામાં ડૉ. કીરીટ પટેલ નામના મારા વર્ષો જુના મીત્રને શોધવા હોય તો શું કરવું જોઈએ?’ મેં અચાનક ઉંઘમાંથી જાગીને મારા ભત્રીજા સમીરને પ્રશ્ન કર્યો. સમીર કાર ચલાવી રહ્યો હતો. નાયગ્રા ધોધ જોઈને અમે ન્યુ જર્સી પાછા ફરી રહ્યા હતા. શ્રેષ્ઠ કક્ષાનો કહી શકાય તેવો હાઈ–વે, એકસો ત્રીસ કીલોમીટર્સ પ્રતી કલાકની ઝડપે ભાગી રહેલી કાર અને ક્ષણે પ્રતીક્ષણે પલટાતાં જતાં રમ્ય, અદ્ ભુત લેંડસ્કેપ્સ જોતાં જોતાં ગાઢી નીદ્રામાં સરી પડેલો હું. પછી અચાનક મેં પોપચાં ઉઘાડ્યાં અને સમીરને ઉપરનો પ્રશ્ન પુછી લીધો.

‘તમારી પાસે એમનું એડ્રેસ છે? ફોન નંબર છે? એ ક્યાં કામ કરે છે, એમનું ક્લીનીક ક્યાં આવેલું છે એ વીશેની કોઈ માહીતી છે તમારી પાસે?’ સમીર સીઆઈડીની જેમ સવાલોની ઝડી વરસાવી રહ્યો. સમીરના સવાલો ભલે સો

હતા; પણ મારો જવાબ એક જ હતો 'ના, મને એમના વીશે કશી જ માહીતી નથી. એટલી ખબર છે કે ડૉ. કીરીટ પટેલ ૧૯૭૯–'૮૦ના વર્ષમાં મારી સાથે હતા. અમદાવાદની વી. એસ. હૉસ્પીટલના ગાયનેક વીભાગમાં અને પોસ્ટ ગ્રેજ્યુએશન કરતા હતા. તે મારાથી એક વરસ આગળ હતા; પણ અમારું યુનીટ એક જ હતું.

'પછી?' સમીરે પુછ્યું, 'આ તો અમદાવાદની વાતો થઈ, એના પરથી અમેરીકાનું એડ્રેસ ન મળે.'

'ન કેમ મળે? આમ તો તમે લોકો વીશ્વની સૌથી સમર્થ પ્રજા હોવાનો દાવો કરો છો, એક ભારતીય ડૉક્ટરની ભાળ નથી મેળવી શકતા? શેઈમ ઓન અમેરીકા!'

'જસ્ટ એ મીનીટ!' સમીરના કપાળમાં આડી રેખાઓ ઉપસી આવી, 'તમે નામ શું કહ્યું? એક વાર ફરીથી બોલશો, પ્લીઝ?'

'ડૉ. કીરીટ પટેલ, હી ઈઝ એ ગાયનેકોલૉજીસ્ટ' મેં દોહરાવ્યું. સમીરના મોંમાંથી અહોભાવ સરી પડ્યો, 'યસ! હું ઓળખું છું  એમને. મેં એમને જોયા નથી; પણ આ નામ સાંભળ્યું છે. ઈન ફેક્ટ, ન્યુ જર્સીમાં એમનું નામ સૌ કોઈએ સાંભળભલું છે. એઝ એ ડૉક્ટર, હી ઈઝ ધ બેસ્ટ! જો એ તમારાવાળા જ ડૉ. પટેલ હોય તો...' આટલું કહીને ગાડી પુરપાટ વેગે દોડાવતાં અને મારી સાથે વાતો કરતાં કરતાં જ

એણે એના ટચુકડા લેપટૉપ પરથી ઈન્ટરનેટ પર ખાંખાંખોળા શરુ કર્યા. ઘરે પત્ની સાથે વાત કરી લીધી, પછી એક નંબર લગાડીને સેલફોન મારા હાથમાં મુકી દીધો, ‘ રીંગ વાગે છે, સામા છેડેથી અવાજ સંભળાય એટલે...ટ્રાય યોર લક!’ રીંગ વાગતી રહી, હું પ્રતીક્ષાની ઘડીઓ ગણતો રહ્યો. આખરે કોઈનો અવાજ સંભળાયો, ‘હેલ્લો...ઓ...!’

મેં આટલો જ સવાલ પુછ્યો : ‘ આઈ વોન્ટ ટુ સ્પીક ટુ ડૉ. કીરીટ પટેલ.’

‘યસ, યુ આર સ્પીકીંગ ટુ હીમ. હુ ઈઝ કૉલીંગ?’ સાવ અમેરીકન ઉચ્ચારોમાં સામો છેડો મને મારા વીશે પુછી રહ્યો હતો.

મને તોફાન સુઝ્યું, ભુતકાળનો એક સંદર્ભ યાદ કરીને મેં પુછ્યું, ‘ મારે બીજા કોઈ કીરીટ પટેલનું કામ નથી, મારે તો એ ડૉ. કીરીટ પટેલ જોડે વાત કરવી છે જે કલોલ પાસેના મોખાસણ નામના ગામડામાં ખેડુતના ઘરમાં જનમ્યા છે અને ભેંસોની વચ્ચે ઉછર્યા છે, જેનાં લગ્ન વખતે હું પણ મોખાસણની મુલાકાતે જઈ...’

સામેથી અટ્ટહાસ્ય સંભળાયું, ‘ભઈલા, હું એ જ કીરીટ પટેલ બોલું છું. શરદભાઈ, અત્યારે ક્યાં છો; એ તો સ્પષ્ટ થઈ ગયું કે અત્યારે તમે અમેરીકા આવ્યા છો. તમારું લોકેશન જણાવો એટલે હું લેવા માટે આવું.’ બત્રીસ–બત્રીસ

વર્ષના અંતરાલ બાદ પણ એક મીત્ર બીજા મીત્રને ઓળખી ગયો હતો. મેં જવાબ આપ્યો કે એ વખતે તો હું હાઈ–વે પર હતો, સાતસો કીલોમીટર્સની મુસાફરી કર્યા બાદ ન્યુ જર્સી પહોંચવાનો હતો, એટલે રાતે મોડું થઈ જવાનું હતું; પણ બીજા દીવસે આપણે અવશ્ય મળીશું. દો સીતારોં કા ઝમીં પર હૈ મીલન કલ કે દીન!

અમે મળીએ ત્યાં સુધીમાં મેં જાણી લીધું હતું કે ડૉ. પટેલ ન્યુ જર્સીની આમ જનતાનાં દીલમાં વસેલા ગાયનેકોલૉજીસ્ટ છે. એ રાતદીવસ એટલા વ્યસ્ત રહે છે કે એમની પાસે ‘અંગત’ કહેવાય તેવાં કામ માટે સમય જ નથી હોતો. ઈન્ટરનેટ પર એમના કામની વેબસાઈટ પર સેંકડો સ્ત્રીઓની કૉમેન્ટ્સ વાંચવા મળી. જે તમામનો સુર કંઈક આવો જ હતો : ‘ ડૉ. પટેલ ઈઝ ટુ બીઝી વીથ હીઝ પેશન્ટ્સ. હું પ્રેગ્નન્ટ છું. એમની પાસે ચેક અપ માટે ગઈ હતી. જો કે એપૉઈન્ટમેન્ટ લઈને જ ગઈ હતી. તેમ છતાં મારે ત્રણ કલાક બેસી રહેવું પડ્યું. આવું તે કોઈને પરવડે? પણ મને પરવડ્યું; કારણ કે જ્યારે મારો વારો આવ્યો ત્યારે જે કાળજીથી, શાન્તીથી અને મૅડીકલ સ્કીલથી એમણે મને ‘ટ્રીટ’ કરી, એ જોયા પછી મને લાગ્યું કે મારા ત્રણ કલાક એળે નથી ગયા. એમના માટે મારી પાસે માત્ર એક જ

અભીપ્રાય છે : ડૉ. પટેલ ઈઝ ધ બેસ્ટ ઈન ધીસ પાર્ટ ઓફ ધ વર્લ્ડ.'

હું ડૉ. કીરીટભાઈની વ્યસ્તતા સમજી ગયો. બીજા દીવસે સવારે જ્યારે એમનો ફોન આવ્યો, 'ક્યાં છો? હું લેવા માટે આવું છું.' ત્યારે મેં કહી દીધું, 'તમારે આવવાની જરુર નથી. હું જ આવું છું એડ્રેસ, પ્લીઝ...'

'હું અડધા કલાકમાં એક સીઝેરીયન ઓપરેશન કરવાનો છું. તમે જે. એફ. કે. હૉસ્પીટલમાં આવી જાવ. ગાર્ડ તમને અંદર પ્રવેશતાં રોકશે. મને ફોન કરી દેજો.'

જે. એફ. કે. હૉસ્પીટલ એટલે જ્હોન એફ. કેનેડી હૉસ્પીટલ. જેટલા પ્રખ્યાત અમેરીકાના આ પ્રેસીડન્ટ હતા, એટલી જ જાણીતી આ હૉસ્પીટલ છે. ન્યુ જર્સી સ્ટેટ માટેની આ સૌથી પ્રખ્યાત, સૌથી સુવીધાયુક્ત મલ્ટી સ્પેશીયાલીટી હૉસ્પીટલ છે. વધુ આશ્ચર્યજનક વાત તો એ છે કે આ એક જનરલ હૉસ્પીટલ છે. આપણા અમદાવાદની વી. એસ. હૉસ્પીટલ કે સીવીલ હૉસ્પીટલના જેવી જનરલ હૉસ્પીટલ.

જ્યારે હું એ હૉસ્પીટલના પ્રાંગણમાં પહોંચીને કારમાંથી બહાર નીકળ્યો, તો એનું મકાન જોઈને જ ડઘાઈ ગયો! જનરલ હૉસ્પીટલ આવી તે હોઈ શકે? અમદાવાદની સારામાં સારી કોઈ પણ કૉર્પોરેટ હૉસ્પીટલ જે. એફ. કે.ની આગળ ધર્મશાળા જેવી લાગે! આપણે ત્યાંની ફાઈવ સ્ટાર

હૉટલ કદાચ એની સામે સ્પર્ધામાં નોમીનેશન ભરી શકે, જો કે હાર તો સ્વીકારવી જ પડે. ગ્લાસના ડોર પાસે હટ્ટાકટ્ટા સીક્યુરીટી ગાર્ડ્સ ઉભા હતા. મને જોઈને ઘુરક્યા, 'કોનું કામ છે?' મેં કહ્યું, 'હું ઈન્ડીયાથી આવું છું. મારા મીત્ર અહીં ડૉક્ટર છે. મેં હમણાં જ એમને કૉલ કર્યો છે, એ મને લેવા આવતા જ હશે. ડૉ. કીરીટ પટેલ નામ છે એમનું.'

ગાર્ડ ઘુરકવાને બદલે હુંફાળું સ્મીત રેલાવવા માંડ્યા, 'વેલકમ, સર! યુ આર એબ્સોલ્યુટલી લકી. ડૉ. પટેલ તમારા મીત્ર છે. હાઉ નાઈસ!' પછી મને પુછવા માંડ્યા, ' તમને ખબર છે? હી ઈઝ ધ બેસ્ટ!'

સાંભળીને મારી છાતી ફુલી રહી હતી. માત્ર એટલા માટે નહી કે અહીંના લોકો જેમની પ્રશંસા કરી રહ્યા હતા, તે ડૉ. પટેલ મારા અંગત મીત્ર છે; પણ મારા ગૌરવનું ખરું કારણ એ હતું કે અમેરીકાની છાતી પર પોતાની કામીયાબીનો ધ્વજ લહેરાવનાર ડૉક્ટર એક ભારતીય છે. અમેરીકામાં વસેલા અને 'અધધધ...' સમ્પત્તી કમાઈને બેઠેલા સેંકડો ભારતીય ડૉક્ટરોને હું મળ્યો છું; પણ ધનની સાથે કીર્તી પણ કમાયો હોય તેવો આ પ્રથમ ડૉક્ટર હું જોઈ રહ્યો હતો.

ડૉ. કીરીટભાઈ નીચે આવીને મને અંદર લઈ ગયા. પ્રેમપુર્વક ફેરવીને આખી હૉસ્પીટલ બતાવી. મેં એમને ફોનમાં જ વીનન્તી કરી હતી, ' મારે તમારી વર્કીંગ કન્ડીશનનો

અભ્યાસ કરવો છે. મારે જોવું છે કે તમારી જનરલ હૉસ્પીટલ અમારી જનરલ હૉસ્પીટલ કરતાં ક્યાં અને કેટલી અલગ પડે છે!’

જેમ જેમ હું જે. એફ. કે.ના એક પછી એક ડીપાર્ટમેન્ટ જોતો ગયો તેમ તેમ મને સમજાતું ગયું કે અમેરીકન હેલ્થ સર્વીસ અને ભારતની આરોગ્યસેવા વચ્ચે સરખામણી કરવાનો કોઈ સવાલ જ પેદા થતો નથી. જાણે ગઈ કાલે જ ચણ્યા હોય તેવા માળ, હમણાં જ બનાવ્યું હોય તેવું ફર્નીચર, ક્યાંય કોઈ લીફ્ટ બગડેલી ન મળે, ક્યાંક વીજળીનો બલ્બ ઉડી ગયેલો ન હોય, બારણાનું હેન્ડલ ઢીલું ન હોય, ક્યાંય એકાદુંય સ્ક્રુ ગાયબ ન હોય, ગાદીઓ ગંદી કે ફાટેલી ન હોય! આખી હૉસ્પીટલના તમામ ફ્લોર્સ પરનો એકેએક ખુણો હું સુંઘી વળ્યો, ક્યાંય સ્પીરીટ, ડેટોલ કે અન્ય દવાની દુર્ગંધ માણવા ન મળી.

સૌથી સુન્દર વ્યવસ્થા લેબર રુમની જોવા મળી. દરદી માટેનું ટેબલ એના પરની પથારી કરતાંય વધારે સુવીધાજનક. સાથે એના પતી કે મમ્મીની રહેવાની પણ સગવડ. ચોખ્ખોચણાક શોવરવાળો બાથરુમ અને સ્વચ્છ ટૉઈલેટ લેબર રુમની સાથે જ અટૅચ્ડ. પ્રસુતી એ પર્વ બની જાય! બાજુમાં નવજાત શીશુઓ માટેનો વીભાગ. બાળકો માટે તો આ દેશ સ્વર્ગ સમાન છે. જનમ્યા પછી દરેક શીશુ માટે

અલગ ફાઈવસ્ટાર જેવી વ્યવસ્થા હું જોઈ શકતો હતો, એક જ વૉર્ડમાં સુતેલાં, હાથપગ ઉછાળતાં ઈન્ડીયન, ચાઈનીઝ, જાપાનીઝ, નીગ્રો અને વાઈટ શીશુઓને. પચરંગી પ્રજા હતી; પણ સુવીધા અને સારવાર એકરંગી હતી.

ડૉ. પટેલ સીઝેરીયન પતાવીને મને લંચ માટે બહાર રેસ્ટોરન્ટમાં લઈ ગયા. પછી એમનો બંગલો બતાવ્યો. એનું વર્ણન હું નહીં કરું. દસ મીલીયન ડૉલર્સના રાજમહેલનું વર્ણન કરવા માટે દસ–બાર વાક્યો ઓછાં પડે. પણ મને જે બે વાતો સ્પર્શી ગઈ તે આ હતી : જે. એફ. કે. જનરલ હૉસ્પીટલના દરેક વીભાગમાં હું ફર્યો, અલગ અલગ દેશમાંથી આવીને કામ કરતા ડૉક્ટરોને મળ્યો. આયાઓ, સીસ્ટર્સ, વૉર્ડબૉયઝથી માંડીને પેરામૅડીકલ સ્ટાફને મળ્યો; દરેકે મારું સ્વાગત હુંફાળું સ્મીત ફરકાવીને કર્યું અને એક પણ અપવાદ વગર દરેક જણે મને આ વાક્ય તો સંભળાવ્યું જ : ‘ યોર ફ્રેન્ડ, ડૉ. પટેલ ઈઝ ધી બેસ્ટ હીયર!’

અને બીજી વાત કઈ હતી? પોતાનો વીશાળ બંગલો બતાવતાં બતાવતાં એક જગ્યાએ ડૉ. કીરીટભાઈ અટકી ગયા. એ મંદીર હતું. ઘરમંદીર. ભગવાનની મુર્તીઓ ઉપરાંત ત્યાં એક રેશમી કપડાનો ચોરસ કટકો સંભાળીને મુકેલો હતો. એમાં પરમ પુજ્ય ભગવાન સ્વામી નારાયણનાં પગલાંની

છાપ સચવાયેલી હતી. મને અચાનક બત્રીસ વર્ષ પુર્વેની ઘટના યાદ આવી ગઈ.

વી. એસ. હૉસ્પીટલમાં સહેજ નવરાશની પળોમાં કીરીટે મને કહ્યું હતું, ‘મારી સાથે આવશો?’ મારે સહજાનંદ સ્વામીની છબી લેવા જવું છે. એ સમયે કીરીટ કશું જ ન હતો. મોખાસણના એક સંસ્કારી પીતાનો પુત્ર માત્ર હતો, જે ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતો હતો. આજે એ બધું જ છે; પણ આ ધન અને કીર્તી હજુ એને બદલી શક્યાં નથી. મેં કૅમેરાની ચાંપ દબાવીને એ ફુટપ્રીન્ટને ક્લીક કરી દીધી. પછી ડૉ. કીરીટની સામે જોયું, ‘હવે એક ફોટો તમારો પણ થઈ જાય!’

ડૉ. શરદ ઠાકર

દૈનીક ‘દીવ્ય ભાસ્કર’ની દર બુધવારે પ્રગટ થતી પુર્તી ‘કળશ’માં પ્રકાશીત થતી એમની લોકપ્રીય કટાર ‘ડૉક્ટરની ડાયરી’માંથી .. આ લેખ તા. 20/02/2013 ની ‘કળશ’ પુર્તીમાં પ્રકાશીત થયેલો, તે લેખકશ્રીની પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

લેખક-સમ્પર્ક :

ડૉ. શરદ ઠાકર, 8/1, જલારામ પાર્ક સોસાયટી, પ્રાણશંકર હૉલ પાસે, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ – 380 028

Phone : 079-2543 4901

Mobile : 94 26 34 46 18

eMail : drsharadthaker@yahoo.com

Website : http://www.drsharadthakar.com/

Facebook

:http://www.facebook.com/DrSharadThakar?fref=ts

@@@

274 : 14-07-2013

# મુક્તકો

–ડૉ. દીલીપ મોદી

અનુક્રમણીકા

.1.

લીલીછમ અટકળ ગમે છે, હે સખી
તું મને પુષ્કળ ગમે છે, હે સખી
ઘોર અંધારે સ્મરણ તારું અને–
રાત આ ઝળહળ ગમે છે, હે સખી.

.2.

હું અહર્નીશ કૈંક ઝંખું છું સરસને
જળનું સરનામું મળે મારી તરસને
આ નહીં તો આવતા જન્મે મળીશું
વીતતાં ક્યાં વાર લાગે છે વરસને?

.3.

નામથી હું દીલીપ મોદી છું
કામથી હું દીલીપ મોદી છું
છે છલોછલ તપશ્ચર્યા મારી
જામથી હું દીલીપ મોદી છું.

.4.

જીવવા માટેનું બહાનું તું જ છે
આ હૃદયનું એક ખાનું તું જ છે
હું કદી જાહેરમાં બોલ્યો નથી
મારું નાજુક સ્વપ્ન છાનું તું જ છે.

.5.

આ અજંપાની જુઓ કૈં હદ નથી
મારી એકલતાનું ચોક્કસ કદ નથી
તે છતાં જીવું છું; જીવાયા કરે–
જીવવાનો આમ તો મકસદ નથી.

.6.

ક્યાં સુખદ અહેસાસ મનને થાય છે?
શ્વાસ મારા કેમ થંભી જાય છે?
શબ્દ, કાગળ, અર્થ, શાહી ને કલમ,
ગીત મુજ સંવેદનાનાં ગાય છે!

.7.

મુક્ત હો સંવેદના; બાંધો નહીં
મૌનથી અભિવ્યક્ત હો; વાંધો નહીં

રેશમી સંબંધના પાલવ ઉપર
જોઈએ બસ એક પણ સાંધો નહીં.

.8.

મ્હેક સાથે મીત્રતા બંધાઈ ગઈ
ને તીજોરી શ્વાસની છલકાઈ ગઈ
આંગળી ઝાલી બગીચાની પછી–
ફુલની વ્યાખ્યા મને સમજાઈ ગઈ.

.9.

એક વીધવા બાઈ જેવી લાગણી
અટકળો મારી બધી છે વાંઝણી
આ પીડાનો અંત ક્યારે આવશે?
આંખમાં ખુંચ્યા કરે જાણે કણી!

.10.

આમ મળવાનું બહાનું હોય છે,
દર્દ પણ કેવું મજાનું હોય છે!
આંસુ જેનું નામ આપ્યું છે તમે,
આંખમાં તો ચીહ્ન ઘાનું હોય છે!

.11.

ઝેર પીધું; જીવતો તોયે રહ્યો
જખ્મ લીલોછમ હસીને મેં સહ્યો;
આંખમાંથી વહેતી ધારા જોઈ લો–
'હું' નદી થઈને સતત કેવો વહ્યો!

.12.

મારી પાસે આવ તું, વાતો કરીશું
સૌ દીપક બુઝાવીને રાતો કરીશું
આપણી વચ્ચે તડપતું મૌન તોડી
સ્નેહભીના શબ્દને ગાતો કરીશું.

.13.

સર્વ જોખમ ખેડીને પણ આવ તું
બુમ પાડે છે ઋજુ ક્ષણ આવ તું
સ્વપ્ન થઈ જા, કેદ હું તુજને કરું
ખુલ્લી રાખી છે મેં પાંપણ, આવ તું.

.14.

આમ ને આમ જ વરસ વીત્યા કરે
જળ વગર મારી તરસ વીત્યા કરે

કોઈ પરીવર્તન વગર અટકી નહીં
લ્યો, તડપ ક્ષણની સરસ વીત્યા કરે.

.15.

માણસે શ્રદ્ધા ન ખોવી જોઈએ
મનની સુંદરતા જ જોવી જોઈએ
પ્રેમ જેવું ના હશે તો ચાલશે
પણ કદી નફરત ન હોવી જોઈએ.

.16.

શી રીતે માપી શકું હું કદ, સખી?
હું તને ચાહ્યા કરું અનહદ, સખી
જીવવાનું લક્ષ્ય કેવળ તું જ છે
તેથી મરવાની નથી ફુરસદ, સખી.

.17.

એક ફાનસ રાતભર સળગે અને
ખ્યાલ સાલસ રાતભર સળગે અને
સ્વપ્નમાં પણ ઠોકરો વાગ્યા કરે
ભગ્ન માણસ રાતભર સળગે અને.

.18.

આપણે પીધા કર્યો ખાલી કટોરો
આપણો સંબંધ કાગળ હોય કોરો
સાંધવાને વસ્ત્ર ફાટેલું સમયનું
ઉમ્રભર શોધ્યા કર્યો મેં સોય–દોરો.

.19.

ટેરવાં કાપીને હું અક્ષર લખું
ડાયરીમાં સ્નેહના અવસર લખું
તારી સાથેના પ્રસંગો, હે સખી
આજ મારા રક્તની ભીતર લખું.

.20.

મુક્તકો મારાં ખરેખર શું કહે છે?
આ હયાતી મારી ખુદની શું સહે છે?
તું મને સમજી ન લેતી રણ કદીયે
હું સ્વભાવે છું નદી, પાણી વહે છે!

.21.

ક્યાંક ભુંસાઈ ગયો છે ખુદ દીલીપ
આમ કરમાઈ ગયો છે ખુદ દીલીપ

ચાર, ખોવાઈ ગયું છે જ્યાં કશું–
ત્યાં જ ખોવાઈ ગયો છે ખુદ દીલીપ.

.22.

ડાળ શૈશવની ઉપર હંમેશ રમતા
કોળીયો મોંમાં મુકે ને એમ જમતા
ચીજ છે અદભુત જીવનમાં, આ જગતમાં
હોય ના બીજું કશું પણ માની મમતા.

.23.

વેઠવો છે દીલીપ મોદીને?
વ્હેંચવો છે દીલીપ મોદીને?
ઉપજે શું સીવાય ગઝલો, બસ–
વેચવો છે દીલીપ મોદીને?

.24.

ચાર, સોનોગ્રાફી ક્યાં સંબંધની થાય?
એક્સ–રેમાં દર્દ ભીતરનું શું દેખાય?
ટેસ્ટ લોહીનો કરાવી જોઈએ, ચાલ–
પ્રેમના જીવાણુ જો માલમ પડી જાય!

.25.

સાવ ખાલી જામ ગળતો જાય છે
વાયદો રંગીન ઢળતો જાય છે
તે છતાં વીશ્વાસ મારો છે અતુટ
એક સંભવ રોજ છળતો જાય છે.

.26.

શબ્દ સીવે છે એ જાણે દરજી હો
ઉર્મીઓ મારી હૃદયની અરજી હો
શ્વાસમાં વીશ્વાસનો ઈતીહાસ છે
આખરે તો જેવી તારી મરજી હો.

.27.

સ્થળ વગર તરસ્યો રહું, એવું બને
જળ વગર તરસ્યો રહું, એવું બને
હું પકડવા જાઉં છું, પકડાય ના
પળ વગર તરસ્યો રહું, એવું બને.

.28.

લાગણીના રંગથી રંગાઈ જઈએ
ચાલ, મોસમ છે હવે ભીંજાઈ જઈએ

આંખથી તારી હું, મારી આંખથી તું
હા, પરસ્પર આપણે વંચાઈ જઈએ.

.29.

હું તરસનું તળાવ છું, મીત્રો
ના રુઝાયેલા ઘાવ છું, મીત્રો
પાંસળીમાં વસંત મ્હોરી છે
શુન્યની આવજાવ છું, મીત્રો.

.30.

શ્વાસ સૌ લાગ્યા કરે શાને સખત?
કેમ વીતાવું છું ભારેખમ વખત?
મેં છલોછલ પીધી છે દીવાનગી–
બાકી શા માટે હું આ મુક્તક લખત?

ડૉ. દીલીપ મોદી

કવી–સંપર્ક:

10, નવનીર્માણ સોસાયટી, ટીમલીયાવાડ, નાનપરા, સુરત–395 001,

ફોન : 0261- 247 4700/ 266 2200 મોબાઈલ: 98259 33400

E-mail: drdilipmodi@yahoo.com

Facebook: https://www.facebook.com/drdilip.modi

## કવીનું સર્જન:

ગઝલસંગ્રહો: 'પંથ' (1983), 'દાખલા તરીકે તું...' (1990), 'અહેસાસ' (2007),
'એક અલ્લડ છોકરી' (2008), 'નગર તારા વગર' (2009), 'ઉમળકો' (2010)

મુક્તકોના સંગ્રહો: 'હે સખી! સંદર્ભ છે તારો અને–' (1997), હે સખી! સોગંદ છે
મારા તને–' (2004), 'હે સખી! છે ઝંખના તારી મને–' (2012)

@@@@@

275 : 28-07-2013

# ચારુબાની ચીંતાનું નીવારણ

–રઘુવીર ચૌધરી

અનુક્રમણીકા

ચારુબા ગઈ કાલ સુધી તો સમ્પુર્ણ સ્વસ્થ હતાં. આમેય સોસાયટીની વયોવૃદ્ધ માતાઓમાં એમનું આરોગ્ય નમુનારુપ ગણાતું. એ સ્પર્ધામાં માનતાં ન હોવાથી ભાગ ન લે; નહીં તો સીત્તેર વર્ષ વય–જુથમાં એ સુવર્ણપદક પ્રાપ્ત કરે. ચારુબાનો મુદ્રાલેખ છે : ‘ સ્પર્ધા નહીં; સ્નેહ.’ સ્પર્ધાથી મેળવેલી જીત ક્ષણજીવી ગણાય. સ્નેહની જીત સ્મરણ બની જાય. એમના સમ્પર્કમાં આવનારાઓમાંથી જેમને માણસને પારખવાની આવડત છે એમણે કહ્યું છે કે ચારુબાના વ્યક્તીત્વનું મુખ્ય લક્ષણ છે સ્નેહ. સીત્તેર વર્ષની વયે પણ એ સુન્દર લાગે છે. એનું કારણ છે એમની આંખોમાં સૌને માટે વરતાતો સ્નેહ. કુટુમ્બીજનોમાં અને દુરનાં સગાંવહાલાંઓમાં બીજી બાબતે ભલે મતભેદ પડ્યો હોય; ચારુબાના પ્રેમાળ વ્યક્તીત્વ અંગે વ્યાપક સહમતી પ્રવર્તે છે. સદા આવકારવા તત્પર.

ચારુબાના પૌત્ર પરમને યુનીવર્સીટીનો ચન્દ્રક મળ્યો ત્યારે એક પત્રકારે એને પુછેલું : ‘તમારો રોલ મૉડલ?’

પરમે તરત જ કહ્યું હતું : ‘મારાં દાદીમા – ચારુબા. મારાં ચારુબા છે મારો આદર્શ.’ પરમે પોતાના અભીપ્રાયના સમર્થનમાં જણાવેલું : ‘ મારાં દાદી સૌનાં બા છે. એ બહારગામ ગયાં હોય ત્યારે બીલાડી, વાંદરાં, કુતરાં અને પાણી પીવા આવતાં પક્ષીઓ પણ તેમને શોધતાં જણાય છે. એમના આગમનની જાણ પણ એ બધાંથી તુરત થાય છે. અમારા મકાનની આજુબાજુનાં જુનાં ઝાડનાં ડાળ–પાંદડાં જીવન્ત બની જાય છે. પક્ષીઓનો કલરવ એમને વીંટળાઈ વળે છે. એમની પાંખોમાં રંગાઈને પ્રકાશ વરંડાના હીંચકા સુધી આવી જાય છે.’

‘તમે તો અંગ્રેજી માધ્યમમાં ભણેલા છો, તો પછી આવું સારું ગુજરાતી કેવી રીતે બોલી શકો છો? ક્યાં શીખેલા?’

‘ચારુબાના ખોળામાં બેસીને.’

પત્રકારે પરમની મુલાકાત છાપવા સાથે ચારુબાનો ફોટો પણ છાપવો હતો, ‘ક્યારે આવું ફોટો પાડવા?’ – એણે ચારુબાને ફોન પર પુછેલું. ચારુબાએ હસતા અવાજમાં કહેલું : ‘પરમમાં મારો ફોટો આવી ગયો. ચાનાસ્તા માટે જરુર આવજો. તમારે ફોટો છાપવો જ હોય તો એનાં માતાપીતાનો છાપો. એમને ભારે અભરખો હતો : પરમ પહેલે નંબરે આવે

એનો! મારે તો એટલું જ જોઈએ કે પરમ સદા પ્રસન્ન રહે. એને મળીને સૌ પ્રસન્ન થાય.'

પરમનાં માતાપીતા સારું કમાય છે. દાદાજી એનું પેન્શન ચારુબાને સોંપી દે છે. કયા સત્કર્મ પાછળ કેટલી રકમ વાપરવી એનો નીર્ણય પણ ચારુબા કરે. વધેલી રકમ પરમના જન્મદીને એને આપી દે. આ વર્ષે એને સ્કુટર લાવી આપ્યું છે. અનુસ્નાતકનો અભ્યાસ કરવાની સાથે વારસાગત ખેતીની દેખરેખ રાખશે. જમીનની કીમ્મત વધી ગઈ છે. વેચવાની નથી. જમીનના દલાલો એમના પ્રકૃતીપ્રેમનો ઉપહાસ કરે છે. કરોડો રુપીયા કરતાં એમને પક્ષીઓએ કોચીને નીચે પાડેલાં ફળ વધુ ગમે છે. કહેશે : ' કાચું ફળ તોડાય નહીં; એને ઝાડની ડાળ પર પાકવા દેવું જોઈએ. પાવડર નાખીને નહી.'

પરમ કોઈ દલાલ સાથે ચર્ચામાં ઉતરતો નથી. એ માને છે કે કૃત્રીમ ભાવવધારા માટે જમીનના દલાલો જવાબદાર છે.

'અને એક મકાન હોવા છતાં બીજું ખરીદનારાઓ પણ.' – ચારુબાએ કહેલું.

પરમના મીત્રોના ફોન આવે અને એ નમસ્તે કહે તો ચારુબા એનું નામ પુછે. બાકી પરમને જાણ કરે : 'તારો ફોન છે બેટા, આપી જાઉં કે –'

પરમ પગથીયાં ઉતરતો દોડી આવે.

એનાં માતાપીતા જાણતાં હતાં કે પરમને પરદેશ મોકલવા અંગે મા સમ્મત નહીં થાય. દાદાજી પણ જવાબમાં મૌન પાળશે. પણ પરમ અમેરીકાની કોઈ ઉત્તમ યુનીવર્સીટીમાંથી એમ. એસ., પીએચ. ડી.ની ડીગ્રી લઈ આવે તો એની કારકીર્દી બની જાય. ચારપાંચ યુનીવર્સીટીઓમાં અરજી કરી હતી. પ્રવેશ મળી ગયો છે. વીઝા માટે જવાનું થયું ત્યારે પરમે દાદીમાને પગે લાગી આશીર્વાદ માંગ્યા.
‘તારે સાચે જ જવું છે, બેટા?’

‘વીઝા મળશે એની ક્યાં ખાતરી છે?’

‘તો તું આશીર્વાદ શેના માંગે છે?’

પરમ પકડાઈ ગયો હતો. દાદીમાના આશીર્વાદ હોય તો પછી વીઝા મળવા અંગે શંકા કરાય ખરી? એ નીચું જોઈને ઉભો હતો. દાદીમાએ એને માથે હાથ મુક્યો હતો. વીઝા માટે રુબરુ મુલાકાતની તારીખ મળતાં પરમનાં માતાપીતા પણ એની સાથે જોડાયાં હતાં.
મુલાકાત લેનાર અધીકારી મહીલા હતાં. પરમની યોગ્યતાની વીગતો વાંચતાં એમણે પુછ્યું : ‘ભણવા જવું છે કે કમાવા?’

‘મેં ભણવા માટે જ દાદીમા પાસે આશીર્વાદ માગ્યા છે.’ – સાંભળતાં જ મહીલાએ પરમની સામે જોયું. પછીના પ્રશ્નોમાં નર્યો સદ્ ભાવ હતો. સહુ કહે છે : પરમની આંખો

ચારુબાની આંખોની યાદ આપે છે. એની મમ્મીની આંખો તો ગોગલ્સના પડદા પાછળ રહે છે.

પરમ સસ્તી ટીકીટની તપાસ કરતો હતો. 'સસ્તી શા માટે? વાજબી અને સલામત એર લાઈન્સ શોધવી જોઈએ.' – દાદાજીએ કહેલું. ચારુબા હજી જાતને ઠસાવી શક્યાં ન હતાં : 'તારે સાચે જ જવું છે, બેટા?'

મૌન. દાદાજી પણ છાપામાં આંખો સંતાડે છે. થોડી વાર પછી કહે છે : 'પરમ બેંગલોર ભણવા જાય કે ન્યુ યૉર્ક, શો ફેર પડે છે? અને હવે તો લેપટૉપમાં વાત કરતાં એકમેકને જોઈ પણ શકાય છે!'

'એ ખરું પણ માથે, બરડે હાથ ફેરવવાનું મન થાય ત્યારે – '

'રડી લેવું. કાલે તો ઉંઘમાં રડતાં હતાં –'

પરમ ટ્રાવેલ કંપની સાથેની વાત અધુરી મુકી બેસી રહ્યો. એને પ્રશ્ન પણ થયો હતો : પોતાને ફાવશે ત્યાં?

ત્યાં એક ફોન આવ્યો હતો. પરમ એના રુમમાં ગયો હતો. અભીનંદનના ફોન આવે છે. મોટે ભાગે છોકરાઓના હોય છે. કેટલાક સાથે ફેસબુક પર વાતો થતી હોય છે.

'હવે પરમ મોટી દુનીયામાં પગ મુકશે.' – દાદાજી સ્વસ્થ હતા.

'મારી દુનીયા નાની છે?'

'મારા માટે તો નાની નહોતી; પણ તમે ચીંતા ન કરો, એ ભણીને પાછો આવશે.'

'પરણી ગયો હોત તોયે મન મનાવત. આ તો એકલો –'

' તો તમે કેમ કન્યા શોધી ન આપી? તમારી પસંદગીનો એ  વીરોધ ન કરત.'

'મને એમ કે સાથે ભણનારમાંથી કોઈક–'

હળવી પળોમાં દાદાદાદી પરમની ચીંતા ભુલી ગયાં. દાદાજીના કહેવા મુજબ પરમ પ્રેમ વીશે બોલીને ઈનામ ભલે જીતી લાવે; પણ સામે ચાલીને એ કોઈના પ્રેમમાં પડે એવો નથી. સીવાય કે કોઈ એના પ્રેમમાં પડે... પણ પરમ તો જરુર કરતાંયે ઓછું બોલે છે... તોય બધા અને જ ટીમનો આગેવાન બનાવે છે... હા, કદાચ એટલે જ. ઓછું બોલનાર અન્યની વધુ નજીક રહે છે.

ચારુબા આ ક્ષણે સાંભળતાં હતાં ઓછું. એમને અમેરીકાના ઠંડા ઓરડામાં પૌત્ર એકલો અટુલો દેખાતો હતો. એને ફક્ત ચા બનાવતાં આવડે છે... ખાશે શું?

ટીકીટ લેવાઈ ગઈ હતી. છેલ્લા દીવસોમાં ઘર મહેમાનોથી છલકાતું રહ્યું. ઘરે–બહાર પાર્ટીઓ પણ ચાલતી હતી. બહારગામથીયે ભેટ આવતી હતી. વજન કરી કરીને બૅગ ભરાતી ગઈ હતી.

www.gujaratilexicon.com

એરપોર્ટ પર દાદાદી ન આવે તો ચાલે, એવો અભીપ્રાય સૌનો હતો; પણ પરમે ના પાડી ન હતી. એણે પહેરેલું પહેરણ ચારુબા પહેલીવાર જોતાં હતાં.

‘ક્યારે ખરીદ્યું?’

‘ભેટ આવેલું છે,’ પરમની મમ્મીએ કહેલું. ચારુબાએ પ્રશ્નની ઝલક સાથે નજર કરી હતી. જવાબ નહોતો મળ્યો. ‘ખબર હોય તો બોલેને!’ – ચારુબાએ પુત્રવધુની સામે ઠપકાની નજરે જોયું હતું.

બધાં રાતના ત્રણ વાગ્યા સુધી એરપોર્ટ પર રોકાયાં હતાં. પરમ દાદાજીને ભેટી ખુબ રડ્યો હતો. સ્વજનો અને મીત્રો વચ્ચે આમ હવે પહેલીવાર રડ્યો હતો. બે ડુસકાં વચ્ચે બોલ્યો હતો : ‘દાદા, બાને સાચવજો...’

દાદા સમજતા હતા : આ ઉદ્ગારમાં આજ સુધી પામેલા વાત્સલ્યનો પડઘો છે. ચારુબા પરમની મમ્મી સાથે બૅગ સાચવતાં ઉભાં હતાં; તેથી તેમણે પરમને રડતો સાંભળ્યો કે જોયો નહોતો. એમણે પોતે ન રડવાની મક્કમતા ટકાવી રાખી હતી. અગાઉ ભગવાનના દીવા આગળ અને સપનામાં રડી લીધું હતું.

ઘરે આવ્યા પછી એમને એકાએક થાક લાગ્યો. પરમનું સ્કુટર જોતાં ધ્રાસકો પડ્યો. કેવી કાળજીથી એ ચલાવતો હતો! હવે? પાંપણો ભીની થઈ ગઈ.

ફરી સ્કુટર સામે જોવાની હીમ્મત ન ચાલી.

બીજે દીવસે તાવ આવ્યો. શરીર જકડાઈ ગયું.

માની લીધું કે થાકનો તાવ હશે. પણ ત્રીજા દીવસે પણ તાવ ન ઉતર્યો. ખાવાપીવામાં અરુચી જાગી. ડૉક્ટરે લોહીની તપાસ કરાવી. કશી બીમારી નથી. તોયે આશરે પડતી દવાઓ આપી. કશી અસર ન થઈ.

પરમ પહોંચી ગયો. એની સાથે ફોન પર વાત કરતાં ચારુબાએ અવાજ પર કાબુ રાખ્યો હતો. સલાહ આપી હતી : ‘ખાવાપીવામાં આળસ ન કરતો.’

પુત્રવધુએ પુછ્યું હતું : ‘રજા લઉં?’

જવાબમાં ચારુબા મોં ફેરવી જાય છે. વહુ કહે છે : ‘તમે પોતે કશું ખાતાંપીતાં નથી ને પરમને સલાહ આપો છો.’

‘એ જવાબદારી તો તારી છે. પણ તારે તો દીકરો પરદેશ ગયો એટલે તારી મહત્ત્વાકાંક્ષા સીદ્ધ થઈ ગઈ. જા, તું તારે ઑફીસે. હમણાં તો વાતનો વીષય મળી ગયો છે ને!’

અહીં દાદાજી હસ્તક્ષેપ કરે છે. પુત્રવધુને ઑફીસે વીદાય કરીને, દવાની ગોળી અને પાણી લઈ આવે છે. સ્થીર ઉભા રહે છે.

ચારુબા માથે ઓઢી લે છે. ‘મારે ઘેનમાં પડી રહેવું નથી. જાગીએ તો જ પ્રાર્થના ચાલુ રહે. પ્રભુ સાચવશે પરમને.’

‘અત્યારે તો તમને સાચવવાની જરુર છે... આમ ને આમ પડી રહેશો તો ડૉક્ટરને ઘરે બોલાવવા પડશે. અમે બધાં દીવસમાં એક વાર પરમ સાથે લેપટૉપ પર એકમેકને જોઈને વાત કરીએ છીએ. એ વખતે તમે ઉઠતાં નથી. તમારી બીમારી છુપાવવા અમારે બહાનાં શોધવાં પડે છે. મને લાગે છે : ‘એ પામી ગયો છે. અમે ખોટું બોલવાનું શરુ કર્યું છે.’

એ પછીના ત્રીજે દીવસે એક કૉલેજકન્યા બારણે આવીને ઉભી રહે છે : ‘ હું પ્રીયંકા, પરમની મીત્ર છું. એણે મને કામ સોંપ્યું છે. બાના થોડાક ફોટોગ્રાફ મારે એને મોકલવાના છે.’

‘ભલે, અંદર તો આવો.’ – દાદાજીએ આવકાર આપ્યો.

‘ક્યાં છે બા?’

‘આ રહ્યાં, જરા ઠીક નથી.’

‘પરમને એ જ શંકા હતી. બા સાજાં હોય અને વાત કરવાનું ટાળે એ શક્ય નથી.’ પ્રીયંકા ચારુબાના પલંગ પર બેસી જાય છે. એમના પગને પાવલે હાથ મુકે છે. ‘ તાવ

માપો છો કે પ્રણામ કરો છો?’ – દાદાજીને હળવેથી પુછી, બેસે છે.

‘મારે તો ક્યારનુંયે પગે લાગવા આવવું હતું; પણ પરમ લાવ્યો જ નહીં! વીજયપદ્મ અમને સહીયારું મળ્યું, તે દીવસે પણ કહે : ‘ હું તારે ત્યાં આવવાની જીદ કરું છું? કૉલેજનું કૉલેજમાં–’

‘તારી પાસે સરનામું ન હતું!’ ચારુબા બેઠાં થાય છે. – ‘એકલી આવી શકી હોત.’

‘જુઓને આજે પણ એકલી જ આવી છું. પરમની જેમ હુંયે એકલી રહેવા ટેવાયેલી છું. એની જેમ મારેયે કોઈ મીત્ર નથી. મને પરમની એકલતા ગમે છે. સ્પર્ધામાં અમે સામસામે પક્ષે હતાં; પણ બન્નેના ગુણ મળીને કૉલેજને વીજયપદ્મ પ્રાપ્ત થયું.’

‘અભીનન્દન પરમને પણ...’ ચારુબાના મોં પર ઘણા દીવસે સુરખી વરતાઈ.

‘શેના અભીનન્દન આપ્યાં?’ દાદાજી જાણીજોઈને ચોખવટ કરવા માંગતા હતા.

‘પરમ સામે સ્પર્ધામાં ઉતરનાર પ્રીયંકા એની એકલતાની કદર કરે છે એ જોઈને.’

‘પણ તમે તો સ્પર્ધામાં માનતાં નથી, સ્નેહમાં માનો છો?’ દાદાજી મનોમન પુછતા હોય તેમ નજર મેળવે છે.

'સ્પર્ધા પણ ક્યારેક સ્નેહમાં પરીણમે.' – ચારુબા મનોમન જવાબ આપે છે. ઓઢેલી શાલ વાળીને ખભે નાખે છે. પ્રીયંકા ફોટા પાડે છે. દાદાજી પ્રીયંકાને ચારુબા પાસે બેસાડી ફોટો પાડે છે. કહે છે : ' આ ફોટો પરમને મોકલશે તોય ચાલશે .'

–રઘુવીર ચૌધરી

નવેમ્બર ૨૦૧૨ના 'અખંડ આનન્દ'ના દીપોત્સવી અંકમાંથી લેખક શ્રી. રઘુવીરભાઈની પ્રેમાળ પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

સર્જક સમ્પર્ક : A-6, પુર્ણેશ્વર ફ્લેટસ, ગુલબાઈ ટેકરો, અમદાવાદ–380 015

Phone : (R) 079-2630 3132

Website : http://www.rangdwar.com/

eMail : rangdwar.prakashan@gmail.com

@@@

'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી અગીયાર ઈ–બુક બનાવી છે. ભાગ ૧ થી ૧૧. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના કે પહેલાંના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો :

ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com – સુરત